
ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# યોગવિવેકદ્વાત્રિંશિકા

શબ્દશઃ વિવેચન



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ વિરચિત
દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા અંતર્ગત

# યોગવિવેકદ્વાત્રિંશિકા

## શબ્દશઃ વિવેચન

✤ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ✤

**લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા**

✦ આશીર્વાદદાતા ✦

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ.પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** તથા
ષડ્દર્શનવેત્તા પ્રાવચનિક પ્રતિભાધારક સ્વ. પ.પૂ. મુનિપ્રવર
શ્રી **મોહજિતવિજયજી મહારાજ** તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
ગણિવર્ય પ.પૂ. શ્રી **યુગભૂષણવિજયજી મહારાજ**

✤ વિવેચનકાર ✤

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

✪ સંકલન-સંશોધનકારિકા ✪

પ.પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના
સામ્રાજ્યવર્તી ગચ્છાધિપતિ પ. પૂ. **હેમભૂષણસૂરીશ્વરજી** મહારાજના
આજ્ઞાવર્તિની તથા પ. પૂ. પ્રવર્તિની સાધ્વીજી **રોહિતાશ્રીજી** મહારાજના
શિષ્યા સાધ્વીજી **ચંદનબાલાશ્રી**

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**


વીર સં. ૨૫૩૩ ❖ વિ. સં. ૨૦૬૩

આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૫૦૦

મૂલ્ય રૂ. **૪૦-૦૦**

卐 **આર્થિક સહયોગ** 卐

વર્ધમાનતપોનિધિ પૂ. મુ.શ્રી નયભદ્રવિજયજી મ.સા.ના સદુપદેશથી પૂના-કલ્યાણ સોસાયટી આરાધક મંડળની બહેનોના જ્ઞાનખાતાની ઉપજમાંથી લાભ લીધો છે.

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

૫૧

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

✻ મુદ્રક ✻

**મુદ્રેશ પુરોહિત**

સૂર્યા ઓફસેટ, આંબલીગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 卐 પ્રાપ્તિસ્થાન 卐

*** અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧

**શ્રી નટવરભાઈ એમ. શાહ (આફ્રિકાવાળા)**
૯, પરિશ્રમ બેંક ઓફ ઈન્ડિયા સોસાયટી,
વિજયનગર ક્રોસીંગ પાસે, અમદાવાદ-૧૩.
☎ (૦૭૯) ૨૭૪૭૮૫૧૨

*** મુંબઈ :**

**શ્રી નિકુંજભાઈ આર. ભંડારી**
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
☎ (૦૨૨) ૨૨૮૧૪૦૪૮

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન, બીના જ્વેલર્સની
ઉપર, મલાડ (ઈ.), મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૯૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરુ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર,
જૈન દેરાસર પાછળ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

*** પૂના :**

**Shri Maheshbhai C. Patwa**
1/14, Vrindavan Society,
B/h. Mira Society, Nr. Anand Marg,
Off. Shankar Sheth Road,
Pune-411037.
☎ (020) 26436265

*** સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુ નિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧)-૩૦૧૩૨૪૪

*** રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧)-૨૨૩૩૧૨૦

*** BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. NEMKUMAR & COMPANY
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-53.
☎ (080)-(O) 22875262, (R) 22259925

*** જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્કસ
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થભૂત તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાય મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે, ઘણાં સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યાં છે, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યાં છે, તે અનુસાર કામ બહાર આવી રહ્યું છે અને ક્રમસર આવતું રહેશે. દરમ્યાન શ્રી સંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ સાહેબનાં તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મહારાજ સાહેબનાં જુદા જુદા વિષયો પરનાં અપાયેલાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મુખ્ય લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમ જ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત –

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વ્યાખ્યાનના ગ્રંથો

## ગુજરાતી

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી (મોટા પંડિત) મ. સા.**

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મ. સા.**

૧. યોગદષ્ટિસમુચ્ચય
૨. કર્મવાદ કર્ણિકા
૩. સદ્ગતિ તમારા હાથમાં !
૪. દર્શનાચાર
૫. શાસન સ્થાપના
૬. અનેકાંતવાદ
૭. પ્રશ્નોત્તરી
૮. ચિત્તવૃત્તિ
૯. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૦. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૧. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૨. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૩. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૪. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૫. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય

**પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મ. સા. સંપાદિત**

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વ્યાખ્યાનના ગ્રંથો

### हिन्दी

**व्याख्यानकार :- प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी (नाना पंडित) म.सा.**

१. जैनशासन स्थापना
२. चित्तवृत्ति
३. श्रावक के बारह व्रत एवं विकल्प
४. प्रश्नोत्तरी

**संपादक :- प. पू. गणिवर्य श्री अरिहंतसागरजी महाराज साहब**

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

૧. શ્રી સમેતશિખરજીની સંવેદના — સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૨. શ્રી નવપદ આરાધના વિધિ — સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વિવેચનના ગ્રંથો

### ગુજરાતી

**વિવેચનકાર :– પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન (અપ્રાપ્ય)
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ‘દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા’ ગ્રંથની ‘યોગવિવેકદ્વાત્રિંશિકા’ના શબ્દશઃ વિવેચનના સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક

**શ્રુતસદનના સૂત્રધાર ઉપાધ્યાયજી મહારાજા :-**

આજથી લગભગ ૩૫૦ વર્ષો પૂર્વે યશોદેહે થયેલા ઈતરધર્મના પંડિતો પાસે જૈનશાસનની વિજયપતાકા સ્થાપિત કરવાના કારણે કાશીના ધુરંધર વિદ્વાનો દ્વારા ‘ન્યાયાચાર્ય’ અને ‘ન્યાયવિશારદ’નું બિરુદ પામેલા, ગંગાનદીના કિનારે ऐँ કારના જાપથી સરસ્વતી દેવીને પ્રસન્ન કરીને ‘સરસ્વતીપુત્ર’ તરીકે સુપ્રસિદ્ધ થયેલ, ગૌરવવંતા જૈન ઈતિહાસમાં ‘લઘુહરિભદ્ર’ના ઉપનામથી બિરદાવાયેલા, સ્વપરદર્શન નિષ્ણાત, પ્રકાંડ વિદ્વાન, સમર્થ સાહિત્યસર્જક, મહાજ્ઞાનનિધાન મહાપુરુષ એટલે “મહોપાધ્યાય શ્રીમદ્ **યશોવિજયજી** મહારાજા.”

તેમણે પોતાની જિંદગીની પળેપળને સાર્થક કરીને સચોટ, સ્પષ્ટ, સંદેહમુક્ત, વિસ્તૃત, વિપુલ જૈન સાહિત્યનું સર્જન કર્યું છે અને આગમગ્રંથોના સૂક્ષ્મતમ પદાર્થોના રહસ્યો આપણા સુધી પહોંચાડ્યા છે. પોતાના ઘણા ગ્રંથો ઉપર ગ્રંથમાં નિહિત પદાર્થ અને પરમાર્થને પ્રગટ કરતી સ્વોપજ્ઞ ટીકાઓ પણ તેઓએ રચી છે. તેમના ગ્રંથોના મુખ્ય વિષયો ન્યાય, આગમ, યોગ, ભક્તિ અને આચાર આદિ છે, જેને અનુલક્ષીને તેઓશ્રીએ અનેક નાના-મોટા ગ્રંથોનું સર્જન કર્યું છે. આવું અદ્ભુત શાસ્ત્રજ્ઞાન ધરાવનાર વર્તમાનકાળમાં તેમના પછી કોઈ થયા નથી, એવા તેઓ પ્રખર બુદ્ધિશાળી હોવાથી તેમનું વચન ટંકશાળી અને સર્વમાન્ય ગણાય છે.

પૂર્વધરોનું જ્ઞાન કેવું હોય, તેની ઝાંખી કરાવનારા આ કાળમાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજા થયા. આગમગ્રંથોનું અમીપાન કરી આગમોનું પરિશીલન કરી, દોહન કરી વિપુલ સાહિત્યનું સર્જન તેઓ શ્રીમદે કર્યું છે, હજારો શાસ્ત્રો તેઓ ક્યારે ભણ્યા, ક્યારે પરિશીલન કર્યું અને ક્યારે સર્જન કર્યું તેની કલ્પના પણ આપણા જેવાને આવી શકતી નથી. તેઓ સ્વયં વિશ્વાસપૂર્વક કહી શક્યા છે કે **“વાણી વાચક જસ તણી, કોઈ નયે ન અધૂરી રે.”**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણું કમભાગ્ય છે કે પૂજ્યશ્રીના ઘણા ગ્રંથો માત્ર ૩૫૦ વર્ષના ટૂંકા ગાળામાં લુપ્તપ્રાયઃ થઈ ગયા; આમ છતાં વર્તમાનકાળે તેઓશ્રીનું જે સાહિત્ય ઉપલબ્ધ છે તે પણ પરમાત્મ પ્રકાશિત સત્યરાહ બતાવવામાં મહાન ઉપકારક છે. જીવન ટૂંકું અને કાર્ય ઘણું કરવાનું હોવાથી જાણે પૂજ્યશ્રીએ સંક્ષિપ્ત વાક્યોમાં ઘણું રહસ્ય ઠાંસી ઠાંસીને ભરી દીધું છે. નવ્યન્યાયની શૈલી તેમના ગ્રંથોમાં ગૂંથાયેલી છે. તેથી મોટે ભાગે ચતુર્વિધ સંઘમાં આ ગ્રંથોનું વાચન ઓછું થાય છે, તોપણ આનંદની વાત છે કે યોગમાર્ગના અર્થી જ્ઞાનરુચિ, તત્ત્વરુચિ જીવો આવા ઉચ્ચકોટિના ગ્રંથોનું ઘણા પરિશ્રમથી પરિશીલન કરી સ્પષ્ટ સચોટ માર્ગને પામી યોગમાર્ગની આરાધના, સાધના કરે છે અને કરાવે છે.

## ‘દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા’ : યોગવિવેકદ્વાત્રિંશિકા :-

સર્વનયમયી વાણી વહાવનાર મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાની એક અદ્ભુત અમરકૃતિરૂપ **‘દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા’** ગ્રંથ ૫૦૫૦ શ્લોકપ્રમાણ અદ્ભુત અર્થગંભીર અને મનનીય ‘તત્ત્વાર્થદીપિકા’ નામની સ્વોપજ્ઞવૃત્તિથી સમલંકૃત છે. પૂજ્યશ્રીએ શ્રુતસાગરની અગાધ જલરાશિને વલોવીને નિષ્પન્ન અમૃતને આ ગ્રંથગાગરમાં આપણને પીરસ્યું છે. તેઓશ્રીની એક એક કૃતિ Master Piece - બેનમૂન નમૂનારૂપ છે, જે તેમના ઉચ્ચ બૌદ્ધિક સ્તરના દર્શન આપણને કરાવે છે. આ ગ્રંથનું અધ્યયન કરતાં અદ્ભુત પદાર્થોનું યુક્તિસભર નિરૂપણ જોઈ ગ્રંથકાર શ્રીઉપાધ્યાયજી **યશોવિજયજી** મહારાજાની તર્કશક્તિને, તીવ્ર મેધાશક્તિને બિરદાવ્યા વિના રહી શકાતું નથી.

આ આગમગ્રંથ નથી, પરંતુ આગમગ્રંથોના રહસ્યોનું ઉદ્ઘાટન કરે તેવો સરળ અર્થબોધક ગ્રંથ છે. માટે જ ઉપાધ્યાયજી મહારાજે પણ માત્ર દુર્ગમ અને દુર્બોધ શબ્દોનું ટીકામાં સ્પષ્ટીકરણ કરેલ છે. **‘દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા ગ્રંથ’** સમ્યગ્જ્ઞાનનો દરિયો છે. તેમાં આગમના ગંભીર પદાર્થો, યોગમાર્ગના અતીન્દ્રિય ભાવો, દાર્શનિક પદાર્થો અને આચારસંહિતા પણ ગૂંથાયેલી છે. તેમજ અનેક મહત્ત્વના પદાર્થોનું સંકલન અને વિશદીકરણ પણ આ ગ્રંથરત્નમાં કરવામાં આવ્યું છે. જેમ પૂ. સુરિપુરંદર શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજે સ્વરચિત ગ્રંથો ષોડશક પ્રકરણ, અષ્ટક પ્રકરણ, વિંશતિવિંશિકા આદિ ગ્રંથોના નામાભિધાન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેના વિવિધ શ્લોકસમૂહને આશ્રયીને આપેલ છે, તેમ અહીં વિવિધ વિષયોને નિરૂપણ કરતાં ચોક્કસ અંકસંલગ્ન ૩૨ પ્રકરણને રચ્યાં અને એક એકમાં ૩૨-૩૨ શ્લોકોનાં ઝૂમખાં મૂકવા દ્વારા મુખ્ય ૩૨ વિષયોની સાંગોપાંગ અને અર્થગંભીર વિશદ છણાવટ કરેલ છે, એવો આ મહાન ગ્રંથ છે. ટૂંકમાં પ્રસ્તુત કૃતિ **'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા'** યોગ, આગમ અને તર્ક-યુક્તિના શિરમહોર સમાન એક અણમોલ, અનુપમ અને અદ્ભુત મહાન ગ્રંથ છે. ખરેખર જ, આ શાસ્ત્રોનો વારસો આ કલિકાળમાં આપણને પ્રાપ્ત ન થયો હોત તો આપણે આત્મકલ્યાણ સાધી ન શકત. વર્તમાનમાં તત્ત્વ કે સાર પામવા માટે આલંબનરૂપ આ ગ્રંથ અનેક શાસ્ત્રોના નિચોડરૂપ અમૂલ્ય ખજાનો છે.

દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા ગ્રંથનું આ ૧૯મું પ્રકરણ **'યોગવિવેકદ્વાત્રિંશિકા'** છે, જેમાં ૧૮મી યોગભેદદ્વાત્રિંશિકામાં અધ્યાત્માદિ પાંચ યોગના ભેદો બતાવ્યા, તે યોગભેદોનો વિશદ બોધ કરાવવા તેના અવાંતર જુદા જુદા ભેદોને અનેક રીતે બતાવીને યોગનો સાંગોપાંગ બોધ કરાવવા ગ્રંથકારશ્રીએ યત્ન કરેલ છે. એ રીતે યોગનો અર્થી જીવ યોગવિવેકનું વિજ્ઞાન કરે તો યોગમાર્ગનો પક્ષપાત વધે, તેમ યોગમાર્ગનો વિશદ બોધ થવાને કારણે યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવામાં પ્રતિબંધક એવા ક્લિષ્ટકર્મોનું વમન થાય અને ક્લિષ્ટકર્મોનું વમન થવાથી જીવ શક્તિ અનુસાર યત્ન કરે તો તેવા યતમાન યોગી ઉત્તરોત્તર અધિક અધિક યોગમાર્ગને પામીને પરમાનંદને પ્રાપ્ત કરે છે, એ વાત ગ્રંથકારશ્રીએ સ્વયં અંતિમ શ્લોકમાં કહેલ છે.

પૂજ્યશ્રીના દરેક ગ્રંથની શરૂઆત સરસ્વતીના બીજમંત્રરૂપ **ऐँ** શબ્દથી હોય છે અને દરેક બત્રીશીના અંતમાં **'परमानन्द'** શબ્દ જોવા મળે છે, તે એક વિશેષતા છે.

૧૮મી **યોગભેદબત્રીશી**માં યોગના અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય, એમ પાંચ ભેદો બતાવ્યા. **"યોગ એટલે મોક્ષને અનુકૂળ એવી જીવની પરિણતિ"**, તે મોક્ષને અનુકૂળ એવી જીવની પરિણતિરૂપ યોગનો અન્ય અન્ય રીતે વિભાગ કરીને યોગના જુદા જુદા અનેક પ્રકારો પ્રસ્તુત ૧૯મી **યોગવિવેકબત્રીશી**માં બતાવેલ છે. તેમાં સૌ પ્રથમ સંપૂર્ણ યોગમાર્ગને ત્રણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભાગમાં આવરી લેતા (૧) **ઈચ્છાયોગ**, (૨) **શાસ્ત્રયોગ** અને (૩) **સામર્થ્યયોગ**નું સ્વરૂપ બતાવેલ છે. (૧) **ઈચ્છાયોગ**ના વર્ણનમાં કહ્યું કે યોગના સેવનની ઈચ્છાપૂર્વક શક્તિ અનુસાર યોગનું સેવન ઈચ્છાયોગ છે. 'અવિકલ પણ સ્વલ્પ અંગનો ઈચ્છાયોગમાં અંતર્ભાવ થાય છે', એ કથનનો તાત્પર્યાર્થ સ્પષ્ટતાપૂર્વક ખોલેલ છે, (૨) **શાસ્ત્રયોગના** વર્ણનમાં કહ્યું છે કે જિનપ્રવચન પ્રત્યેની રુચિ, જિનપ્રવચનના અર્થનો જિનવચનાનુસાર સુદૃઢ પ્રવૃત્તિ કરાવે તેવો કુર્વદ્રૂપત્વવાળો બોધ જેમને છે, તેવા સાધક આત્માઓની પોતાની શક્તિને ગોપવ્યા વગર શાસ્ત્રથી નિયંત્રિત મન, વચન અને કાયાની પ્રવૃત્તિ, જે અનુષ્ઠાન સેવવાનું છે, તે અનુષ્ઠાનવિષયક પ્રવર્તતી હોય તો તે અનુષ્ઠાનનું સેવન શાસ્ત્રયોગ છે. વળી (૩) **સામર્થ્યયોગ**ના વર્ણનમાં સામર્થ્યયોગ કઈ રીતે શાસ્ત્રઅતિક્રાંતવિષયવાળો છે, પ્રાતિભજ્ઞાનગમ્ય છે; જેમ અરુણોદય દિવસ અને રાત્રિથી અપેક્ષાએ પૃથક્ છે અને અપેક્ષાએ પૃથગ્ નથી, તેમ પ્રાતિભજ્ઞાન શ્રુતજ્ઞાનથી અને કેવલજ્ઞાનથી કથંચિદ્ ભિન્ન છે અને કથંચિદ્ ભિન્ન નથી અર્થાત્ અભિન્ન છે; પાતંજલાદિ વડે ઋતંભરાદિ, તારકાદિ શબ્દોથી વાચ્ય સામર્થ્યયોગનું જ્ઞાપકપણું છે; આ સર્વ વર્ણન સચોટ યુક્તિપૂર્વક બતાવેલ છે. આવા ઉત્તમ સામર્થ્યયોગની પ્રાપ્તિ (૧) **આગમથી**, (૨) **અનુમાનથી** અને (૩) **ધ્યાનાભ્યાસ**ના રસથી થાય છે.

વળી **ધર્મસંન્યાસસંજ્ઞિત** અને **યોગસંન્યાસસંજ્ઞિત** એમ બે પ્રકારના સામર્થ્યયોગનું સ્વરૂપ અને ફળ બતાવેલ છે તથા આ સામર્થ્યયોગ તાત્ત્વિક ક્યારે કહેવાય અને અતાત્ત્વિક ક્યારે કહેવાય તે વર્ણવેલ છે.

વળી **આયોજ્યકરણ**નું સ્વરૂપ બતાવતાં કહ્યું કે કેવલજ્ઞાનના ઉપયોગ દ્વારા અચિંત્ય વીર્યના પરાક્રમથી ભવોપગ્રાહી કર્મોને તે પ્રકારે વ્યવસ્થાપન કરીને ક્ષપણ કરવાનો વ્યાપાર તે આયોજ્યકરણ છે. ત્યારપછી અધ્યાત્માદિ પાંચ યોગભેદમાં –

- તાત્ત્વિક અને અતાત્ત્વિક યોગનું સ્વરૂપ,
- તાત્ત્વિક અને અતાત્ત્વિક યોગના નિશ્ચયનયથી અને વ્યવહારનયથી અધિકારીનું સ્વરૂપ,
- સાનુબંધ અને નિરનુબંધ યોગનું સ્વરૂપ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✦ સાશ્રવયોગ અને અનાશ્રવયોગનું સ્વરૂપ,
✦ સાશ્રવયોગ અને અનાશ્રવયોગ કોને કોને હોય તેનું સ્વરૂપ,
✦ શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી અને શાસ્ત્રસાપેક્ષ યોગના અનધિકારીનું સ્વરૂપ,
✦ ઈચ્છાયમ, પ્રવૃત્તિયમ, સ્થૈર્યયમ અને સિદ્ધિયમનું સ્વરૂપ,
✦ યોગાવંચકયોગ, ક્રિયાવંચકયોગ અને ફલાવંચકયોગનું સ્વરૂપ.

આ બધા ભિન્ન ભિન્ન પ્રકારે યોગના ભેદોનું વર્ણન કરીને ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજાએ છેલ્લે કહ્યું કે "અધ્યાત્માદિ યોગના પાંચ ભેદોમાં અન્ય અન્ય યોગોના વિભાગનું યોજન કરીને બતાવ્યું, એ પ્રકારના યોગના વિવેકના વિજ્ઞાનથી વમન કરાયેલ પાપવાળા, શક્તિ અનુસાર યત્ન કરતા સાધકયોગી પરમાનંદને પ્રાપ્ત કરે છે."

મારી અત્યંત નાદુરસ્ત તબિયત થઈ જવાથી જંઘાબળ ક્ષીણ થતા અમદાવાદ મુકામે પૂજ્યોની આજ્ઞાથી સ્થિરવાસ રહેવાનું બન્યું અને જ્ઞાનનિધિ, પ્રજ્ઞાધનસંપન્ન **પં. પ્રવીણભાઈ** પાસે યોગવિષયક અને અધ્યાત્મવિષયક સંવેગ-વૈરાગ્યવર્ધક ગ્રંથોના વાચનનો સુંદર સુયોગ પ્રાપ્ત થયો. ગ્રંથવાચન કરતા કરતા જે જે ગ્રંથોનું વાચન થયું તે તે ગ્રંથોની રોજેરોજના પાઠની સંકલના પણ સાથે સાથે સ્વસ્વાધ્યાય માટે કરી, એ ગ્રંથો યોગવિંશિકા, અધ્યાત્મોપનિષત્, અધ્યાત્મમત-પરીક્ષા ભાગ-૧, ૨, ૩ સમ્યક્ત્વષટ્સ્થાનચઉપઈ, આરાધક-વિરાધક ચતુર્ભંગી, કૂપદૃષ્ટાંતવિશદીકરણ, પ્રતિમાશતક ભાગ-૧, ૨, ૩ પ્રકાશિત થયા તથા ૧૮મી યોગભેદદ્વાત્રિંશિકાનું અને આ ૧૯મી યોગવિવેકદ્વાત્રિંશિકાનું શબ્દશઃ વિવેચન પ્રકાશિત થઈ રહ્યું છે. પ્રતિમાશતક ગ્રંથના ભા. ૪નું પણ શબ્દશઃ વિવેચનની સંકલનાનું કાર્ય ચાલી રહ્યું છે તથા 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા' ગ્રંથની અન્ય દ્વાત્રિંશિકાઓનું શબ્દશઃ વિવેચન પણ લખાઈ રહ્યું છે, જે અવસરે અવસરે ગીતાર્થ ગંગા ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થશે.

આ બત્રીશીના ગુજરાતી વિવેચનના પ્રૂફસંશોધન કાર્યમાં શ્રુતોપાસક સુશ્રાવક **શ્રી શાંતિભાઈ શિવલાલ શાહ**નો સુંદર સહયોગ પ્રાપ્ત થયો છે અને તેઓએ પણ પોતાને આવા ઉત્તમ ગ્રંથરત્નના સ્વાધ્યાયની અને વાચનની અમૂલ્ય તક સાંપડી તે બદલ ધન્યતા અને ઉપકૃતતાની લાગણી અનુભવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાદુરસ્ત રહેતી તબિયતમાં પણ પરમાત્માની કૃપા, ગુરુકૃપા, શાસ્ત્રકૃપા અને ગ્રંથકારની કૃપાથી ગ્રંથના શબ્દશઃ વિવેચનની સંકલનાનો આ પ્રયાસ યથાશક્તિ સફળ થયો છે. ગ્રંથના વિવરણમાં કે સંકલન-સંપાદન-સંશોધનાદિ કાર્યમાં સર્વજ્ઞકથિત પદાર્થોનું ક્યાંય અવમૂલ્યન ન થઈ જાય તે માટે પૂરો પ્રયત્ન કરેલ હોવા છતાં છદ્મસ્થતાને કારણે કોઈ ત્રુટિ રહી હોય કે તરણતારણ શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ અનાભોગથી ક્યાંય પદાર્થનું નિરૂપણ થયેલ હોય તો ત્રિવિધે ત્રિવિધે 'મિચ્છા મિ દુક્કડં' માંગું છું અને શ્રુતવિવેકીજનો તેનું પરિમાર્જન કરે એમ ઈચ્છું છું.

પ્રાંતે સ્વઅધ્યાત્માદિ યોગોની પ્રાપ્તિ માટે કરાયેલ આ પ્રયાસ સ્વ-પર ઉપકારક બને અને ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગની પ્રાપ્તિ થાય તેવું ચૈત્યવંદનાદિવિષયક અનુષ્ઠાનનું સેવન થાય, તાત્ત્વિક, સાનુબંધ અને અનાશ્રવ યોગની પ્રાપ્તિ થાય, શાસ્ત્રસાપેક્ષ યોગની અધિકારિતાની પ્રાપ્તિ થાય અને આ રીતે યોગના વિવેકના વિજ્ઞાનથી મને અને યોગમાર્ગની પ્રાપ્તિના ઈચ્છુક સર્વ સાધકયોગીને યોગમાર્ગનો પક્ષપાત વધે અને યોગમાર્ગનો વિશદ બોધ થવાને કારણે યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવામાં પ્રતિબંધક ક્લિષ્ટકર્મોનો નાશ થાય અને યોગમાર્ગમાં પ્રતિબંધક એવા ક્લિષ્ટકર્મોનો નાશ થવાથી સ્વશક્તિ અનુસાર ઉત્તરોત્તર અધિક અધિક યોગમાર્ગને પામીને પરમાનંદની=મોક્ષસુખની, પ્રાપ્તિ થાય એ જ શુભ અભ્યર્થના.

**'कल्याणमस्तु सर्वजीवानाम्'**

**મહા વદ-૬, વિ. સં. ૨૦૬૨,**
**તા. ૧૯-૨-૨૦૦૬**
**એફ-૨, જેઠાભાઈ પાર્ક,**
**નારાયણનગર રોડ,**
**પાલડી, અમદાવાદ-૭.**

વ્યાખ્યાનવાચસ્પતિ પ.પૂ.આ. શ્રી **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના સામ્રાજ્યવર્તી ગચ્છાધિપતિ પ.પૂ. **હેમભૂષણસૂરિ** મહારાજના આજ્ઞાવર્તિની તથા પ.પૂ. સમતામૂર્તિ પ્રવર્તિની સા. **રોહિતાશ્રીજી** મહારાજના શિષ્યા સા. **ચંદનબાલાશ્રી**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## : 'યોગવિવેકદ્વાત્રિંશિકા'ના પદાર્થોની સંકલના :

૧૮મી યોગભેદબત્રીશીમાં યોગના અધ્યાત્માદિ પાંચ ભેદો બતાવ્યા.

યોગ એટલે મોક્ષને અનુકૂળ એવી જીવની પરિણતિ અને તે પરિણતિ તરતમતાના ભેદથી અનેક ભેદવાળી છે અને તે પરિણતિને અધ્યાત્માદિ પાંચ ભેદરૂપે ૧૮મી યોગભેદબત્રીશીમાં બતાવ્યા. હવે મોક્ષને અનુકૂળ એવી જીવની પરિણતિને અન્ય અન્ય રીતે વિભાગ કરીને યોગના અનેક પ્રકારો પ્રસ્તુત ૧૯મી યોગવિવેકબત્રીશીમાં બતાવેલ છે. તેમાં સૌ પ્રથમ યોગમાર્ગને ત્રણ ભેદમાં વિભાગ કરીને બતાવેલ છે.

**ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગરૂપ ત્રણ યોગભેદો :-**

**ઈચ્છાયોગ :-** શાસ્ત્રાનુસારી યોગમાર્ગની પ્રવૃત્તિ કરવાની બલવાન ઈચ્છા હોવા છતાં બોધની વિકલતાને કારણે અથવા તો બોધ વિકલ ન હોય તોપણ પ્રમાદને કારણે યોગમાર્ગની કાંઈક ત્રુટિત પ્રવૃત્તિ થાય તે ઈચ્છાયોગ છે. આ ઈચ્છાયોગને સેવીને સાધક યોગી શાસ્ત્રયોગની શક્તિનો સંચય કરે છે.

**શાસ્ત્રયોગ :-** પરિપૂર્ણ શાસ્ત્રાનુસારી અનુષ્ઠાન કરીને આત્મામાં જ્યારે યોગની પરિણતિ પ્રગટે છે ત્યારે શાસ્ત્રયોગ આવે છે. શાસ્ત્રના વચનાનુસાર પ્રવૃત્તિ છે પ્રધાન જેમાં એવો જે યોગ તે શાસ્ત્રયોગ છે. તેથી શાસ્ત્રયોગમાં શાસ્ત્રવચનાનુસાર અખંડ આરાધના હોય છે.

**સામર્થ્યયોગ :-** શાસ્ત્રે બતાવેલી દિશાથી શાસ્ત્રાનુસારી અખંડ પ્રવૃત્તિ કરનારા યોગીઓને જ્યારે શક્તિનો ઉદ્રેક થાય છે, ત્યારે પ્રાયઃ સામર્થ્યયોગ પ્રગટે છે. આ સામર્થ્યયોગમાં શક્તિના પ્રકર્ષથી મોહના ઉચ્છેદ માટે યત્ન હોય છે. જે યત્નના બળથી જીવ મોહનો ઉચ્છેદ કરીને સ્વસ્વરૂપમાં વિશ્રાંત થાય છે.

મોહના ઉન્મૂલનને અનુકૂળ સામર્થ્ય છે જેમાં એવો જીવનો મોક્ષને અનુકૂળ વ્યાપાર તે સામર્થ્યયોગ છે. સામર્થ્યયોગમાં વર્તતા યોગીઓ અનવરત અસંગભાવમાં સુદઢ યત્ન કરીને મોહનું ઉન્મૂલન કરે છે. ક્ષપકશ્રેણિકાળમાં આ સામર્થ્યયોગ આવે છે અને શુક્લધ્યાનના મહાયત્નસ્વરૂપ આ સામર્થ્યયોગ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સામર્થ્યયોગ બે પ્રકારનો છે :-

(૧) ક્ષપકશ્રેણિકાળમાં વર્તતો સામર્થ્યયોગ

(૨) યોગનિરોધકાળમાં વર્તતો સામર્થ્યયોગ

ક્ષપકશ્રેણિકાળમાં વર્તતા પ્રથમ સામર્થ્યયોગથી મોહનું ઉન્મૂલન થાય છે અને જીવ વીતરાગ સર્વજ્ઞ બને છે.

યોગનિરોધકાળમાં વર્તતા બીજા સામર્થ્યયોગથી કર્મબંધના કારણીભૂત યોગવ્યાપારનો નિરોધ થાય છે અને સર્વ કર્મનો નાશ થાય છે, તેનું ફળ સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ છે.

આ રીતે યોગમાર્ગને ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગરૂપ ત્રણ વિભાગમાં વિભક્ત કરીને યોગના ત્રણ ભેદો બતાવ્યા.

**તાત્ત્વિક, અતાત્ત્વિક બે યોગભેદો :-** યોગમાર્ગના વિશદ બોધ અર્થે અધ્યાત્માદિ પાંચ ભેદવાળા યોગને તાત્ત્વિક, અતાત્ત્વિક એમ બે ભેદરૂપે વિભાગ કરીને બતાવેલ છે.

**તાત્ત્વિક યોગ :-** કોઈપણ નયથી મોક્ષની સાથે આત્માને યોજનના ફળવાળો એવો જીવનો વ્યાપાર તે તાત્ત્વિક યોગ કહેવાય છે.

**અતાત્ત્વિક યોગ :-** મોક્ષના કારણીભૂત એવા અનુષ્ઠાનો સેવાતા હોય છતાં મોક્ષની સાથે યોજન કરે તેવી પરિણતિનો લેશ પણ અંશ જેમાં નથી, એવી યોગમાર્ગની આચરણાને અતાત્ત્વિક યોગ કહેવાય છે.

અપુનર્બંધકની અને સમ્યગ્દૃષ્ટિની યોગમાર્ગની આચરણા વ્યવહારનયથી અધ્યાત્મ અને ભાવનારૂપ તાત્ત્વિક યોગ છે. વળી દેશવિરતિધર અને સર્વવિરતિધર એવા ચારિત્રીની યોગમાર્ગની આચરણા નિશ્ચયનયથી અધ્યાત્મ અને ભાવનારૂપ તાત્ત્વિક યોગ છે.

સકૃદ્બંધકાદિ જીવોની યોગમાર્ગની આચરણા વ્યવહારનયથી કે નિશ્ચયનયથી અતાત્ત્વિક યોગ છે; કેમ કે, બાહ્ય આચરણા હોવા છતાં મોક્ષને અનુકૂળ સમ્યક્ પરિણામના સ્પર્શ વગરની તેમની પ્રવૃત્તિ છે.

વળી વિશુદ્ધ ચારિત્રવાળાને ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષયરૂપ તાત્ત્વિક યોગ હોય છે. ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય - આ ત્રણ યોગો અતાત્ત્વિક હોતા નથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય - આ ત્રણ યોગો અપુનર્બંધક અને સમ્યગ્દૃષ્ટિને પણ હોતા નથી, પરંતુ ધ્યાનાદિ ત્રણ યોગો વિશિષ્ટ શુદ્ધિવાળા ચારિત્રીને હોય છે.

**સાનુબંધ, નિરનુબંધ બે યોગભેદો :–** તાત્ત્વિક, અતાત્ત્વિક યોગના ભેદોને બતાવ્યા પછી યોગમાર્ગનો વિશદ બોધ કરાવવા અર્થે યોગમાર્ગના સાનુબંધ અને નિરનુબંધ એમ બે ભેદોથી યોગમાર્ગનું સ્વરૂપ બતાવેલ છે.

**સાનુબંધ યોગ :-** અપાયરહિત યોગ સાનુબંધ યોગ છે.

**નિરનુબંધ યોગ :-** અપાયસહિત યોગ નિરનુબંધ યોગ છે.

**અપાયનું સ્વરૂપ :-** યોગમાર્ગની પ્રવૃત્તિ શરૂ થયા પછી યોગમાર્ગની પરિસમાપ્તિ થતાં પૂર્વે યોગના બાધક એવા નિરુપક્રમ કર્મો તે અપાય છે, જે વિશિષ્ટ પ્રકારના અનુષ્ઠાન કે વિશિષ્ટ પ્રકારની ચેષ્ટાથી પણ ઉચ્છેદ ન પામી શકે તેવા હોય. તેથી તે કર્મો પોતાના વિપાકને બતાવીને યોગીને કિંચિત્ કાળ સુધી યોગમાર્ગથી દૂર કરે છે, તેથી નિરનુબંધયોગવાળા યોગી યોગમાર્ગનો પ્રારંભ કર્યા પછી નિષ્ઠા સુધી પહોંચતા નથી, પરંતુ કિંચિત્ કાળના વિલંબથી તૂટેલો એવો યોગમાર્ગ ફરી શરૂ થાય ત્યારે તે યોગી યોગમાર્ગની પ્રવૃત્તિ કરીને યોગમાર્ગની પરિસમાપ્તિ કરે છે અને મોક્ષરૂપ ફળને પામે છે.

સાનુબંધયોગવાળા યોગીને યોગમાર્ગમાં બાધક એવા નિરુપક્રમ કર્મ નહિ હોવાથી યોગમાર્ગને પ્રાપ્ત કર્યા પછી અવિરત યોગમાર્ગની પ્રવૃત્તિ કરીને મોક્ષરૂપ ફળને પ્રાપ્ત કરે છે.

**સાશ્રવ અને અનાશ્રવ બે યોગભેદો :–** યોગમાર્ગના સાનુબંધ અને નિરનુબંધ એવા બે ભેદો બતાવ્યા પછી સાશ્રવ અને અનાશ્રવ ભેદથી યોગમાર્ગના બે ભેદો બતાવેલ છે.

**સાશ્રવ યોગ :-** જે યોગમાર્ગના સેવનમાં પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય છે, તે સાશ્રવ યોગ છે.

**અનાશ્રવ યોગ :-** જે યોગમાર્ગના સેવનમાં પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થતો નથી, પરંતુ નિર્જરા દ્વારા મોક્ષપ્રાપ્તિનું કારણ બને છે, તે અનાશ્રવ યોગ છે.

આ અનાશ્રવ યોગ બારમા ગુણસ્થાનકથી વીતરાગને હોય છે. બારમા ગુણસ્થાનકની પૂર્વે અનાશ્રવ યોગ હોતો નથી. વળી બારમા, તેરમા ગુણસ્થાનકે રહેલા વીતરાગને પણ યોગકૃત કર્મબંધ છે. તેથી બારમા, તેરમા ગુણસ્થાનકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેલા યોગીને સાશ્રવ યોગ કહેવો જોઈએ. આમ છતાં તત્ત્વાંગપ્રાપક એવા વ્યવહારનયથી=નિશ્ચયપ્રાપક એવા વ્યવહારનયથી, બારમા, તેરમા ગુણસ્થાનકવાળા યોગીને અનાશ્રવ યોગ સ્વીકારેલ છે.

વળી સાપાય યોગીને ઘણા જન્મને કરનારો એવો સાશ્રવ યોગ હોય છે અને ચરમશરીરીને બારમા ગુણસ્થાનકની પ્રાપ્તિ પૂર્વે સાશ્રવ યોગ હોવા છતાં બારમા અને તેરમા ગુણસ્થાનકમાં નિશ્ચયપ્રાપક વ્યવહારનયથી અનાશ્રવ યોગ હોય છે.

**શાસ્ત્રસાપેક્ષ યોગમાર્ગના અધિકારી અનધિકારી બે યોગભેદો :-**

યોગમાર્ગના સાશ્રવ અને અનાશ્રવ બે યોગભેદો બતાવ્યા પછી શાસ્ત્રસાપેક્ષ યોગમાર્ગના અધિકારી કોણ છે અને શાસ્ત્રસાપેક્ષ યોગમાર્ગના અધિકારી કોણ નથી ? તે બતાવવા દ્વારા યોગના બે ભેદોને બતાવેલ છે.

**શાસ્ત્રસાપેક્ષ યોગના અનધિકારી :-**

(૧) ગોત્રયોગી અયોગી હોવાને કારણે શાસ્ત્રસાપેક્ષ યોગના અનધિકારી છે અને નિષ્પન્નયોગીને યોગની સિદ્ધિ થયેલી હોવાથી શાસ્ત્રસાપેક્ષ યોગના અનધિકારી છે.

(૨) ગોત્રયોગીમાં મલિનતા હોવાને કારણે શાસ્ત્રના ઉપદેશ દ્વારા તેમનામાં યોગમાર્ગ પ્રગટ થતો નથી, માટે તેઓ યોગના અનધિકારી છે.

સામર્થ્યયોગવાળા યોગીઓને યોગમાર્ગ પ્રકર્ષથી નિષ્પન્ન થયેલો છે, તેથી સામર્થ્યયોગવાળા યોગીઓને અસંગઅનુષ્ઠાનનો પ્રવાહ સતત વર્તે છે, તેથી શાસ્ત્રવચનના બળથી તેમનામાં કોઈ અતિશયતા આવતી નથી, માટે સામર્થ્યયોગવાળા યોગીઓ શાસ્ત્રસાપેક્ષ યોગના અનધિકારી છે.

**શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી :-**

શાસ્ત્રવચનના ઉપદેશથી જેમને યોગમાર્ગની પ્રાપ્તિ થાય અને પ્રાપ્ત થયેલો યોગમાર્ગ શાસ્ત્રના બળથી ઉત્તરોત્તર વૃદ્ધિ પામે એવા યોગીઓ શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી છે.

કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી છે. જે જીવો યોગીના કુળમાં જન્મેલા છે એવા દ્રવ્યથી કુલયોગીઓ શાસ્ત્રવચન સાંભળીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે તેવા હોય છે, તેથી તેવા દ્રવ્યથી કુલયોગીઓ શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી છે.

વળી કેટલાક કુલયોગીઓ યોગમાર્ગની આચરણા કરનારા છે, તેઓ ભાવથી કુલયોગી છે. તેમને પણ શાસ્ત્રનો ઉપદેશ પ્રાપ્ત થાય તો તેમના યોગમાર્ગમાં અતિશયતા આવે છે, તેથી ભાવથી કુલયોગી શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી છે.

વળી પ્રવૃત્તચક્રયોગીઓ યોગમાર્ગમાં સતત પ્રવૃત્તિ કરનારા છે, આમ છતાં શાસ્ત્રવચનોને સાંભળીને તેઓના બોધમાં અતિશયતા થાય છે અને યોગમાર્ગની પ્રવૃત્તિમાં પણ અતિશયતા થાય છે. તેથી પ્રવૃત્તચક્રયોગી પણ શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી છે.

**શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી યોગાવંચક જીવો :-**

કેટલાક જીવો યોગીના કુળમાં જન્મેલા ન હોય, યોગીના કુળની આચરણા પણ કરતા ન હોય, તેથી દ્રવ્યથી કુલયોગી પણ નથી અને ભાવથી કુળયોગી પણ નથી. વળી યોગમાર્ગમાં સુદૃઢ પ્રવૃત્તિ કરનારા એવા પ્રવૃત્તચક્રયોગી પણ નથી. આમ છતાં ભાવમળની અલ્પતાને કારણે યોગાવંચક યોગને પામેલા છે અને ક્રિયાવંચક અને ફલાવંચક યોગને પામશે, તેવા ચિલાતીપુત્ર વગેરે જીવો શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી છે.

આનાથી એ ફલિત થયું કે કુલયોગી, પ્રવૃત્તચક્રયોગી અને કેટલાક આદ્ય અવંચકયોગની પ્રાપ્તિવાળા જીવો શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી છે અને ગોત્રયોગી આર્યદેશમાં જન્મેલા હોવા છતાં યોગમાર્ગને અભિમુખ એવી શુદ્ધિવાળા નહિ હોવાથી શાસ્ત્રસાપેક્ષ યોગમાર્ગના અનધિકારી છે. વળી સામર્થ્યયોગવાળા નિષ્પન્ન યોગીને શાસ્ત્રવચનથી ઉપકાર થતો નહિ હોવાથી શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી નથી.

છદ્મસ્થતાને કારણે પ્રસ્તુત વિવેચનમાં વીતરાગ ભગવંતની આજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ અજાણતાં કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે 'મિચ્છા મિ દુક્કડં' માંગું છું.

**વિ. સં. ૨૦૬૨, તિથિ-મહા વદ-૬,** **- પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**તા. ૧૯-૨-૨૦૦૬,**

**૩૦૨, વિમલવિહાર,**

**સરસ્વતી સોસાયટી, પાલડી,**

**અમદાવાદ-૭.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૯મી યોગવિવેકબત્રીશીમાં આવતા યોગભેદોનો સંક્ષિપ્ત-સુગમ ટ્રીરૂપે બોધ

## યોગમાર્ગ

**ત્રણ વિભાગમાં વિભક્ત : શ્લોક-૧ થી ૧૨**

(૧) ઈચ્છાયોગ

↓

- યોગના સેવનની ઈચ્છાપૂર્વક બોધની વિકલતાને કારણે અથવા પ્રમાદને કારણે યોગમાર્ગની કાંઈક ત્રુટિત પ્રવૃત્તિ.

(૨) શાસ્ત્રયોગ

↓

- શાસ્ત્રને પરતંત્ર એવું યોગનું સેવન
- શાસ્ત્રવચનાનુસાર અખંડ આરાધના.

(૩) સામર્થ્યયોગ

↓

- સામર્થ્યના પ્રકર્ષપૂર્વક મોહના ઉન્મૂલનની પ્રવૃત્તિ
- અનવરત અસંગભાવમાં સુદૃઢ યત્નપૂર્વક મોહનું ઉન્મૂલન.

(૧) ક્ષપકશ્રેણીમાં વર્તતો સામર્થ્યયોગ.
ફળ : વીતરાગ-સર્વજ્ઞપણાની પ્રાપ્તિ.

(૨) યોગનિરોધકાળમાં વર્તતો સામર્થ્યયોગ.
ફળ : સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અધ્યાત્માદિ પાંચ ભેદવાળા યોગનો તાત્ત્વિકયોગરૂપે અને અતાત્ત્વિકયોગરૂપે વિભાગ : શ્લોક-૧૩**

(૧) તાત્ત્વિકયોગ
↓
કોઈપણ નયથી મોક્ષની સાથે આત્માને યોજન કરે એવો જીવનો વ્યાપાર.

(૨) અતાત્ત્વિકયોગ
↓
મોક્ષના કારણીભૂત અનુષ્ઠાનોનું સેવન હોવા છતાં મોક્ષની સાથે યોજન કરે એવી પરિણતિનો લેશ પણ અંશ જેમાં નથી એવી યોગમાર્ગની આચરણા.

**અધ્યાત્મ અને ભાવનાયોગનો તાત્ત્વિકયોગરૂપે અને અતાત્ત્વિકયોગરૂપે વિભાગ : શ્લોક-૧૪-૧૫**

તાત્ત્વિકયોગ

- વ્યવહારનયથી અપુનર્બંધક અને સમ્યગ્દૃષ્ટિની યોગમાર્ગની આચરણા.
- નિશ્ચયનયથી દેશવિરતિધર અને સર્વવિરતિધર એવા ચારિત્રીની યોગમાર્ગની આચરણા.

અતાત્ત્વિકયોગ

- સકૃદ્બંધકાદિ જીવોની યોગમાર્ગની આચરણા.

**ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષયરૂપ પારમાર્થિક એકસ્વરૂપવાળો તાત્ત્વિકયોગ : શ્લોક-૧૬**

↓
વિશિષ્ટ શુદ્ધિવાળા ચારિત્રીને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## યોગમાર્ગના બે ભેદો : શ્લોક-૧૭

(૧) સાનુબંધ
↓
અપાયરહિત યોગ
↓
યોગમાર્ગમાં બાધક નિરુપક્રમ કર્મ નહિ હોવાથી યોગમાર્ગને પ્રાપ્ત કર્યા પછી અવિરત યોગમાર્ગની પ્રવૃત્તિ કરીને મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ.

(૨) નિરનુબંધ
↓
અપાયસહિત યોગ
↓
નિરુપક્રમ કર્મ અપાયરૂપ હોવાથી કિંચિત્કાળના વિલંબથી ત્રુટિત મોક્ષમાર્ગ ફરી શરૂ થાય ત્યારે યોગમાર્ગની પરિસમાપ્તિ કરી મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ.

## યોગમાર્ગના બે ભેદો : શ્લોક-૧૮

(૧) સાશ્રવ
↓
જે યોગમાર્ગના સેવનમાં પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય.

- સાપાય યોગીને ઘણા જન્મને કરનારો સાશ્રવયોગ.
- ચરમશરીરીને ૧૨મા ગુણસ્થાનકની ગુણસ્થાનક-પ્રાપ્તિ પૂર્વે સાશ્રવયોગ.

(૨) અનાશ્રવ
↓
જે યોગમાર્ગના સેવનમાં પુણ્યાનુબંધી પુણ્યનો બંધ ન થાય.

- નિરપાય યોગીને એકજન્મને કરનારો અનાશ્રવયોગ.
- તત્ત્વાંગપ્રાપક વ્યવહારનયથી ૧૨-૧૩મા ગુણસ્થાનકવાળાને અનાશ્રવયોગ.
- નિશ્ચયનયથી ૧૪મા વાળાને અનાશ્રવયોગ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## યોગમાર્ગના બે ભેદો : શ્લોક-૧૯ થી ૨૪

(૧) શાસ્ત્રસાપેક્ષ યોગના અનધિકારી

- (૧) ગોત્રયોગી → મલિનતા હોવાથી યોગમાર્ગ પ્રગટ થતો નથી તેથી યોગના અનધિકારી
- (૨) નિષ્પન્નયોગી → સામર્થ્યયોગવાળા યોગીઓને યોગમાર્ગ પ્રકર્ષથી નિષ્પન્ન થયેલો હોવાથી અનધિકારી

(૨) શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી

- (૧) કુલયોગી
  - (૧) દ્રવ્યથી – યોગીકુળમાં જન્મેલા અને યોગીઓના ધર્મને અનુસરનારા
    - • સર્વત્ર અદ્વેષયુક્ત, • ગુરુ-દેવ-દ્વિજપ્રિય, • દયાળુ • વિનીત, • બોધયુક્ત • જિતેન્દ્રિય
  - (૨) ભાવથી – યોગમાર્ગની આચરણા કરનારા
    - • ઈચ્છાયમ, પ્રવૃત્તિયમ અને સિદ્ધિયમના અર્થી • શુશ્રૂષાદિ ગુણોથી યુક્ત
- (૨) પ્રવૃત્તચક્રયોગી – યોગમાર્ગમાં સતત પ્રવૃત્તિ કરનારા
- (૩) યોગાવંચક જીવો

યોગીકુળમાં જન્મેલા નથી, તેથી દ્રવ્યથી કુળયોગી નથી. યોગીના કુળની આચરણા કરતા નથી, એટલે ભાવથી કુળયોગી પણ નથી. આમ છતાં ભાવમળની અલ્પતાને કારણે યોગાવંચકયોગને પામેલા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચાર પ્રકારના યમોનું સ્વરૂપ : શ્લોક-૨૬-૨૭-૨૮**

(૧) ઈચ્છાયમ
↓
- યમવાળાની કથાથી થયેલી પ્રીતિથી યુક્ત એવી યમોમાં ઈચ્છા અને શક્તિ અનુસાર યમોનું સેવન.

(૨) પ્રવૃત્તિયમ
↓
- શમસંયુત એવું યમોનું જે પાલન.

(૩) સ્થિરયમ
↓
- વિશિષ્ટ ક્ષયોપશમના ઉત્કર્ષથી અતિચારાદિની ચિંતાથી રહિત યમનું સેવન.

(૪) સિદ્ધિયમ
↓
- અચિંત્ય શક્તિના યોગને કારણે શુદ્ધ અંતરાત્મવાળા યોગીઓની પરાર્થને સાધનારી યમની સેવા.

**ત્રણ પ્રકારના યોગનું સ્વરૂપ : શ્લોક-૨૯-૩૦-૩૧**

(૧) યોગાવંચક યોગ
↓
- દર્શનથી પવિત્ર, કલ્યાણસંપન્ન એવા ઉત્તમ પુરુષોની સાથે ગુણવાનપણારૂપે દર્શનથી સંબંધ.

(૨) ક્રિયાવંચકયોગ
↓
- મહાપાપના=નીચગોત્રના ક્ષયની ઉત્પત્તિ છે જેનાથી એવો સંતોને અત્યંત બહુમાનથી પ્રણામાદિ કરવાનો નિયમ.

(૩) ફલાવંચકયોગ
↓
- ઉત્તમ પુરુષો પાસેથી અવશ્યપણાથી ધર્મની સિદ્ધિના વિષયમાં સાનુબંધ ફળની પ્રાપ્તિ.

**- પૂ. રોહિતાશ્રી શિષ્યાણુ**
**સા. ચંદનબાલાશ્રી**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા


| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | ત્રણ પ્રકારના યોગ<br>(i) ઈચ્છાયોગ,<br>(ii) શાસ્ત્રયોગ અને<br>(iii) સામર્થ્યયોગ. | ૧-૩ |
| ૨. | (1) ઈચ્છાયોગનું સ્વરૂપ. | ૩-૭ |
| ૩. | અવિકલ પણ સ્વલ્પ અંગનો ઈચ્છાયોગમાં અંતર્ભાવ. | ૭-૧૧ |
| ૪. | (2) શાસ્ત્રયોગનું સ્વરૂપ. | ૧૧-૧૩ |
| ૫. | (3) સામર્થ્યયોગનું સ્વરૂપ. | ૧૩-૧૬ |
| ૬. | શાસ્ત્રઅતિક્રાંત વિષયવાળો સામર્થ્યયોગ. | ૧૭-૨૧ |
| ૭. | પ્રાતિભજ્ઞાનગમ્ય સામર્થ્યયોગ. | ૨૧-૨૪ |
| ૮. | પ્રાતિભજ્ઞાન શ્રુતજ્ઞાનથી અને કેવલજ્ઞાનથી<br>કથંચિદ્ ભિન્ન અને કથંચિદ્ અભિન્ન. | ૨૫-૨૮ |
| ૯. | પાતંજલાદિ વડે ઋતંભરાદિ શબ્દોથી વાચ્ય<br>સામર્થ્યયોગનું જ્ઞાપકપણું. | ૨૮-૩૦ |
| ૧૦. | આગમથી, અનુમાનથી અને ધ્યાનાભ્યાસના રસથી<br>ઉત્તમ યોગની પ્રાપ્તિ. | ૩૦-૩૨ |
| ૧૧. | (i) ધર્મસંન્યાસ સંજ્ઞિત અને<br>(ii) યોગસંન્યાસ સંજ્ઞિત<br>બે પ્રકારના સામર્થ્યયોગનું સ્વરૂપ. | ૩૨-૩૫ |
| ૧૨. | (i) પ્રથમ અપૂર્વકરણમાં અતાત્ત્વિક સામર્થ્યયોગ અને દ્વિતીય અપૂર્વકરણમાં તાત્ત્વિક સામર્થ્યયોગ.<br>(ii) પ્રવ્રજ્યાકાળમાં જ્ઞાનયોગ પ્રતિપત્તિરૂપ અતાત્ત્વિક સામર્થ્યયોગ.<br>(iii) આયોજ્યકરણનું સ્વરૂપ. | ૩૫-૪૪ |
| ૧૩. | (i) તાત્ત્વિકયોગ અને<br>(ii) અતાત્ત્વિકયોગનું સ્વરૂપ. | ૪૪-૪૬ |
| ૧૪. | તાત્ત્વિક અધ્યાત્મયોગ અને ભાવનાયોગના | |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| | વ્યવહારનયથી અને નિશ્ચયનયથી અધિકારી. | ૪૭-૪૮ |
| ૧૫. | અતાત્ત્વિક અધ્યાત્મયોગ અને ભાવનાયોગના અધિકારી. | ૪૯-૫૧ |
| ૧૬. | પારમાર્થિક એકસ્વરૂપવાળા | |
| | (i) ધ્યાનયોગ | |
| | (ii) સમતાયોગ અને | |
| | (iii) વૃત્તિસંક્ષયયોગના અધિકારી. | ૫૧-૫૩ |
| ૧૭. | (i) સાનુબંધયોગ અને | |
| | (ii) નિરનુબંધયોગનું સ્વરૂપ. | ૫૫-૫૭ |
| ૧૮. | (i) સાશ્રવયોગ અને | |
| | (ii) અનાશ્રવયોગનું સ્વરૂપ. | ૫૮-૬૪ |
| ૧૯. | શાસ્ત્રસાપેક્ષ યોગના અનધિકારી | |
| | (i) ગોત્રયોગી અને | |
| | (ii) નિષ્પન્નયોગીનું સ્વરૂપ. | ૬૫-૬૯ |
| ૨૦. | શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી | |
| | (i) કુલયોગી અને | |
| | (ii) પ્રવૃત્તચક્રયોગી. | ૬૯-૭૧ |
| ૨૧. | કુલયોગીનું સ્વરૂપ. | ૭૧-૭૩ |
| ૨૨. | ભાવથી કુલયોગીનું સ્વરૂપ. | ૭૩-૭૫ |
| ૨૩. | પ્રવૃત્તચક્રયોગીનું સ્વરૂપ. | ૭૫-૭૭ |
| ૨૪. | શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી એવા યોગાવંચકનું સ્વરૂપ. | ૭૭-૮૦ |
| ૨૫. | (i) ચાર પ્રકારના યમો. | |
| | (ii) ત્રણ અવંચકના નામો. | ૮૧-૮૨ |
| ૨૬. | (i) ઈચ્છાયમનું સ્વરૂપ. | |
| | (ii) પ્રવૃત્તિયમનું સ્વરૂપ. | ૮૨-૮૬ |
| ૨૭. | સ્થિરયમનું સ્વરૂપ. | ૮૭-૮૮ |
| ૨૮. | સિદ્ધિયમનું સ્વરૂપ. | ૮૮-૯૦ |
| ૨૯. | યોગાવંચકયોગનું સ્વરૂપ. | ૯૦-૯૧ |
| ૩૦. | ક્રિયાવંચકયોગનું સ્વરૂપ. | ૯૨-૯૩ |
| ૩૧. | ફલાવંચકયોગનું સ્વરૂપ. | ૯૩-૯૪ |
| ૩૨. | યોગવિવેકબત્રીશીનું નિગમન. | ૯૪-૯૫ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।

ॐ ऐँ नमः ।

महामहोपाध्यायश्रीमद्यशोविजयवाचकविरचिता

स्वोपज्ञवृत्तियुता

# द्वात्रिंशद्द्वात्रिंशिका

अन्तर्गत

# योगविवेकद्वात्रिंशिका-१९

**૧૮મી યોગભેદબત્રીશી સાથે પ્રસ્તુત યોગવિવેકબત્રીશીનું યોજન :-**

अध्यात्मादीन् योगभेदानुपदर्श्य तदवान्तरनानाभेदप्रदर्शनेन तद्विवेकमेवाह -

**અર્થ :-**

**અધ્યાત્માદિ યોગભેદોને બતાવીને તેના અવાંતર વિવિધ ભેદોના પ્રદર્શનથી= બતાવવાથી, યોગના વિવેકને જ=કયા યોગો સદ્ છે અને કયા યોગો આભાસિક છે, વળી કયા યોગો કોનામાં અંતર્ભાવ પામે છે એ પ્રકારના યોગવિષયક વિવેકને જ, ગ્રંથકારશ્રી કહે છે –**

**અવતરણિકા :-**

અપેક્ષાએ ત્રણ પ્રકારના યોગનું સ્વરૂપ ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

**इच्छां शास्त्रं च सामर्थ्यमाश्रित्य त्रिविधोऽप्ययम् ।**
**गीयते योगशास्त्रज्ञैर्निर्व्याजं यो विधीयते ।।१।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

इच्छां शास्त्रं च सामर्थ्यमाश्रित्य=ઈચ્છા, શાસ્ત્ર અને સામર્થ્યને આશ્રયીને यो निर्व्याजं विधीयते=જે નિર્વ્યાજ કરાય છે=નિષ્કપટ અનુષ્ઠાન સેવાય છે, योगशास्त्रज्ञैः=યોગશાસ્ત્રજ્ઞો વડે त्रिविधोऽप्ययम्=ત્રણે પ્રકારનો પણ આ=યોગ, કહેવાય છે. ।।૧।।

**શ્લોકાર્થ :-**

**ઈચ્છા, શાસ્ત્ર અને સામર્થ્યને આશ્રયીને જે નિર્વ્યાજ કરાય છે, યોગશાસ્ત્રજ્ઞો વડે ત્રણે પ્રકારનો પણ આ=યોગ, કહેવાય છે. ।।૧।।**

**ટીકા :-**

इच्छामिति-इच्छां शास्त्रं सामर्थ्यं चाश्रित्य त्रिविधोऽप्ययं=योगो, योगशास्त्रज्ञैर्गीयते, इच्छायोगः शास्त्रयोगः सामर्थ्ययोगश्चेति । यो निर्व्याजं निष्कपटं विधीयते, सव्याजस्तु योगाभासो गणनायामेव नावतरतीति ।।१।।

**ટીકાર્થ :-**

इच्छां ..... नावतरतीति ।। ઈચ્છા, શાસ્ત્ર અને સામર્થ્યને આશ્રયીને ત્રણે પ્રકારનો પણ આ=યોગ, યોગશાસ્ત્રના જાણનારાઓ વડે કહેવાય છે;

તે ત્રણ ભેદો બતાવે છે –

ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ.

इति શબ્દ ત્રણ ભેદોની સમાપ્તિસૂચક છે.

જે યોગ નિર્વ્યાજ=નિષ્કપટ કરાય છે=યોગના સેવનના આશયથી કરાય છે, અન્ય આશયથી નહિ. વળી સવ્યાજ=કપટસહિત યોગાભાસ, ગણનામાં જ=યોગની ગણનામાં જ, અવતાર પામતો નથી.

'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે. ।।૧।।

**ભાવાર્થ :-**

**ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગરૂપ ત્રણ પ્રકારનો યોગ :-**

૧૮મી યોગભેદબત્રીશીમાં યોગના પાંચ ભેદો બતાવ્યા. તે પાંચ ભેદોમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બતાવેલો યોગમાર્ગ અન્ય રીતે બતાવવાથી યોગમાર્ગનો વિશેષ રીતે બોધ થાય છે, તેથી યોગમાર્ગનો વિશેષ બોધ કરાવવા અર્થે તેને અન્ય રીતે બતાવતાં કહે છે -

(૧) યોગના સેવનની ઈચ્છાપૂર્વક શક્તિ અનુસાર યોગનું સેવન તે ઈચ્છાયોગ,

(૨) શાસ્ત્રને પરતંત્ર એવું યોગનું સેવન તે શાસ્ત્રયોગ અને

(૩) સામર્થ્યના પ્રકર્ષપૂર્વક મોહના ઉન્મૂલનની પ્રવૃત્તિ તે સામર્થ્યયોગ.

આ ત્રણને આશ્રયીને યોગમાર્ગ ત્રણ પ્રકારનો છે, એમ યોગશાસ્ત્રના જાણનારાઓ કહે છે.

આ ત્રણે પ્રકારના યોગનું સેવન નિર્વ્યાજ સેવાય છે અર્થાત્ મારે યોગ સેવીને સંસારનો અંત કરવો છે, તેવા આશયપૂર્વક સેવાય છે માટે તે યોગ છે; અને જે સવ્યાજ=કપટસહિત સેવાય છે અર્થાત્ સંસારને તરવાના આશયથી નહીં પણ અન્ય આશયથી હોવાથી યોગ નહિ હોવા છતાં કપટથી યોગ જણાય તે રીતે સેવાય છે તે યોગ નથી, પરંતુ બાહ્ય આચરણામાત્ર હોવાથી યોગાભાસ છે, તેથી યોગના ભેદમાં સવ્યાજ સેવાયેલા યોગની ગણના થતી નથી. **॥૧॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧માં ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ એમ ત્રણ પ્રકારનો યોગ છે તેમ બતાવ્યું. તેથી હવે ઈચ્છાયોગનું સ્વરૂપ ગ્રંથકારશ્રી બતાવે છે -**

**શ્લોક :-**

**चिकीर्षोः (चिकीर्षोस्तु) श्रुतशास्त्रस्य (श्रुतार्थस्य) ज्ञानिनोऽपि प्रमादिनः ।**
**कालादिविकलो योग इच्छायोग उदाहृतः ।।२।।**

**અન્વયાર્થ :-**

श्रुतार्थस्य चिकीर्षोस्तु=**શ્રુતઆગમવાળા=આગમાનુસાર કરવાની ઈચ્છાવાળા** ज्ञानिनोऽपि प्रमादिनः=**જ્ઞાની એવા પણ પ્રમાદીનો** कालादिविकलो योगः=**કાલાદિથી વિકલ=અસંપૂર્ણ એવો યોગ** इच्छायोग उदाहृतः=**ઈચ્છાયોગ કહેવાય છે. ।।૨।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**શ્રુતઆગમવાળા=આગમાનુસાર કરવાની ઈચ્છાવાળા એવા જ્ઞાની પણ પ્રમાદીનો કાલાદિથી વિકલ એવો યોગ ઈચ્છાયોગ કહેવાય છે. ।।૨।।**

❖ પ્રસ્તુત શ્લોકની ટીકામાં 'श्रुतशास्त्रस्य' ના સ્થાને 'श्रुतार्थस्य' ગ્રહણ કરીને અર્થ કર્યો છે. તે પ્રમાણે 'श्रुतार्थस्य' પાઠ હોવો જોઈએ અને તે પાઠ લેવાથી છંદોભંગ થાય છે. છતાં 'चिकीर्षोस्तु श्रुतार्थस्य' મૂળ શ્લોકમાં પાઠ ગ્રહણ કરીએ તો ટીકા મુજબ સંગત થાય છે. તેથી તે મુજબ પાઠ લઈને અમે અહીં અર્થ કરેલ છે.

**ટીકા :-**

चिकिर्षोरिति-चिकिर्षोः=तथाविधक्षयोपशमाभावेऽपि निर्व्याजमेव कर्तुमिच्छोः, श्रुतार्थस्य=श्रुतागमस्य, अर्यतेऽनेन तत्त्वमिति कृत्वा, अर्थशब्दस्यागमवचनत्वात्, ज्ञानिनोऽपि=अवगतानुष्ठेयतत्त्वार्थस्यापि, प्रमादिनो=विकथादिप्रमादवतः, कालादिना विकलः=असम्पूर्णः, योगः=चैत्यवन्दनादिव्यापारः इच्छायोग उदाहृतः=प्रतिपादितः ।।२।।

**ટીકાર્થ :-**

चिकीर्षोः ..... श्रुतागमस्य, **તેવા પ્રકારના ક્ષયોપશમનો અભાવ હોવા છતાં પણ=શાસ્ત્રાનુસારી અનુષ્ઠાન કરી શકે તેવા પ્રકારના અર્થાત્ આગમને પરતંત્ર થઈને અનુષ્ઠાનમાં યત્ન કરી શકે તેવા પ્રકારના, તત્ત્વસંવેદનરૂપ જ્ઞાનાવરણીયના અને વીર્યાંતરાયના ક્ષયોપશમનો અભાવ હોવા છતાં પણ, નિર્વ્યાજ જ કરવાની ઈચ્છાવાળાનો=શાસ્ત્રમાં કહેલ મર્યાદા કરતાં અન્ય સ્વમતિ પ્રમાણે કરવાની ઈચ્છારૂપ કપટથી નહિ પણ શાસ્ત્રાનુસારી જ કરવાની ઈચ્છાવાળાનો અર્થાત્ આગમને પરતંત્ર થઈને જ મારે આ અનુષ્ઠાન કરવું છે એવા અભિલાષવાળાનો, વિકલયોગ= ત્રુટિવાળો યોગ, ઈચ્છાયોગ છે, એમ અન્વય છે.**

વળી તે અનુષ્ઠાન કરવાની ઈચ્છાવાળા કેવા છે, તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે -

**શ્રુતઆગમવાળાનો=પોતે જે અનુષ્ઠાન કરવા ઈચ્છે છે તે અનુષ્ઠાન બતાવનાર આગમને જેણે સાંભળ્યું છે તેવા શ્રુતઆગમવાળાનો, વિકલયોગ=**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ત્રુટિવાળો યોગ, ઈચ્છાયોગ છે, એમ અન્વય છે.**

શ્રુતાર્થનો અર્થ કર્યો કે શ્રુતાગમવાળાનો, ત્યાં પ્રશ્ન થાય કે અર્થનો અર્થ આગમ કઈ રીતે થાય ? તેથી ગ્રંથકારશ્રી કહે છે --

**अर्यते ..... वचनत्वात्, 'આના વડે તત્ત્વ પ્રાપ્ત કરાય છે' એ પ્રકારની વ્યુત્પત્તિને આશ્રયીને અર્થ શબ્દનું આગમવચનપણું છે. તેથી श्रुतार्थस्य નો અર્થ श्रुतागमस्य કરેલ છે.**

વળી શ્રુતઆગમવાળા અને કરવાની ઈચ્છાવાળા એવા ઈચ્છાયોગી કેવા છે ? તે ગ્રંથકારશ્રી બતાવે છે --

**ज्ञानिनोऽपि ..... प्रतिपादितः ।।જ્ઞાની હોવા છતાં પણ પ્રમાદીનો=જાણ્યો છે અનુષ્ઠેય એવી ક્રિયાના તત્ત્વનો અર્થ જેણે એવા પણ વિકથાદિ પ્રમાદવાળાનો, કાલાદિથી વિકલ=કાલાદિથી અસંપૂર્ણ એવો, યોગ= ચૈત્યવંદનાદિ વ્યાપાર, ઈચ્છાયોગ કહેવાયો છે. ।।૨।।**

✤ ज्ञानिनोऽपि=अवगतानुष्ठेयतत्त्वार्थस्यापि, प्रमादिनः - અહીં 'अपि' થી એ સમુચ્ચય થાય છે કે અનુષ્ઠેય તત્ત્વનો અર્થ જેણે જાણ્યો નથી, તેવા અજ્ઞાનીનો તો વિકલયોગ ઈચ્છાયોગ છે, પરંતુ અનુષ્ઠેય તત્ત્વના અર્થને જેણે જાણ્યો છે, એવા પણ પ્રમાદીનો વિકલયોગ પણ ઈચ્છાયોગ છે.

✤ तथाविधक्षयोपशमाभावेऽपि - અહીં 'अपि' થી એ સમુચ્ચય થાય છે કે તેવા પ્રકારના ક્ષયોપશમનો અભાવ ન હોય તો તો નિર્વ્યાજ કરવાની ઈચ્છાવાળા છે, પરંતુ શાસ્ત્રાનુસારી અનુષ્ઠાન કરી શકે તેવા પ્રકારના ક્ષયોપશમનો અભાવ હોવા છતાં પણ શાસ્ત્રાનુસારી કરવાની ઈચ્છાવાળાનો વિકલયોગ ઈચ્છાયોગ છે.

✤ विकथादिप्रमादवतः - અહીં 'विकथादि' માં 'आदि' થી વિષય, કષાય અને નિદ્રારૂપ પ્રમાદનું ગ્રહણ સમજવું.

✤ कालादिना विकलो - અહીં 'कालादि' માં 'आदि' થી ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનના કાળ સિવાયના અન્ય અંગોનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

### (૧) ઈચ્છાયોગનું સ્વરૂપ :-

કોઈક તેવા પ્રકારના નિમિત્તને પામીને જીવે શાસ્ત્રનો પરમાર્થ સાંભળ્યો છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે આ સંસાર ચાર ગતિના પરિભ્રમણરૂપ છે અને ચાર ગતિના પરિભ્રમણરૂપ સંસારનો અંત કરવામાં ચૈત્યવંદનાદિ ક્રિયાઓ કારણ છે; અને ચૈત્ય=જિનપ્રતિમા, અને તેમને વંદનની ક્રિયા એટલે જિનપ્રતિમાને વંદનની ક્રિયા, અને તેના દ્વારા જેમની પ્રતિમા છે તેવા જિનને વંદનની ક્રિયા; અને આ વંદનની ક્રિયા શાસ્ત્રાનુસારી કરવામાં આવે તો સંસારનો અંત થાય છે, એ પ્રમાણે જે જીવે આગમનો અર્થ સાંભળ્યો છે, અને તેથી આગમને પરતંત્ર થઈને ચૈત્યવંદન કરી શકે તેવા પ્રકારનો ક્ષયોપશમ નહિ થયેલો હોવા છતાં નિર્વ્યાજ જ કરવાની ઈચ્છાવાળો છે, એવા જીવનો કાલાદિથી વિકલયોગ=ત્રુટિવાળો યોગ, તે ઈચ્છાયોગ છે.

આવા જીવોમાં કેટલાક જ્ઞાની પણ હોય અર્થાત્ આ ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન સમ્યગ્ કઈ રીતે નિષ્પન્ન થઈ શકે તે પ્રકારનો પારમાર્થિક બોધ પણ હોય, તેથી તે બોધ પ્રમાણે જો તેઓ ચૈત્યવંદન અનુષ્ઠાનમાં યત્ન કરે તો શાસ્ત્રવચનાનુસાર સ્થાન, ઊર્ણ, અર્થ અને આલંબનમાં યત્ન થાય અને તે અનુષ્ઠાન શાસ્ત્રયોગરૂપ બને. આમ છતાં તેવા પ્રકારના સત્ત્વનો હજુ પ્રકર્ષ થયો નથી, તેથી જ્ઞાની હોવા છતાં પણ તેઓ પ્રમાદવાળા છે. આવા જીવો ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન પરિપૂર્ણ શાસ્ત્રવિધિ અનુસાર કરી શકતા નથી, તેવા જીવોને ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનમાં કાલાદિ જે અંગો છે, તેમાંથી કોઈપણ અંગની વિકલતા હોય તો તે ઈચ્છાયોગ છે.

અહીં ઈચ્છાયોગ છે એમ કહ્યું, ત્યાં શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ ગૌણ છે અને ઈચ્છાયોગ પ્રધાન છે.

વસ્તુતઃ તે ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન શાસ્ત્ર પ્રમાણે કરવાની બલવાન ઈચ્છા છે, અને કાંઈક શાસ્ત્રાનુસારી યત્ન થાય છે, તોપણ સંપૂર્ણ શાસ્ત્રાનુસારી યત્ન થતો નથી, તેથી શાસ્ત્રયોગ ત્યાં ગૌણ છે અને ઈચ્છાયોગ પ્રધાન છે. વળી તે ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન કરતી વખતે કાંઈક યોગમાર્ગને અનુકૂળ સામર્થ્ય પ્રવર્તે છે, તોપણ ક્ષપકશ્રેણિ વખતે પ્રકર્ષથી જેવું સામર્થ્ય પ્રગટે છે, તેવું સામર્થ્ય ત્યાં નથી, તેથી સામર્થ્યયોગ પણ ત્યાં ગૌણ છે, આમ છતાં ભગવાને કહેલ યોગમાર્ગને સેવવાની ઈચ્છા બળવાન છે, તેથી ત્યાં ઈચ્છાની પ્રધાનતા છે, અને તે અનુષ્ઠાનથી કાંઈક યોગમાર્ગમાં પ્રવૃત્તિ પણ થાય છે. તેથી તે અનુષ્ઠાનકાળમાં મોક્ષને અનુકૂળ એવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિત્ત પ્રવર્તે છે, માટે ઈચ્છાયોગ છે.

આનાથી એ ફલિત થાય કે જે અનુષ્ઠાનના સેવનમાં મોક્ષને અનુકૂળ એવો લેશ પણ યત્ન નથી, ત્યાં ઈચ્છાયોગ પણ નથી; અને જેને શાસ્ત્રાનુસારી કરવાની બલવાન ઈચ્છા છે, આમ છતાં તથાવિધ શક્તિનો સંચય નહિ હોવાથી ત્રુટિત પણ કાંઈક શાસ્ત્રાનુસારી અનુષ્ઠાન કરે છે, તેઓનું ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન ઈચ્છાયોગ છે.

અહીં જેઓ જ્ઞાની નથી, છતાં આગમથી ચૈત્યવંદનના અનુષ્ઠાનનો મહિમા સાંભળીને ચૈત્યવંદન કરવાની ઈચ્છાવાળા થયા છે, પરંતુ સંપૂર્ણ શાસ્ત્રવિધિ અનુસાર ચૈત્યવંદન કેમ થાય ? તેવો બોધ નથી, તેવા જીવો અપ્રમાદથી કરતા હોય તોપણ પ્રાયઃ કરીને તેઓનું અનુષ્ઠાન વિકલ યોગ બને; કેમ કે અજ્ઞાનને કારણે પૂર્ણ શાસ્ત્રાનુસારી ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન તેઓ કરી શકતા નથી. તેથી અજ્ઞાનીના અપ્રમાદથી પણ કરાયેલા ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન ઈચ્છાયોગમાં અંતર્ભાવ પામે છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**प्रधानस्येच्छायोगत्वे तदङ्गस्यापि तथात्वमिति दर्शयन्नाह -**

**અવતરણિકાર્થ :-**

**પ્રધાનનું ઈચ્છાયોગપણું હોતે છતે, તેના અંગનું પણ=પ્રધાનના અંગનું પણ, તથાપણું છે=ઈચ્છાયોગપણું છે, એ પ્રમાણે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે -**

**અવતરણિકાનો ભાવાર્થ :-**

કોઈ સાધકે સંયમ ગ્રહણ કરેલ હોય, અને તે સંયમની ક્રિયા પરિપૂર્ણ શાસ્ત્રાનુસારી ન થતી હોય તો સંયમની ક્રિયા ઈચ્છાયોગ બને; અને તેવા ઈચ્છાયોગવાળા સાધકની પ્રધાન એવા સંયમના અંગભૂત એવી કોઈક અવાંતર ક્રિયા પૂર્ણ શાસ્ત્રાનુસારી થતી હોય તો તે ક્રિયા પણ ઈચ્છાયોગરૂપ છે, પરંતુ શાસ્ત્રયોગરૂપ નથી. તે બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોક :-**

साङ्गमप्येककं कर्म प्रतिपन्ने प्रमादिनः ।
नत्त्वेच्छायोगत इति श्रवणादत्र मज्जति ।।३।।

**અન્વયાર્થ :-**

प्रतिपन्ने=પ્રતિપન્ન કરાયે છતે=સ્વીકારાયે છતે=બહુકાળવ્યાપી પ્રધાન કર્મ સ્વીકારાયે છતે, प्रमादिनः=પ્રમાદવાળાનું, साङ्गमप्येककं कर्म=સાંગ પણ એક કર્મ=અવિકલ પણ એક કર્મ=પ્રધાન ક્રિયાના અંગભૂત એવી એક ક્રિયા, नत्वेच्छायोगतः=ઈચ્છાયોગથી નમસ્કાર કરીને इति श्रवणात्=એ પ્રમાણે શ્રવણ હોવાને કારણે=યોગદૃષ્ટિ ગ્રંથમાં શ્રવણ હોવાને કારણે, अत्र=અહીં= ઈચ્છાયોગમાં, मज्जति=અંતર્ભાવ પામે છે. ॥૩॥

**શ્લોકાર્થ :-**

**બહુકાળવ્યાપી પ્રધાન કર્મ સ્વીકારાયે છતે, પ્રમાદવાળાનું અવિકલ પણ એક કર્મ, 'ઈચ્છાયોગથી નમસ્કાર કરીને' એ પ્રમાણે યોગદૃષ્ટિ ગ્રંથમાં શ્રવણ હોવાને કારણે, ઈચ્છાયોગમાં અંતર્ભાવ પામે છે. ॥૩॥**

**ટીકા :-**

साङ्गमिति-साङ्गमपि=अङ्गसाकल्येनाविकलमपि, एककं=स्वल्पं किञ्चित् कर्म, प्रतिपन्ने=बहुकालव्यापिनि प्रधाने कर्मण्यादृते, प्रमादिनः=प्रमादवतः, "नत्वेच्छा-योगत" इति श्रवणादत्र इच्छायोगे निमज्जति=निमग्नं भवति, अन्यथा हीच्छायोगा-धिकारी भगवान् हरिभद्रसूरिर्योगदृष्टिसमुच्चयप्रकरणप्रारम्भे मृषावादपरिहारेण सर्वत्रौचित्यारम्भप्रदर्शनार्थं इत्यादि "नत्वेच्छायोगतोऽयोगम्" इत्यादि नाऽवक्षत्, वाग्नमस्कारमात्रस्याल्पस्य विधिशुद्धस्यापि सम्भवात्, प्रतिपन्नस्वपर्यायान्तर्भूतत्वेन च प्रकृतनमस्कारस्यापीच्छायोगप्रभवत्वमदुष्टमिति विभावनीयम् ।।३।।

**ટીકાર્થ :-**

साङ्गमपि ..... भवति, પ્રતિપન્ન કરાયે છતે=બહુકાળવ્યાપી પ્રધાન કર્મ સ્વીકારાયે છતે, પ્રમાદવાળાનું સાંગ પણ એક કર્મ=અંગસાકલ્યથી અવિકલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પણ એક કર્મ=પ્રધાન ક્રિયાના અવયવભૂત સ્વલ્પ કાંઈક કર્મ, 'ઈચ્છાયોગથી નમસ્કાર કરીને' એ પ્રમાણે શ્રવણ હોવાને કારણે=યોગદૃષ્ટિ ગ્રંથમાં શ્રવણ હોવાને કારણે, અહીં=ઈચ્છાયોગમાં, નિમગ્ન થાય છે=અંતર્ભાવ પામે છે.**

अन्यथा ..... सम्भवात्, **અન્યથા=પ્રધાન કર્મના એક અવયવભૂત કર્મ શાસ્ત્રાનુસારી હોવા છતાં ઈચ્છાયોગમાં અંતર્ભાવ કરવામાં ન આવે તો, ઈચ્છાયોગના અધિકારી એવા ભગવાન હરિભદ્રસૂરિ મહારાજા યોગદૃષ્ટિ-સમુચ્ચય પ્રકરણના પ્રારંભમાં મૃષાવાદના પરિહારથી સર્વત્ર=સર્વ ઠેકાણે, ઔચિત્યના આરંભને બતાવવા માટે "नत्वेच्छायोगतोऽयोगम्" इत्यादि કહેત નહિ; કેમ કે અલ્પ એવા વચન નમસ્કારમાત્રના વિધિશુદ્ધનો પણ સંભવ છે.**

આ કથનથી શું ફલિત થાય છે, તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

प्रतिपन्न ..... विभावनीयम् ।**પ્રતિપન્ન સ્વપર્યાય અન્તર્ભૂતપણારૂપે=ગ્રંથરચના કરવારૂપ સ્વીકારાયેલા સ્વપર્યાય અંતર્ભૂતપણારૂપે, પ્રકૃત નમસ્કારનું પણ= યોગદૃષ્ટિ ગ્રંથ શ્લોક-૧માં 'नत्वेच्छायोगतः' એ પ્રકારના વચનથી કરાયેલા નમસ્કારનું પણ, ઈચ્છાયોગપ્રભવપણું અદુષ્ટ છે, એ પ્રમાણે ભાવન કરવું ।।૩।।**

❖ साङ्गमपि - અહીં 'अपि'થી એ સમુચ્ચય કરવો છે કે પ્રધાન ક્રિયાના અંગભૂત એવો વિકલ યોગ તો ઈચ્છાયોગ છે, પરંતુ અવિકલ પણ એક અંગ ઈચ્છાયોગમાં અંતર્ભાવ પામે છે.

❖ विधिशुद्धस्यापि अल्पस्य - અલ્પ એવા વાગ્નમસ્કારમાત્રના વિધિથી અશુદ્ધનો તો સંભવ છે, પરંતુ અલ્પ એવા વાગ્નમસ્કારમાત્રના વિધિશુદ્ધનો પણ સંભવ છે.

❖ प्रतिपन्नस्वपर्यायान्तर्भूतत्वेन च प्रकृतनमस्कारस्यापि અહીં 'अपि' થી એ સમુચ્ચય થાય છે કે ગ્રંથરચનાના પર્યાયની અંતર્ગત અન્ય અવયવો તો ઈચ્છાયોગથી પ્રભવ છે, પરંતુ વિધિશુદ્ધ સ્વીકારાયેલ પ્રકૃત નમસ્કારનું પણ ઈચ્છાયોગપ્રભવપણું છે.

**ભાવાર્થ :-**

## અવિકલ પણ સ્વલ્પ અંગનો ઈચ્છાયોગમાં અંતર્ભાવ :-

યોગદૃષ્ટિસમુચ્ચય નામના ગ્રંથની રચનાનો પૂ. આચાર્ય શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ પ્રારંભ કર્યો તે બહુકાળવ્યાપી પ્રધાન કર્મ હતું. તે પ્રધાન કર્મના અંગભૂત એવી યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથના પ્રથમ શ્લોકમાં નમસ્કારની ક્રિયા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે શ્લોકમાં 'અયોગવાળા એવા વીરભગવાનને ઈચ્છાયોગથી નમસ્કાર કરીને હું ગ્રંથરચના કરું છું,' એ પ્રમાણે તેમણે કહેલ છે, અને તે નમસ્કારની ક્રિયા અવિકલરૂપે કરાયેલી હોય તોપણ ઈચ્છાયોગમાં અંતર્ભાવ પામે છે; કેમ કે સ્વીકારાયેલી મુખ્ય ક્રિયાના અંગભૂત કોઈપણ ક્રિયા આગમને પરતંત્ર થઈને વિધિશુદ્ધ કરાયેલી હોય તો તે એક અંગની દૃષ્ટિએ શાસ્ત્રયોગ હોવા છતાં, સંપૂર્ણ ક્રિયામાં જેઓ અપ્રમાદી નથી, તેવા પ્રમાદવાળાની તે ક્રિયા ઈચ્છાયોગમાં અંતર્ભાવ પામે છે.

જો આવો નિયમ ન હોત તો ઈચ્છાયોગના અધિકારી એવા ભગવાન હરિભદ્રસૂરિ મહારાજા યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથના પ્રારંભમાં મૃષાવાદના પરિહાર દ્વારા સર્વ ઠેકાણે ઉચિત આરંભને બતાવવા માટે 'અયોગવાળા એવા ભગવાનને ઈચ્છાયોગથી નમસ્કાર કરીને' ઈત્યાદિ કહેત નહિ; કેમ કે યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથરત્નના પ્રથમ શ્લોકમાં કરાયેલ વચનનમસ્કારમાત્ર વિધિશુદ્ધ તેઓ કરી શકે તેવો સંભવ છે.

આશય એ છે કે પૂ. આચાર્ય શ્રીહરિભદ્રસૂરિ મહારાજા તત્ત્વના જાણનારા હતા અને શાસ્ત્રયોગની ક્રિયા કેવી હોવી જોઈએ, તેનો પણ તેમને સમ્યગ્ બોધ છે. તેથી પ્રસ્તુત યોગદૃષ્ટિ ગ્રંથરચના વખતે કરાતો નમસ્કાર વિધિશુદ્ધ થાય તો ગ્રંથરચના નિર્વિઘ્ને પૂર્ણ થાય, અને ગ્રંથરચના નિર્વિઘ્ને પૂર્ણ થાય તો પોતાનું જે અનંતર પ્રયોજન શ્રોતાને ઉચિત બોધ કરાવવો, અને પરંપર પ્રયોજન પોતાને મોક્ષની પ્રાપ્તિ કરવી, તે બંનેનું કારણ પ્રસ્તુત ગ્રંથરચના બને; અને તે ગ્રંથરચનામાં વિઘ્નોનો નાશ માત્ર નમસ્કારથી થાય નહિ, પરંતુ આગમવિધિને પરતંત્ર થઈને કરવામાં આવે તો થઈ શકે તે તેઓ જાણતા હતા. તેથી સંભવિત છે કે પ્રસ્તુત યોગદૃષ્ટિ ગ્રંથરચના કાળમાં અત્યંત ઉપયુક્ત થઈને શાસ્ત્રવિધિ અનુસાર ભગવાનની કર્મકાય અવસ્થા અને તત્ત્વકાય અવસ્થાનું સ્મરણ કરીને તદ્ભાવ અભિમુખ પોતાનું ચિત્ત ગમન કરે, અને પૂર્ણ શાસ્ત્રવચનાનુસાર તે નમસ્કારની ક્રિયા થાય, તેવો આચાર્ય ભગવંતશ્રીએ યત્ન કર્યો હોય; કેમ કે અલ્પકાળ માટે તો આવા પુરુષો આગમને પરતંત્ર થઈને પૂર્ણ આગમાનુસારી ક્રિયાઓ કરી શકતા હોય. આમ છતાં તે નમસ્કારની ક્રિયાને સ્વયં ઈચ્છાયોગરૂપે કહેલ છે અર્થાત્ પોતે સ્વીકારેલ અનુષ્ઠાન શાસ્ત્રાનુસારી ન કરી શકતા હોય તો, મૃષાવાદના પરિહાર અર્થે ઈચ્છાયોગથી અયોગવાળા એવા ભગવાનને નમસ્કાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરું છું, તેમ કહીને સર્વત્ર ઉચિત આરંભ કરવો જોઈએ, તે બતાવવા માટે પોતે ઈચ્છાયોગથી નમસ્કાર કરે છે, તેમ બતાવેલ છે.

આચાર્ય શ્રીહરિભદ્રસૂરિ મહારાજાના તે વચનથી અર્થથી એ ફલિત થાય કે પોતાના સ્વીકારાયેલા ગ્રંથરચનાના પ્રધાનપર્યાયના અંગભૂત આ નમસ્કાર હોવાથી પોતે પરિપૂર્ણ શાસ્ત્રાનુસારી તે નમસ્કાર કરે તોપણ આ નમસ્કાર ઈચ્છાયોગનો છે, તે બતાવવું આવશ્યક છે; કેમ કે શાસ્ત્રરચનાની દીર્ઘકાળની ક્રિયા પોતે આગમને પૂર્ણ પરતંત્ર થઈને કરી શકે તેમ નથી, તેથી પોતાના નમસ્કારને ઈચ્છાયોગના નમસ્કારરૂપે કહેલ છે.

આનાથી એ ફલિત થાય છે કે કોઈ શ્રાવક ભગવાનની પૂજાની વિધિને યથાર્થ જાણતો હોય, અને પૂજાના પ્રારંભથી નિષ્ઠા સુધી શાસ્ત્રવચનાનુસાર તે ક્રિયા કઈ રીતે થઈ શકે કે જેથી પૂજાની તે ક્રિયા સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ બને તેવો બોધ હોય, અને તે પ્રમાણે કરવાની અભિલાષાવાળો પણ હોય, પરંતુ કરી શકતો ન હોય; આમ છતાં તે પૂજાનાં અનેક અવયવો અંતર્ગત 'નમો જિણાણં' ઈત્યાદિ કોઈક અવયવ અત્યંત શાસ્ત્રવિધિ પ્રમાણે ઉપયુક્ત થઈને કરે, તો તે નમસ્કારની ક્રિયા શાસ્ત્રયોગ અનુસાર હોવા છતાં, સંપૂર્ણ પૂજાની ક્રિયા શાસ્ત્રાનુસારી ન બને તો તે નમસ્કારની ક્રિયા ઈચ્છાયોગરૂપ છે. તેથી પૂજાની ક્રિયાના અવયવભૂત અંગસાકલ્યવાળા 'નમો જિણાણં' એ વાક્યરૂપ વાગ્નમસ્કાર પણ ઈચ્છાયોગમાં અંતર્ભાવ પામે છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧ થી ૩માં ઈચ્છાયોગનું સ્વરૂપ બતાવ્યું. હવે ક્રમપ્રાપ્ત શાસ્ત્રયોગનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**यथाशक्त्यप्रमत्तस्य तीव्रश्रद्धावबोधतः ।**
**शास्त्रयोगस्त्वखण्डार्थाराधनादुपदिश्यते ।।४।।**

**અન્વયાર્થ :-**

तीव्रश्रद्धावबोधतः=**તીવ્ર શ્રદ્ધા અને તીવ્ર બોધને કારણે** अखण्डाराधनात्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तु=અખંડ આરાધન થવાથી જ=અખંડ શાસ્ત્રના અર્થનું આરાધન થવાથી જ, यथाशक्ति=પોતાની શક્તિના ઉલ્લંઘન વગર अप्रमत्तस्य=અપ્રમાદીનો शास्त्रयोगः=શાસ્ત્રયોગ उपदिश्यते=કહેવાય છે. ।।૪।।

**શ્લોકાર્થ :-**

**તીવ્ર શ્રદ્ધા અને તીવ્ર બોધને કારણે અખંડ શાસ્ત્રના અર્થનું આરાધન થવાથી જ પોતાની શક્તિના ઉલ્લંઘન વગર અપ્રમાદીનો શાસ્ત્રયોગ કહેવાય છે. ।।૪।।**

**ટીકા :-**

यथाशक्तीति-यथाशक्ति=स्वशक्त्यनतिक्रमेण, अप्रमत्तस्य=विकथादिप्रमादरहितस्य, तीव्रौ=तथाविधमोहापगमात् पटुतरौ, यौ श्रद्धावबोधौ जिनप्रवचनास्तिक्यतत्त्वपरिच्छेदौ ततः, अखण्डार्थाराधनात्=कालाद्यविकलवचनानुष्ठानात्, तु, शास्त्रयोग उपदिश्यते ।।४।।

**ટીકાર્થ :-**

यथाशक्ति ..... उपदिश्यते ।। યથાશક્તિ=પોતાની શક્તિના અનતિક્રમથી=પોતાની શક્તિને ગોપવ્યા વગર કે પોતાની શક્તિનું ઉલ્લંઘન કર્યા વગર, અપ્રમત્તનો=વિકથાદિ પ્રમાદરહિત યોગીનો, તેવા પ્રકારના મોહના અપગમને કારણે=કુર્વદ્દરૂપત્વવાળી શ્રદ્ધાના અને કુર્વદ્દરૂપત્વવાળા બોધના પ્રતિબંધક એવા મોહના અપગમને કારણે, તીવ્ર=પટુતર એવી જિનપ્રવચનની આસ્તિકતારૂપ શ્રદ્ધા અને પટુતર એવા તત્ત્વપરિચ્છેદરૂપ બોધને કારણે અખંડ અર્થની આરાધના થવાથી જ=કાલાદિથી અવિકલ વચનાનુષ્ઠાનનું સેવન થવાથી જ, શાસ્ત્રયોગ કહેવાય છે. ।।૪।।

❖ विकथादिप्रमादरहितस्य - અહીં विकथादि માં 'आदि' થી વિષય, કષાય, નિદ્રાનું ગ્રહણ કરવું.

❖ कालाद्यविकलवचनानुष्ठानात् - અહીં कालादि માં 'आदि' થી તચ્ચિત્ત, તલ્લેશ્ય, તદર્પિત માનસ વગેરે અનુષ્ઠાનમાં ઉપયોગી અન્ય અંગોનું ગ્રહણ કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

**(૨) શાસ્ત્રયોગનું સ્વરૂપ :-**

કોઈ સાધક યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરતા હોય અને તેને જે અનુષ્ઠાન કરવાનું છે, તે અનુષ્ઠાન શાસ્ત્રવચનાનુસાર કરવાની રુચિ છે અને શાસ્ત્રવિધિનો સમ્યગ્બોધ છે; વળી આ શ્રદ્ધા અને બોધ પણ અનુષ્ઠાનમાં સમ્યગ્ પ્રયત્ન કરવામાં પ્રતિબંધક એવા મોહનીયકર્મના અપગમને કારણે તીવ્ર હોય તો જિનપ્રવચન પ્રત્યેની રુચિ અને જિનપ્રવચનના અર્થનો બોધ કુર્વદ્રૂપત્વવાળો બને છે=જિનવચનાનુસાર સુદૃઢ પ્રવૃત્તિ કરાવે તેવો બને છે, આવા સાધક પોતાની શક્તિને ગોપવ્યા વગર કે શક્તિનું ઉલ્લંઘન કર્યા વગર શક્તિના પ્રકર્ષથી અપ્રમાદભાવપૂર્વક કોઈ ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનનું સેવન કરતા હોય, અને તે અનુષ્ઠાનના કાલાદિ સર્વ અંગોમાં કોઈ વિકલતા ન હોય, તો તે અનુષ્ઠાનમાં અખંડ શાસ્ત્રના અર્થની આરાધના થાય છે; અને શાસ્ત્રાનુસારી તે ક્રિયા થવાથી તે અનુષ્ઠાનથી અપેક્ષિત ગુણસ્થાનકની વૃદ્ધિ અવશ્ય થાય છે તેવું અનુષ્ઠાન શાસ્ત્રયોગ છે.

**સારાંશ :-**

જે અનુષ્ઠાન સેવવાનું છે, તે અનુષ્ઠાનવિષયક યથાર્થ બોધ છે અને શાસ્ત્રથી નિયંત્રિત મન, વચન અને કાયાની પ્રવૃત્તિ શક્તિના પ્રકર્ષથી પ્રવર્તે છે, તે અનુષ્ઠાનનું સેવન શાસ્ત્રયોગ છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧ થી ૩માં ઈચ્છાયોગનું સ્વરૂપ બતાવ્યું. ત્યારપછી શ્લોક-૪માં શાસ્ત્રયોગનું સ્વરૂપ બતાવ્યું. હવે ક્રમપ્રાપ્ત સામર્થ્યયોગનું સ્વરૂપ ગ્રંથકારશ્રી બતાવે છે –**

**શ્લોક :-**

**शास्त्रेण दर्शितोपायः फलपर्यवसायिना ।**
**तदतिक्रान्तविषयः सामर्थ्याख्योऽतिशक्तितः ।।५।।**

**અન્વયાર્થ :-**

फलपर्यवसायिना शास्त्रेण दर्शितोपायः=**ફલપર્યવસાયી એવા શાસ્ત્રથી**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બતાવાયેલ ઉપાયવાળો अतिशक्तितः=શક્તિનું પ્રાબલ્ય હોવાથી तदतिक्रान्तविषयः=તેના અતિક્રાંત વિષયવાળો=શાસ્ત્રના ઓળંગી ગયેલ વિષયવાળો, सामर्थ्याख्यो=સામર્થ્ય નામનો યોગ કહેવાયો છે. ।।૫।।

**શ્લોકાર્થ :-**

**ફલપર્યવસાયી એવા શાસ્ત્રથી બતાવાયેલ ઉપાયવાળો, શક્તિનું પ્રાબલ્ય હોવાથી શાસ્ત્રના અતિક્રાંત વિષયવાળો સામર્થ્ય નામનો યોગ કહેવાયો છે. ।।૫।।**

**ટીકા :-**

शास्त्रेणेति-फलपर्यवसायिना मोक्षपर्यन्तोपदेशेन शास्त्रेण दर्शितः=सामान्यतो ज्ञापित उपायो यस्य, सामान्यतः फलपर्यवसानत्वाच्छास्त्रस्य, द्वारमात्रबोधनेन विशेषहेतुदिक्प्रदर्शकत्वात्, अतिशक्तितः=शक्तिप्राबल्यात्, तदतिक्रान्तविषयः= शास्त्रातिक्रान्तगोचरः, सामर्थ्याख्यो योग उच्यते ।।५।।

**ટીકાર્થ :-**

फलपर्यवसायिना ..... यस्य, **મોક્ષરૂપ પર્યંતના ઉપદેશથી ફલપર્યવસાયી એવા શાસ્ત્ર દ્વારા બતાવાયેલ=સામાન્યથી જણાવાયેલ, ઉપાય છે જેને એવો સામર્થ્યયોગ છે, એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે શાસ્ત્ર મોક્ષનો ઉપાય સામાન્યથી કેમ બતાવે છે ? વિશેષથી કેમ નહિ ? તેમાં ગ્રંથકારશ્રી હેતુ કહે છે –

सामान्यतः ..... शास्त्रस्य, **શાસ્ત્રનું સામાન્યથી ફળમાં પર્યવસાનપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે શાસ્ત્રનું સામાન્યથી ફળમાં પર્યવસાનપણું કેમ છે ? તેમાં ગ્રંથકારશ્રી હેતુ કહે છે –

द्वारमात्र ..... प्रदर्शकत्वात्, **દ્વારમાત્રનો બોધ કરાવવા દ્વારા વિશેષ હેતુની દિશાનું પ્રદર્શકપણું છે=શાસ્ત્રયોગરૂપ દ્વારમાત્રનો બોધ કરાવવા દ્વારા મોક્ષના સાક્ષાત્ હેતુરૂપ સામર્થ્યયોગસ્વરૂપ વિશેષ હેતુની દિશાનું શાસ્ત્ર પ્રદર્શક છે=બતાવનારું છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अतिशक्तितः ..... उच्यते ।। **વળી, અતિશક્તિથી=શક્તિનું પ્રબલપણું હોવાથી=મોક્ષપ્રાપ્તિના ઉપાયમાં શાસ્ત્રવચનથી જે પ્રકારે શક્તિનું સ્ફુરણ થતું હતું તેના કરતાં પ્રબળ શક્તિનું સ્ફુરણ હોવાથી, તદતિક્રાંતવિષયવાળો= શાસ્ત્રથી અતિક્રાંતવિષયવાળો, સામર્થ્યયોગ કહેવાય છે. ।।૫।।**

**ભાવાર્થ :-**

**(૩) સામર્થ્યયોગનું સ્વરૂપ :-**

મોક્ષપ્રાપ્તિના ઉપાયભૂત પૂર્ણ યોગમાર્ગ સર્વજ્ઞ વીતરાગ સાક્ષાત્ જુએ છે, અને જીવને માટે મોક્ષ સુંદર અવસ્થા છે, માટે જીવને મોક્ષનો ઉપાય બતાવે છે, જેથી મોક્ષના ઉપાયને સેવીને જીવ પૂર્ણ સુખમય મોક્ષને પામે. આમ છતાં સર્વજ્ઞ વીતરાગ ભગવાન શબ્દોની મર્યાદાથી મોક્ષમાર્ગને બતાવે છે, અને શબ્દો દ્વારા પરિપૂર્ણ મોક્ષમાર્ગ બતાવી શકાતો નથી. શબ્દોથી બતાવી શકાય તેટલો મોક્ષમાર્ગ તેમણે બતાવ્યો; અને તે વચનના બળથી ભગવાને બતાવેલ મોક્ષમાર્ગ સુધી કોઈ યત્ન કરે તો આગળનો મોક્ષમાર્ગ સ્વયં જીવને દેખાય, અને તેના બળથી તે મોક્ષમાર્ગને સેવીને તે જીવ મોક્ષને પામી શકે આવા આશયથી સર્વજ્ઞ ભગવાને મોક્ષરૂપ પર્યંતને સામે રાખીને=પોતાના ઉપદેશનું અંતિમ ફળ મોક્ષ છે તેમ સામે રાખીને, ઉપદેશ આપ્યો, તેથી સામર્થ્યયોગનો ઉપદેશ સાક્ષાત્ ભગવાને બતાવેલ નહિ હોવા છતાં તે સામર્થ્યયોગની પ્રાપ્તિનો ઉપાય ભગવાને બતાવ્યો છે, તે બતાવવા માટે અહીં ટીકામાં કહ્યું કે ફળપર્યવસાયી એવા શાસ્ત્ર દ્વારા સામાન્યથી બતાવાયેલા ઉપાયવાળો એવો આ સામર્થ્યયોગ છે.

અહીં પ્રશ્ન થાય કે સામર્થ્યયોગનું સ્વરૂપ શબ્દો દ્વારા શાસ્ત્રકારો સાક્ષાત્ બતાવી શક્યા નથી કે જેથી સામર્થ્યયોગનો બોધ કરીને તેમાં યત્ન થઈ શકે, આમ છતાં સામાન્યથી સામર્થ્યયોગનું સ્વરૂપ બતાવ્યું છે, તેમ કેમ કહ્યું ? તેમાં ગ્રંથકારશ્રી હેતુ કહે છે –

'શાસ્ત્રનું સામાન્યથી મોક્ષરૂપ ફળમાં પર્યવસાનપણું છે.' તેથી ફલિત થાય કે મોક્ષના ઉપાયભૂત સામર્થ્યયોગ પણ સામાન્યથી શાસ્ત્રકારે બતાવેલ છે.

અહીં પ્રશ્ન થાય કે શાસ્ત્રના વચનથી સામર્થ્યયોગમાં પ્રયત્ન કરી શકાય તેવો બોધ થતો નથી, આમ છતાં શાસ્ત્રે સામાન્યથી સામર્થ્યયોગનું સ્વરૂપ બતાવ્યું છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ કઈ અપેક્ષાએ કહેલ છે ? તેમાં ગ્રંથકારશ્રી હેતુ કહે છે –

શાસ્ત્રયોગરૂપ દ્વારમાત્રના બોધથી મોક્ષના વિશેષ હેતુરૂપ સામર્થ્યયોગની દિશા શાસ્ત્રે બતાવેલી છે, તેથી સામર્થ્યયોગમાં યત્ન થઈ શકે તેવો બોધ શાસ્ત્ર કરાવી શકતું નહિ હોવા છતાં શાસ્ત્રના બોધથી શાસ્ત્રયોગની પ્રવૃત્તિ થાય છે, અને તે પ્રવૃત્તિ દ્વાર છે, અને તેનો બોધ શાસ્ત્રે કરાવેલો છે, અને તે દ્વાર દ્વારા મોક્ષના વિશેષ હેતુરૂપ સામર્થ્યયોગમાં કેવી રીતે યત્ન કરવો તેની દિશા પ્રાપ્ત થાય છે.

જેમ દંડ દ્વારા ભ્રમિરૂપ વિશેષ હેતુથી ઘટ ઉત્પન્ન થાય છે, તેમ શાસ્ત્રયોગથી ભ્રમિસ્થાનીય સામર્થ્યયોગ દ્વારા મોક્ષની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રે શાસ્ત્રયોગનો બોધ કરાવીને શાસ્ત્રયોગમાં પ્રવૃત્તિ કરાવી, જેના બળથી મોક્ષના વિશેષ હેતુ એવા સામર્થ્યયોગમાં કેમ જવું તેની દિશાની પ્રાપ્તિ થઈ. તેથી શાસ્ત્ર સામાન્યથી સામર્થ્યયોગને બતાવે છે, તેમ કહેલ છે.

અહીં પ્રશ્ન થાય કે સામાન્યથી શાસ્ત્રે સામર્થ્યયોગનું સ્વરૂપ બતાવ્યું છે. આમ છતાં સામર્થ્યયોગ શાસ્ત્રનો વિષય નથી, તેમ કહેવાય છે, તે કઈ અપેક્ષાએ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

સામર્થ્યયોગમાં શક્તિનું પ્રબળપણું હોવાથી શાસ્ત્રઅતિક્રાંતવિષયવાળો સામર્થ્યયોગ છે.

આશય એ છે કે મોક્ષના અર્થી એવા સાધક જીવો મોક્ષના ઉપાયરૂપે શાસ્ત્રવચનના બળથી શાસ્ત્રયોગમાં યત્ન કરતા હોય છે, અને તે વખતે તેમની પૂર્ણ શક્તિ શાસ્ત્રાનુસારી પ્રવર્તતી હોય છે, તેથી તેઓની યોગમાર્ગની પ્રવૃત્તિ શાસ્ત્રયોગરૂપ બને છે; અને જ્યારે શાસ્ત્રયોગના સેવનના બળથી અતિ શક્તિ ઉલ્લસિત થાય છે અર્થાત્ ઉપરના યોગમાર્ગમાં જવા માટે પ્રબળ શક્તિ સ્ફુરાયમાન થાય છે, તેનાથી સામર્થ્યયોગ પ્રગટે છે, માટે સામર્થ્યયોગને શાસ્ત્રઅતિક્રાંત-વિષયવાળો કહેલ છે, અને આ સામર્થ્યયોગ મોહનો સંપૂર્ણ ઉચ્છેદ કરીને કેવલજ્ઞાનમાં વિશ્રાંત થનાર છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**शास्त्रातिक्रान्तविषयत्वमस्य समर्थयन्नाह –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકાર્થ :-**

આનું=સામર્થ્યયોગનું, શાસ્ત્રઅતિક્રાંતવિષયપણું સમર્થન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

शास्त्रादेव न बुध्यन्ते सर्वथा सिद्धिहेतवः ।
अन्यथा श्रवणादेव सर्वज्ञत्वं प्रसज्यते ।।६।।

**અન્વયાર્થ :-**

शास्त्रादेव=શાસ્ત્રથી જ सर्वथा=સર્વ પ્રકારે सिद्धिहेतवः=મોક્ષના હેતુઓ न बुध्यन्ते=જણાતા નથી, अन्यथा=એમ ન માનો તો श्रवणादेव=શ્રવણથી જ सर्वज्ञत्वं=સર્વજ્ઞપણું प्रसज्यते=પ્રાપ્ત થાય. ।।૬।।

**શ્લોકાર્થ :-**

**શાસ્ત્રથી જ સર્વ પ્રકારે મોક્ષના હેતુઓ જણાતા નથી, અન્યથા શ્રવણથી જ સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય. ।।૬।।**

**ટીકા :-**

शास्त्रादिति-सिद्धिहेतवः सर्वे सर्वथा=सर्वैः प्रकारैः, शास्त्रादेव न बुध्यन्ते, अन्यथा शास्त्रादेव सर्वसिद्धिहेतूनां बोधे सर्वज्ञत्वं प्रसज्यते, श्रवणादेव सर्वसिद्धिहेतुज्ञाने सार्वज्ञ्यसिद्ध्युपधायकोत्कृष्टहेतुज्ञानस्याप्यावश्यकत्वात्, तदुपलम्भाख्यस्वरूपाचरणरूपचारित्रस्यापि विलम्बाभावात्, सर्वसिद्ध्युपायज्ञानस्य सार्वज्ञ्यव्याप्यत्वाच्च । तदिदमुक्तम् –

"सिद्ध्याख्यपदसम्प्राप्तेर्हेतुभेदा न तत्त्वतः ।
शास्त्रादेवावगम्यन्ते सर्वथैवेह योगिभिः ।।" (यो. दृ./श्लो. ६)
सर्वथा तत्परिच्छेदात्साक्षात्कारित्वयोगतः ।
तत्सर्वज्ञत्वसंसिद्धेस्तदा सिद्धिपदाप्तितः" ।। (यो. दृ./श्लो. ७)।।६।।

**ટીકાર્થ :-**

सिद्धिहेतवः ..... आवश्यकत्वात्, સિદ્ધિના સર્વ કારણો સર્વથા=સર્વ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રકારે શાસ્ત્રથી જ જણાતાં નથી. અન્યથા=શાસ્ત્રથી જ સિદ્ધિના સર્વ હેતુઓનો બોધ થતો નથી એમ ન માનો, પરંતુ શાસ્ત્રથી જ સિદ્ધિના સર્વ હેતુઓનો બોધ થાય છે એમ માનો તો, શાસ્ત્રથી જ સિદ્ધિના સર્વ હેતુઓનો બોધ થયે છતે સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય=શાસ્ત્રના શ્રવણથી જ સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય; કેમ કે શ્રવણથી જ=શાસ્ત્રના શ્રવણથી જ, સિદ્ધિના સર્વ હેતુઓનું જ્ઞાન થયે છતે સિદ્ધિના સર્વ ઉપધાયક એવા ઉત્કૃષ્ટ હેતુઓના જ્ઞાનનું પણ આવશ્યકપણું છે=સર્વજ્ઞત્વની સિદ્ધિના પ્રાપક એવા ઉત્કૃષ્ટ હેતુઓનું જ્ઞાન પણ શાસ્ત્રશ્રવણથી થવું આવશ્યક છે.**

સર્વજ્ઞત્વની સિદ્ધિના સર્વ ઉપાયો શાસ્ત્રથી જણાય છે, અને શાસ્ત્રના શ્રવણથી સિદ્ધિના સર્વ હેતુઓનું જ્ઞાન પણ થાય છે, પરંતુ તે હેતુઓના સેવનરૂપ ચારિત્રની પ્રાપ્તિ ન થાય તો શાસ્ત્રથી મોક્ષનાં સર્વ કારણોનું જ્ઞાન થવા છતાં કેવળજ્ઞાન ન થાય તેમ માની શકાય. એ પ્રકારની શંકામાં ગ્રંથકારશ્રી બીજો હેતુ કહે છે –

**तदुपलम्भाख्य ..... विलम्बाभावात्, તેના ઉપલંભાખ્ય સ્વરૂપઆચરણરૂપ ચારિત્રના પણ વિલંબનો અભાવ છે=મોક્ષની પ્રાપ્તિના ઉત્કૃષ્ટ હેતુઓની પ્રાપ્તિ સાથે સ્વરૂપઆચરણાત્મક ચારિત્રનો પણ અપ્રમાદી શ્રોતાને વિલંબ વગર પ્રાપ્ત થાય છે, માટે શ્રવણથી જ મોક્ષના સર્વ હેતુઓનું જ્ઞાન થતું હોય તો શ્રવણકાળમાં જ કેવળજ્ઞાન થવું જોઈએ, એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે શ્રવણથી સર્વજ્ઞત્વની સિદ્ધિના ઉત્કૃષ્ટ હેતુઓનું જ્ઞાન થાય છે, પરંતુ ઉત્કૃષ્ટ હેતુઓની પ્રાપ્તિ થતી નથી, તેમ સ્વીકારીએ તો શું વાંધો ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

**सर्वसिद्धि ..... व्याप्यत्वाच्च । અને સર્વ સિદ્ધિના ઉપાયોના જ્ઞાનનું=સિદ્ધિના સર્વ ઉપાયોના જ્ઞાનનું, સર્વજ્ઞની સાથે વ્યાપ્યપણું છે=જ્યાં જ્યાં સિદ્ધિના સર્વ ઉપાયોનું જ્ઞાન છે ત્યાં ત્યાં સર્વજ્ઞપણું છે, એ પ્રકારની વ્યાપ્તિ છે. તેથી સર્વજ્ઞત્વની પ્રાપ્તિ પૂર્વે શાસ્ત્રથી સિદ્ધિના હેતુઓનું સર્વ પ્રકારે જ્ઞાન થતું નથી, એમ અન્વય છે.**

**तदिदमुक्तम् - તે આ કહેવાયું છે=શાસ્ત્રથી જ સર્વથા મોક્ષના હેતુઓ જણાતા નથી, અન્યથા શ્રવણથી જ સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય, એ પ્રમાણે**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકમાં કહ્યું તે, યોગદૃષ્ટિ ગ્રંથ શ્લોક-૬, ૭માં કહેવાયું છે –**

"सिद्धाख्य ..... योगिभिः" અહીં=લોકમાં, યોગીઓ વડે મોક્ષ નામના પદની પ્રાપ્તિના હેતુભેદો=કારણવિશેષો, સર્વથા જ=સર્વ પ્રકારે જ, શાસ્ત્રથી જ જણાતા નથી.

"सर्वथा ..... पदाप्तितः" સર્વ પ્રકારે તેના પરિચ્છેદથી=મોક્ષપદની પ્રાપ્તિના હેતુભેદના પરિચ્છેદથી, સાક્ષાત્કારીપણાનો યોગ થવાને કારણે તેના સર્વજ્ઞત્વની સંસિદ્ધિ હોવાથી=શ્રોતાયોગીના સર્વજ્ઞપણાની સંસિદ્ધિ હોવાથી, ત્યારે=શ્રવણકાળમાં, સિદ્ધિપદની પ્રાપ્તિ હોવાથી મોક્ષપદની પ્રાપ્તિના હેતુભેદો યોગી દ્વારા શાસ્ત્રથી જ સર્વથા જણાતા નથી, એમ (યોગદૃષ્ટિ પૂર્વ શ્લોક-૬ સાથે) સંબંધ છે. ॥૬॥

**ભાવાર્થ :-**

**શાસ્ત્રઅતિક્રાંતવિષયવાળો સામર્થ્યયોગ છે તેમાં યુક્તિ :-**

શ્લોક-૫માં ગ્રંથકારશ્રીએ કહેલ કે સામર્થ્યયોગ શાસ્ત્રઅતિક્રાંતવિષયવાળો છે. તેથી એ પ્રાપ્ત થાય કે સામર્થ્યયોગનું સ્વરૂપ શાસ્ત્ર બતાવી શકતું નથી.

સામર્થ્યયોગનું સ્વરૂપ શાસ્ત્ર કેમ બતાવી શકતું નથી ? તે સ્પષ્ટ કરવા ગ્રંથકારશ્રી કહે છે –

મોક્ષપ્રાપ્તિનાં કારણો સર્વ પ્રકારે શાસ્ત્રથી જ જણાતાં હોય તો કોઈ પટુ શ્રોતા શાસ્ત્ર સાંભળતો હોય ત્યારે જ સિદ્ધિના સર્વ હેતુનો બોધ થવાને કારણે સર્વજ્ઞ થઈ જાય.

આશય એ છે કે અપટુ શ્રોતા તો શાસ્ત્ર સાંભળતો હોય ત્યારે પણ શાસ્ત્રથી કહેવાયેલા પદાર્થોનો યથાર્થ બોધ કરી શકતો નથી, પરંતુ જે પટુ શ્રોતા છે, જેમ ગણધર ભગવંતો, તેઓ ભગવાન પાસેથી શાસ્ત્રનું તત્ત્વ સાંભળે છે, ત્યારે ભગવાન જે કાંઈ કહે છે તે સર્વનું પૂર્ણ તાત્પર્ય ગ્રહણ કરે છે. તેવા પટુ શ્રોતાઓ શાસ્ત્ર સાંભળતા હોય, અને શાસ્ત્રથી જ મોક્ષના સર્વ ઉપાયોનું જ્ઞાન થતું હોય, તો તેવા પટુ શ્રોતા સર્વજ્ઞ થઈ જાય. તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ બતાવે છે –

શ્રવણથી જ સિદ્ધિના સર્વ હેતુઓનું જ્ઞાન સ્વીકારવામાં આવે તો સર્વજ્ઞત્વની સિદ્ધિના પ્રાપક ઉત્કૃષ્ટ હેતુઓના જ્ઞાનનું પણ આવશ્યકપણું છે. તેથી જે શ્રોતાને સર્વજ્ઞત્વની સિદ્ધિના પ્રાપક ઉત્કૃષ્ટ હેતુઓનું જ્ઞાન થાય તે શ્રોતા શાસ્ત્રશ્રવણકાળમાં જ સર્વજ્ઞ થઈ જાય; પરંતુ તેમ થતું નથી. તેથી નક્કી થાય છે કે સિદ્ધિના સર્વ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હેતુઓનો બોધ શાસ્ત્ર કરાવી શકતું નથી.

અહીં કોઈ કહે કે શાસ્ત્રશ્રવણથી પટુ શ્રોતાને સર્વ હેતુઓનું જ્ઞાન થાય છે, પરંતુ તે હેતુઓની પ્રાપ્તિ થતી નથી. તેથી તે શ્રોતાને સર્વજ્ઞપણું પ્રાપ્ત થતું નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

પટુ શ્રોતાને જેમ શાસ્ત્રથી ઉત્કૃષ્ટ હેતુઓનું જ્ઞાન થાય છે, તેમ તે હેતુઓની પ્રાપ્તિરૂપ નિજસ્વભાવમાં આચરણસ્વરૂપ ચારિત્રની પણ પ્રાપ્તિ તરત થાય, અને તેથી કેવળજ્ઞાનની પણ પ્રાપ્તિ તરત થાય.

આશય એ છે કે જે સાધકો ભગવાનના વચનથી બોધ કરીને પૂર્ણ પરતંત્ર રીતે ભગવાનની આજ્ઞાનું સેવન કરે છે, તેવા યોગીઓને શાસ્ત્રથી જો ઉત્કૃષ્ટ હેતુઓનું જ્ઞાન થાય તો તેઓ ભગવાનની આજ્ઞાને પરતંત્ર થઈને પ્રવૃત્તિ કરનારા હોવાથી ઉત્કૃષ્ટ હેતુઓના સેવનની પણ તેઓને પ્રાપ્તિ થાય; અને ઉત્કૃષ્ટ હેતુઓનું સેવન ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતારૂપ પોતાના સ્વરૂપમાં વિશ્રાંતિ કરવા સ્વરૂપ છે. તેથી જે અપ્રમાદી શ્રોતાને શાસ્ત્રથી ઉત્કૃષ્ટ હેતુઓનું જ્ઞાન થયું છે, તે અપ્રમાદી શ્રોતા તે ઉત્કૃષ્ટ હેતુઓના સેવનમાં પણ અવશ્ય યત્ન કરે. તેથી શ્રવણકાળમાં જ કેવલજ્ઞાન થવું જોઈએ; પરંતુ તેમ થતું નથી. આથી અપ્રમાદી એવા ગણધર ભગવંતો ભગવાનના વચનનું શ્રવણ કરીને અપ્રમાદથી ચારિત્રમાં યત્નવાળા છે, તોપણ શ્રવણકાળમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરતા નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે શાસ્ત્રશ્રવણથી ઉત્કૃષ્ટ હેતુઓનું જ્ઞાન થાય છે, પરંતુ ઉત્કૃષ્ટ હેતુઓની પ્રાપ્તિનો યત્ન થતો નથી, માટે શાસ્ત્રથી મોક્ષના સર્વ હેતુઓનું જ્ઞાન થવા છતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી. તેમ સ્વીકારીએ તો શું વાંધો છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

સિદ્ધિના સર્વ ઉપાયોના જ્ઞાનનું સર્વજ્ઞપણાની સાથે વ્યાપ્યપણું છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જ્યાં જ્યાં સિદ્ધિના સર્વ ઉપાયોનું જ્ઞાન છે, ત્યાં ત્યાં સર્વજ્ઞપણું છે. તેથી જો શ્રોતાને શ્રવણથી જ સિદ્ધિના સર્વ ઉપાયોનું જ્ઞાન થતું હોય તો શ્રવણકાળમાં જ તે શ્રોતા સર્વજ્ઞ બની જાય, તે માટે યત્નની જરૂર રહે નહિ.

અહીં વિશેષ એ છે કે સિદ્ધિના સર્વ ઉપાયોનું જ્ઞાન પ્રાતિભજ્ઞાનમાં થાય છે અને તરત જ કેવલજ્ઞાન થાય છે. તેથી પ્રાતિભજ્ઞાન અને કેવલજ્ઞાનનો ભેદ કર્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વગર સિદ્ધિના સર્વ ઉપાયોના જ્ઞાનનું સર્વજ્ઞત્વ સાથે વ્યાપ્યપણું છે, તેમ કહેલ છે.

આનાથી એ ફલિત થાય કે સિદ્ધિના સર્વ ઉપાયોનું જ્ઞાન થતાં જ સર્વજ્ઞપણું પ્રગટ થાય છે. માટે એમ ન કહી શકાય કે શાસ્ત્રથી સિદ્ધિના ઉત્કૃષ્ટ ઉપાયોનું જ્ઞાન થવા છતાં ઉત્કૃષ્ટ હેતુઓનો ઉપલંભ નથી, માટે શાસ્ત્રશ્રવણથી કેવલજ્ઞાન થતું નથી; પરંતુ એમ જ કહેવું પડે કે ઉત્કૃષ્ટ હેતુઓનું જ્ઞાન થાય કે તરત કેવલજ્ઞાન થાય છે, માટે ઉત્કૃષ્ટ હેતુના જ્ઞાનની સાથે અવિનાભાવી ઉત્કૃષ્ટ હેતુઓની પ્રાપ્તિ છે. માટે શાસ્ત્રથી સિદ્ધિના સર્વ હેતુઓનું જ્ઞાન થતું હોય તો શાસ્ત્રશ્રવણકાળમાં જ સર્વજ્ઞપણાની પ્રાપ્તિ થાય; અને શાસ્ત્રશ્રવણકાળમાં સર્વજ્ઞપણું પ્રાપ્ત થતું નથી, માટે શાસ્ત્રઅતિક્રાંતવિષયવાળો સામર્થ્યયોગ છે. ॥૬॥

**અવતરણિકા :-**

**શ્લોક-૫માં કહ્યું કે શાસ્ત્રઅતિક્રાંતવિષયવાળો સામર્થ્યયોગ છે અને તે સામર્થ્યયોગ શાસ્ત્રઅતિક્રાંતવિષયવાળો કેમ છે ?, તેની શ્લોક-૬માં પુષ્ટિ કરી. તેથી એ ફલિત થયું કે સામર્થ્યયોગનું સ્વરૂપ શાસ્ત્ર બતાવી શકતું નથી. તેથી જિજ્ઞાસા થાય કે સામર્થ્યયોગનું જ્ઞાન કઈ રીતે થાય ? તેથી ગ્રંથકારશ્રી કહે છે -**

**શ્લોક :-**

प्रातिभज्ञानगम्यस्तत्सामर्थ्याख्योऽयमिष्यते ।
अरुणोदयकल्पं हि प्राच्यं तत्केवलार्कतः ।।७।।

**અન્વયાર્થ :-**

**तत्=તે કારણથી=શાસ્ત્રથી સામર્થ્યયોગના સ્વરૂપનું જ્ઞાન થતું નથી તે કારણથી, प्रातिभज्ञानगम्यः=પ્રાતિભજ્ઞાનગમ્ય सामर्थ्याख्यो=સામર્થ્ય નામનો अयम्=આ=યોગ, इष्यते=ઈચ્છાય છે. तत् हि=તે જ=પ્રાતિભ જ केवलार्कतः= કેવલજ્ઞાનરૂપ સૂર્યથી प्राच्यं=પૂર્વકાલીન अरुणोदयकल्पम्=અરુણોદય જેવું છે. ॥૭॥**

**શ્લોકાર્થ :-**

**શાસ્ત્રથી સામર્થ્યયોગના સ્વરૂપનું જ્ઞાન થતું નથી, તે કારણથી**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રાતિભજ્ઞાનગમ્ય સામર્થ્ય નામનો યોગ ઈચ્છાય છે. પ્રાતિભ જ કેવલજ્ઞાનરૂપ સૂર્યથી પૂર્વકાલીન અરુણોદય જેવું છે. ।।૭।।**

❖ શ્લોકમાં 'हि' શબ્દ 'एव'કારાર્થક છે.

**ટીકા :-**

प्रातिभेति-तत्तस्मात्प्रातिभज्ञानगम्योऽयं सामर्थ्याख्यो योग उच्यते (इष्यते) । सार्वज्ञ्यहेतुः खल्वयं मार्गानुसारिप्रकृष्टोहस्यैव विषयो न तु वाचां, क्षपकश्रेणिगतस्य धर्मव्यापारस्य स्वानुभवमात्रवेद्यत्वादिति भावः । ननु प्रातिभमपि श्रुतज्ञानमेव अन्यथा षष्ठज्ञानप्रसङ्गात्, तथा च कथं शास्त्रातिक्रान्तविषयत्वमस्येत्यत आह-तत्प्रातिभं हि केवलार्कतः केवलज्ञानभानुमालिनः प्राच्यं पूर्वकालीनं अरुणोदयकल्पम् ।।७।।

**ટીકાર્થ :-**

तत् ..... उच्यते (इष्यते) । **તે કારણથી=શાસ્ત્રથી સામર્થ્યયોગના સ્વરૂપનો બોધ થતો નથી તે કારણથી, પ્રાતિભજ્ઞાનગમ્ય આ સામર્થ્ય નામનો યોગ, ઈચ્છાય છે. ।।૭।।**

અહીં પ્રશ્ન થાય કે સામર્થ્યયોગને પ્રાતિભજ્ઞાનગમ્ય કેમ કહ્યો ? શાસ્ત્રવચનથી ગમ્ય કેમ ન કહ્યો ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

सार्वज्ञ्य ..... भावः । **સર્વજ્ઞપણાનો હેતુ એવો આ=સામર્થ્યયોગ, માર્ગાનુસારી પ્રકૃષ્ટ ઊહનો જ=માર્ગાનુસારી પ્રકૃષ્ટ ઊહરૂપ પ્રાતિભજ્ઞાનનો જ, વિષય છે, પરંતુ શાસ્ત્રવચનનો વિષય નથી; કેમ કે ક્ષપકશ્રેણિગત ધર્મવ્યાપારનું સ્વાનુભવમાત્ર વેદ્યપણું છે, એ પ્રકારે ભાવ છે.**

શ્લોકના પૂર્વાર્ધથી સ્થાપન કર્યું કે પ્રાતિભજ્ઞાનગમ્ય સામર્થ્ય નામનો યોગ ઈચ્છાય છે. હવે શ્લોકના ઉત્તરાર્ધના ઉત્થાન અર્થે 'ननु' થી શંકા કરતાં કહે છે -

ननु ..... आह - **પ્રાતિભ પણ શ્રુતજ્ઞાન જ છે; કેમ કે પ્રાતિભને શ્રુતજ્ઞાન ન માનો તો છઠ્ઠા જ્ઞાનનો પ્રસંગ છે, અને તે રીતે=પ્રાતિભજ્ઞાન શ્રુતમાં અંતર્ભાવ પામે છે તે રીતે, આનું=સામર્થ્યયોગનું, કેવી રીતે શાસ્ત્રઅતિક્રાંત વિષયપણું છે ? અર્થાત્ સામર્થ્યયોગ શાસ્ત્રઅતિક્રાંતવિષયવાળો નથી. એથી ગ્રંથકારશ્રી કહે છે=શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तत्प्रातिभं ..... कल्पम् ।। તે જ=પ્રાતિભ જ, કેવલજ્ઞાનરૂપી સૂર્યથી પ્રાચ્ય=પૂર્વકાલીન, અરુણોદય-કલ્પ=અરુણોદય સમાન છે. ।।૭।।**

**ભાવાર્થ :-**

**પ્રાતિભજ્ઞાનગમ્ય સામર્થ્યયોગ :-**

શ્લોક-૫માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે સામર્થ્યયોગ શાસ્ત્રનો વિષય થતો નથી. તેથી પ્રશ્ન થાય કે તો પછી સામર્થ્યયોગ કયા જ્ઞાનથી પ્રગટે છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

પ્રાતિભજ્ઞાનથી ગમ્ય એવો સામર્થ્યયોગ ઈચ્છાય છે.

અહીં પ્રશ્ન થાય કે શ્રુતજ્ઞાનથી ગમ્ય સામર્થ્યયોગ કેમ ઈચ્છાતો નથી ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

સર્વજ્ઞપણાની પ્રાપ્તિનો હેતુ એવો સામર્થ્યયોગ વાણીનો વિષય નથી=વચનથી તેનો બોધ થઈ શકતો નથી, પરંતુ માર્ગાનુસારી પ્રકૃષ્ટ ઊહરૂપ પ્રાતિભજ્ઞાનનો તે વિષય છે. તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ બતાવે છે –

ક્ષપકશ્રેણિગત ધર્મવ્યાપાર સ્વાનુભવમાત્રવેદ્ય છે.

આશય એ છે કે મોક્ષપ્રાપ્તિનો જે ઉપાય છે તે માર્ગ છે, અને તે માર્ગ રત્નત્રયીની પરિણતિરૂપ છે. તે રત્નત્રયીની પરિણતિને અભિમુખ એવો માર્ગાનુસારી ઊહ અપુનર્બંધકને હોય છે, અને ભગવાનના વચનથી રત્નત્રયીનો યથાર્થ બોધ કરીને અપ્રમાદભાવથી રત્નત્રયીમાં યત્ન કરનારા મુનિઓને રત્નત્રયીને અનુસરનારો માર્ગાનુસારી ઊહ હોય છે, તેથી સંસારના ભાવોથી નિર્લેપ થઈને મોક્ષને અનુકૂળ એવી રત્નત્રયીની પરિણતિમાં તેઓ યત્ન કરી શકે છે. તે માર્ગાનુસારી ઊહ અમુક ભૂમિકા સુધી શ્રુતના બળથી થાય છે, ત્યારપછીનો માર્ગાનુસારી ઊહ શ્રુતથી પ્રગટ થઈ શકતો નથી, પરંતુ શાસ્ત્રાનુસારી સેવાયેલા વચનાનુષ્ઠાનથી=ક્રમે કરીને જીવમાં માર્ગાનુસારી પ્રકૃષ્ટ ઊહ પ્રગટે છે, જેને પ્રાતિભજ્ઞાન કહેવામાં આવે છે. તે પ્રાતિભજ્ઞાનથી ગમ્ય એવો આ સામર્થ્યયોગ છે; અને આ માર્ગાનુસારી પ્રકૃષ્ટ ઊહથી ગમ્ય એવો સામર્થ્યયોગ ક્ષપકશ્રેણિમાં પ્રગટે છે, અને તે વખતે વર્તતો મોક્ષને અનુકૂળ વ્યાપાર સ્વાનુભવમાત્ર વેદ્ય છે, શાસ્ત્રવચનથી વેદ્ય નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આનાથી એ ફલિત થાય કે શાસ્ત્રનિયંત્રિત વચનાનુષ્ઠાન સેવનારા મુનિઓ ભગવાનના વચનના સ્મરણથી સૂત્ર અને અર્થમાં યત્ન કરીને આત્માને ગુપ્ત કરવા પ્રયત્ન કરે છે, ત્યાં સુધીનો માર્ગ શાસ્ત્ર બતાવી શકે છે. ત્યારપછી તે પ્રકારના વચનાનુષ્ઠાનથી જીવમાં અસંગઅનુષ્ઠાન પ્રગટે છે ત્યારે શાસ્ત્રવચનના સ્મરણ વગર શાસ્ત્રવચનાનુસાર ઉચિત યત્ન કરવાથી જીવ અસંગભાવમાં વર્તે છે. આમ છતાં હજુ પણ પોતાના સ્વરૂપમાં વિશ્રાંતિ માટેનો કેવો યત્ન આવશ્યક છે, તેનો બોધ અસંગઅનુષ્ઠાનવાળા મુનિને પણ પ્રાપ્ત થયો નથી; પરંતુ અસંગઅનુષ્ઠાનના સેવનના બળથી માર્ગાનુસારી પ્રકૃષ્ટ ઊહ પ્રગટે ત્યારે તે ઊહથી સ્વરૂપમાં વિશ્રાંતિ માટે કેવો યત્ન આવશ્યક છે, તેનો બોધ પ્રાપ્ત થાય છે; અને તે બોધના બળથી સ્વરૂપવિશ્રાંતિને અનુકૂળ જે ધર્મવ્યાપાર પ્રગટ થાય છે, તે સામર્થ્યયોગ છે.

શ્લોકના પૂર્વાર્ધનું વર્ણન કર્યા પછી શ્લોકના ઉત્તરાર્ધનું ઉત્થાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

શાસ્ત્રમાં મતિ આદિ પાંચ જ્ઞાનો પ્રસિદ્ધ છે, પરંતુ પાંચ જ્ઞાનોથી અતિરિક્ત પ્રાતિભ નામનું જ્ઞાન પ્રસિદ્ધ નથી. તેથી પ્રાતિભજ્ઞાન પણ શ્રુતજ્ઞાન છે, તેમ માનવું જોઈએ; અને જો પ્રાતિભજ્ઞાનને શ્રુતજ્ઞાનરૂપે ન સ્વીકારીએ તો છટ્ઠા જ્ઞાનના સ્વીકારનો પ્રસંગ આવે, તેથી પ્રાતિભજ્ઞાનને શ્રુતજ્ઞાનરૂપે સ્વીકારવું જોઈએ, અને તેમ સ્વીકારીએ તો સામર્થ્યયોગને પ્રાતિભજ્ઞાનગમ્ય કહેવાથી સામર્થ્યયોગ અર્થાપત્તિથી શાસ્ત્રથી ગમ્ય છે, તેમ સિદ્ધ થાય છે, તેથી સામર્થ્યયોગનું શાસ્ત્રઅતિક્રાંતવિષયપણું છે, તેમ કેમ કહી શકાય ? એ પ્રકારની શંકાને સામે રાખીને શ્લોકના ઉત્તરાર્ધથી ગ્રંથકારશ્રી કહે છે –

કેવલજ્ઞાનરૂપી સૂર્યના પૂર્વકાલીન અરુણોદય જેવું પ્રાતિભજ્ઞાન છે.

આનાથી એ ફલિત થયું કે પ્રાતિભજ્ઞાન શ્રુતજ્ઞાન નથી, પરંતુ કેવલજ્ઞાનથી પૂર્વે પ્રગટ થનારું જ્ઞાન છે. માટે સામર્થ્યયોગ શાસ્ત્રથી અતિક્રાંત વિષયવાળો છે. ॥૭॥

**અવતરણિકા :-**

**एतदेव भावयति –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકાર્થ :-**

આ જ ભાવન કરે છે=કેવલજ્ઞાનરૂપી સૂર્યના પૂર્વકાલીન અરુણોદય જેવું પ્રાતિભજ્ઞાન છે, તેથી શ્રુતથી પૃથગ્ પણ છે; અને પ્રાતિભજ્ઞાનને છઠ્ઠા જ્ઞાનરૂપે માનવાનો પ્રસંગ નથી, એ જ ભાવન કરે છે –

**શ્લોક :-**

रात्रेर्दिनादपि पृथग्यथा नो वाऽरुणोदयः ।
श्रुताच्च केवलज्ञानात्तथेदमपि भाव्यताम् ।।८।।

**અન્વયાર્થ :-**

यथा=જે પ્રમાણે रात्रेर्दिनादपि=રાત્રિથી અને દિવસથી પણ अरुणोदयः= અરુણોદય पृथग् नो वा=પૃથક્ છે અથવા પૃથગ્ નથી, तथा=તે પ્રમાણે इदमपि=આ પણ=પ્રાતિભજ્ઞાન પણ, श्रुताच्च केवलज्ञानात्=શ્રુતથી અને કેવલજ્ઞાનથી भाव्यताम्=ભાવન કરો=પૃથક્ છે અથવા પૃથગ્ નથી, એ પ્રમાણે ભાવન કરો. ।।૮।।

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે રાત્રિથી અને દિવસથી પણ અરુણોદય પૃથક્ છે અથવા પૃથગ્ નથી, તે પ્રમાણે પ્રાતિભજ્ઞાન પણ શ્રુતથી અને કેવલજ્ઞાનથી પૃથક્ છે અથવા પૃથગ્ નથી, એ પ્રમાણે ભાવન કરો. ।।૮।।**

**ટીકા :-**

रात्रेरिति-यथाऽरुणोदयो रात्रेर्दिनादपि पृथग् नो वाऽपृथगित्यर्थः, न पुनरत्रैकरूप्यं विवेचयितुं शक्यते, पूर्वापरत्वाविशेषेणोभयभागसम्भवात् । श्रुतात् केवलज्ञानाच्च तथेदमपि=प्रातिभं ज्ञानं, भाव्यतां, तत्काल एव तथाविधक्षयोपशमभाविनस्तस्य श्रुतत्वेन तत्त्वतोऽसंव्यवहार्यतया श्रुतादशेषद्रव्यपर्यायाविषयत्वेन क्षायोपशमिकत्वेन च केवलज्ञानाद्विभिन्नत्वात् केवलश्रुतपूर्वापरकोटिव्यवस्थितत्वेन तद्धेतुकार्यतया च ताभ्यामभिन्नत्वात् ।।८।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

**यथा ..... अभिन्नत्वात् ।। જે પ્રમાણે અરુણોદય રાત્રિથી અને દિવસથી પણ પૃથક્ છે અથવા નથી=અથવા પૃથગ્ નથી, કિંતુ અહીં=અરુણોદયમાં એકરૂપપણું=રાત્રિરૂપ કે દિવસરૂપ એકરૂપપણું, વિવેચન કરવું શક્ય નથી; કેમ કે પૂર્વત્વરૂપ અને અપરત્વરૂપ અવિશેષ હોવાથી=અરુણોદયનો દિવસના પૂર્વત્વરૂપે અને રાત્રિના અપરત્વરૂપે અવિશેષ હોવાથી, ઉભયભાગનો સંભવ છે=રાત્રિ અને દિવસના ઉભયભાગનો સંભવ છે.**

**તે પ્રમાણે શ્રુતથી અને કેવલજ્ઞાનથી આ પણ=પ્રાતિભજ્ઞાન પણ, ભાવન કરો; કેમ કે તે કાળમાં જ=કેવલજ્ઞાનના પૂર્વકાળમાં જ, તેવા પ્રકારના ક્ષયોપશમભાવી એવા તેનું=માર્ગાનુસારિપ્રકૃષ્ટ ઊહને અનુકૂળ એવા પ્રાતિભજ્ઞાનનું, શ્રુતપણારૂપે તત્ત્વથી અસંવ્યવહાર્યપણુ હોવાથી શ્રુતથી વિભિન્નપણું છે, અને અશેષ દ્રવ્યપર્યાયનું અવિષયપણું હોવાથી અને ક્ષાયોપશમિકપણું હોવાથી કેવલજ્ઞાનથી વિભિન્નપણું છે, અને કેવલજ્ઞાનની અને શ્રુતજ્ઞાનની પૂર્વાપરકોટિનું વ્યવસ્થિતપણું હોવાથી=કેવલની પૂર્વકોટિનું અને શ્રુતની અપરકોટિનું વ્યવસ્થિતપણું હોવાથી, તેના હેતુ અને કાર્યપણાથી=કેવલજ્ઞાનના હેતુપણાથી અને શ્રુતજ્ઞાનના કાર્યપણાથી, તે બેથી=કેવલજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી, પ્રાતિભજ્ઞાનનું અભિન્નપણું છે. ॥૮॥**

**ભાવાર્થ :-**

**પ્રાતિભજ્ઞાન શ્રુતજ્ઞાનથી અને કેવલજ્ઞાનથી કથંચિદ્ ભિન્ન અને કથંચિદ્ અભિન્ન :-**

દિવસ ઊગતાં પહેલાં સવારના અરુણોદય થાય છે, તે અરુણોદય દિવસથી અને રાત્રિથી પૃથક્ છે અથવા પૃથગ્ નથી. તેથી એ પ્રાપ્ત થાય કે અપેક્ષાએ અરુણોદય રાત્રિ અને દિવસથી પૃથક્ છે અને અપેક્ષાએ અરુણોદય રાત્રિ અને દિવસથી પૃથગ્ નથી.

કઈ અપેક્ષાએ અરુણોદય રાત્રિ અને દિવસથી પૃથક્ છે ? અને કઈ અપેક્ષાએ અરુણોદય રાત્રિ અને દિવસથી પૃથક્ નથી ? તે સ્પષ્ટ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરુણોદયમાં રાત્રિ અને દિવસનું એકરૂપપણું વિવેચન કરવું શક્ય નથી અર્થાત્ અરુણોદય રાત્રિસ્વરૂપ છે અથવા તો અરુણોદય દિવસસ્વરૂપ છે, એ રીતે વિવેચન કરવું શક્ય નથી.

અરુણોદય રાત્રિસ્વરૂપ છે અથવા તો અરુણોદય દિવસસ્વરૂપ છે, એ રીતે વિવેચન કરવું કેમ શક્ય નથી ? તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ બતાવે છે –

અરુણોદયનું દિવસનું પૂર્વરૂપપણું છે અને રાત્રિનું અપરરૂપપણું છે=પશ્ચાત્ રૂપપણું છે અને દિવસના પૂર્વત્વરૂપ અને રાત્રિના અપરત્વરૂપ અવિશેષ=અભેદ અરુણોદયમાં છે. તેથી અરુણોદયમાં ઉભયભાગનો સંભવ છે=રાત્રિનો ભાગ પણ છે અને દિવસનો ભાગ પણ છે. તેથી અરુણોદયને રાત્રિ અને દિવસથી અપેક્ષાએ પૃથક્ અને અપેક્ષાએ અપૃથક્ કહેલ છે. તે પ્રમાણે પ્રાતિભજ્ઞાન પણ શ્રુતજ્ઞાનથી અને કેવલજ્ઞાનથી અપેક્ષાએ પૃથક્ છે અને અપેક્ષાએ અપૃથક્ છે. તેમાંથી પ્રથમ કેવલજ્ઞાનથી અને શ્રુતજ્ઞાનથી પ્રાતિભજ્ઞાન પૃથક્ છે તેને ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

કેવલજ્ઞાનની પ્રાપ્તિના પૂર્વકાળમાં જ તેવા પ્રકારનો ક્ષયોપશમ જીવમાં થાય છે, જેનાથી કેવલજ્ઞાનની પ્રાપ્તિના પ્રકૃષ્ટ ઉપાયનું જ્ઞાન પ્રગટે છે; તે પ્રાતિભજ્ઞાન છે, તેથી પ્રાતિભજ્ઞાનને તત્ત્વથી શ્રુત કહેવામાં આવતું નથી; કેમ કે શાસ્ત્રવચનના બોધથી જે જ્ઞાન થાય છે, તે શ્રુતજ્ઞાન છે એ પ્રકારનો વ્યવહાર છે; અને પ્રકૃષ્ટબુદ્ધિવાળા એવા ગણધરોને પણ શાસ્ત્રવચનના બળથી આ પ્રાતિભજ્ઞાન પ્રગટ થતું નથી, વળી દિવસની પૂર્વમાં જેમ અરુણોદય થાય છે, તેમ કેવલજ્ઞાનની પૂર્વમાં કેવલજ્ઞાનના પ્રકૃષ્ટ ઉપાયનું જ્ઞાન કરાવે તેવું પ્રાતિભજ્ઞાન પ્રગટે છે, તેથી જેમ રાત્રિથી અરુણોદય પૃથક્ છે, તેમ શ્રુતથી પ્રાતિભજ્ઞાન પૃથક્ છે.

વળી કેવલજ્ઞાન સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયના વિષયવાળું છે અને ક્ષાયિકભાવવાળું છે, અને આ પ્રાતિભજ્ઞાન કેવલજ્ઞાનની પ્રાપ્તિના પ્રકૃષ્ટ ઉપાયને જણાવનાર હોવા છતાં સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયનો બોધ કરાવતું નથી અને ક્ષાયોપશમિકભાવવાળું છે, તેથી જેમ દિવસથી અરુણોદય પૃથક્ છે, તેમ કેવલજ્ઞાનથી પ્રાતિભજ્ઞાનને પૃથક્ કહેલ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જેમ અરુણોદય રાત્રિથી પૃથક્ છે અને દિવસથી પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃથક્ છે, તેમ પ્રાતિભજ્ઞાન શ્રુતજ્ઞાનથી પૃથક્ છે અને કેવલજ્ઞાનથી પણ પૃથક્ છે.

હવે જેમ અરુણોદય રાત્રિ અને દિવસથી અપૃથક્ છે, તેમ પ્રાતિભજ્ઞાન, કેવલજ્ઞાનથી અને શ્રુતજ્ઞાનથી અપૃથક્ કઈ અપેક્ષાએ છે ? તે ગ્રંથકારશ્રી બતાવે છે -

પ્રાતિભજ્ઞાન કેવલજ્ઞાનની પૂર્વકોટિમાં વ્યવસ્થિત છે=પૂર્વ અવસ્થામાં રહેલું છે, તેથી કેવલજ્ઞાનનો હેતુ છે; અને પ્રાતિભજ્ઞાન શ્રુતજ્ઞાનથી અપરકોટિમાં વ્યવસ્થિત છે=પ્રકૃષ્ટ શ્રુતની પ્રાપ્તિ થયા પછી ઉત્તરમાં થનારું છે, તેથી શ્રુતનું કાર્ય છે માટે કેવલજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી પ્રાતિભજ્ઞાન અભિન્ન છે અર્થાત્ શ્રુતનું કાર્ય હોવાથી શ્રુતથી અભિન્ન છે અને કેવલનું કારણ હોવાથી કેવલજ્ઞાનથી અભિન્ન છે.

આનાથી એ ફલિત થયું કે પ્રાતિભજ્ઞાન, કેવલજ્ઞાનથી અને શ્રુતજ્ઞાનથી અભિન્ન હોવાને કારણે પ્રાતિભજ્ઞાનને છઠ્ઠા જ્ઞાનરૂપે માનવાનો પ્રસંગ નથી; અને પ્રાતિભજ્ઞાન શ્રુતથી અપેક્ષાએ પૃથક્ હોવાને કારણે શ્રુતજ્ઞાનરૂપ નથી, અને કેવળજ્ઞાનથી પણ ભિન્ન હોવાથી કેવળજ્ઞાનરૂપ પણ નથી, અને આ પ્રાતિભજ્ઞાનથી કેવલજ્ઞાનના પ્રકૃષ્ટ ઉપાયરૂપ સામર્થ્યયોગનું જ્ઞાન થાય છે, માટે સામર્થ્યયોગને શાસ્ત્રથી અતિક્રાંતવિષયવાળો કહેલ છે. **॥૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૭માં યુક્તિથી સ્થાપન કર્યું કે પ્રાતિભજ્ઞાનથી ગમ્ય એવો સામર્થ્યયોગ છે. હવે આ સામર્થ્યયોગ પાતંજલાદિને પણ ઋતંભરાદિ શબ્દોથી કઈ રીતે અભિમત છે, તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**ऋतम्भरादिभिः शब्दैर्वाच्यमेतत्परैरपि ।**
**इष्यते गमकत्वं चामुष्य व्यासोऽपि यज्जगौ ।।९।।**

**અન્વયાર્થ :-**

**अपरैरपि=બીજાઓ વડે પણ=પાતંજલાદિ વડે પણ, ऋतम्भरादिभिः शब्दैः= ઋતંભરાદિ શબ્દો વડે एतत्=આ=પ્રાતિભજ્ઞાન, वाच्यम्=વાચ્ય ઈચ્છાય છે**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चामुष्य=અને આનું=પ્રાતિભજ્ઞાનનું, गमकत्त्वं=સામર્થ્યયોગજ્ઞાપકપણું इष्यते= ઈચ્છાય છે. यत्=જે કારણથી व्यासोऽपि=વ્યાસે પણ जगौ=કહ્યું છે. ॥૯॥

**શ્લોકાર્થ :-**

**પાતંજલાદિ વડે પણ ઋતંભરાદિ શબ્દો વડે પ્રાતિભજ્ઞાન વાચ્ય ઈચ્છાય છે, અને પ્રાતિભજ્ઞાનનું સામર્થ્યયોગજ્ઞાપકપણું ઈચ્છાય છે, જે કારણથી વ્યાસે પણ કહ્યું છે. ॥૯॥**

**ટીકા :-**

ऋतम्भरादिभिरिति-एतत्=प्रकृतं प्रातिभज्ञानं, परैरपि=पातञ्जलादिभिः, ऋतम्भरादिभिः शब्दैर्वाच्यमिष्यते, आदिना तारकादिशब्दग्रहः, गमकत्त्वं=सामर्थ्ययोगज्ञापकत्त्वं, चामुष्य प्रातिभस्य परैरिष्यते, यद्=यस्माद्, व्यासोऽपि जगौ ॥९॥

**ટીકાર્થ :-**

एतत् ..... जगौ ॥ આ=પ્રકૃત એવું પ્રાતિભજ્ઞાન, પર એવા પાતંજલાદિ વડે પણ ઋતંભરાદિ શબ્દોથી વાચ્ય ઈચ્છાય છે.

ઋતંભરાદિમાં 'આદિ' શબ્દથી તારકાદિ શબ્દનું ગ્રહણ કરવું. આનું= પ્રાતિભજ્ઞાનનું, ગમકપણું=સામર્થ્યયોગનું જ્ઞાપકપણું, બીજાઓ વડે ઈચ્છાય છે, જે કારણથી વ્યાસે પણ કહ્યું છે. ॥૯॥

**ભાવાર્થ :-**

**પાતંજલાદિ વડે ઋતંભરાદિ શબ્દોથી વાચ્ય સામર્થ્યયોગ :-**

શ્લોક-૭માં ગ્રંથકારશ્રીએ સામર્થ્યયોગનું જ્ઞાપક એવું પ્રાતિભજ્ઞાન છે, તેમ યુક્તિથી સ્થાપન કર્યું. આથી સામર્થ્યયોગ શાસ્ત્રથી અતિક્રાંતવિષયવાળો છે, તેમ સિદ્ધ કર્યું. હવે જેમ જૈનદર્શન શ્રુતજ્ઞાનથી ભિન્ન પ્રાતિભજ્ઞાનને સામર્થ્યયોગનું કારણ સ્વીકારે છે, તેમ પાતંજલાદિ પણ શ્રુતજ્ઞાનથી ભિન્ન એવા પ્રાતિભજ્ઞાનને ઋતંભરાદિ શબ્દોથી વાચ્ય સ્વીકારે છે, અને બીજાઓ પ્રાતિભજ્ઞાનને સામર્થ્યયોગનું જ્ઞાપક પણ સ્વીકારે છે. તેથી સ્વમાન્યતા સાથે પાતંજલાદિની પણ એકવાક્યતા છે તે સિદ્ધ થાય છે. અન્ય દર્શનકારો પ્રાતિભજ્ઞાનને સામર્થ્યયોગનું જ્ઞાપક સ્વીકારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, તેમાં વ્યાસઋષિની સાક્ષી ગ્રંથકારશ્રી આપે છે, જે શ્લોક-૧૦માં સ્વયં ગ્રંથકારશ્રી બતાવવાના છે.

**ઋતંભરાપ્રજ્ઞા :-**

'ऋतं सत्यं बिभर्ति' ઋત=સત્ય, સત્યને જે ધારણ કરે, ક્યારે પણ વિપર્યયથી આચ્છાદન ન પામે તે ઋતંભરા પ્રજ્ઞા છે અને તે પ્રજ્ઞાથી યોગી યથાવત્ સર્વ જુએ છે=પ્રકૃષ્ટ યોગમાર્ગને પ્રાપ્ત કરે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે પ્રકૃષ્ટ એવા યોગમાર્ગની પ્રાપ્તિનું કારણ એવી જે પ્રજ્ઞા તે ઋતંભરા પ્રજ્ઞા છે અને તે પ્રાતિભજ્ઞાનરૂપ છે, તેનાથી યોગીને પ્રકૃષ્ટ યોગમાર્ગ પ્રાપ્ત થાય છે, તેથી મોહનો નાશ કરીને યોગી વીતરાગ બને છે.

ઋતંભરાદિમાં આદિ શબ્દથી તારકજ્ઞાનનું ગ્રહણ છે અને જે સંસારસાગરથી તરવાનું કારણ બને એવું જે જ્ઞાન તે તારકજ્ઞાન છે, એ પ્રકારની વ્યુત્પત્તિથી તારકજ્ઞાન પણ પ્રાતિભજ્ઞાન છે. **॥૯॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૯માં કહ્યું કે પ્રાતિભજ્ઞાન સામર્થ્યયોગનું જ્ઞાપક છે, જે કારણથી વ્યાસે પણ કહ્યું છે. તેથી હવે વ્યાસે જે કહ્યું છે તે ગ્રંથકારશ્રી બતાવે છે -**

**શ્લોક :-**

**आगमेनानुमानेन योगा(ध्याना)भ्यासरसेन च ।**
**त्रिधा प्रकल्पयन् प्रज्ञां लभते योगमुत्तमम् ।।१०।।**

**અન્વયાર્થ :-**

आगमेनानुमानेन ध्यानाभ्यासरसेन च=**આગમથી, અનુમાનથી અને ધ્યાનાભ્યાસના રસથી** त्रिधा प्रज्ञां प्रकल्पयन्=**ત્રણ પ્રકારે પ્રજ્ઞાને પ્રકલ્પતો=વ્યાપાર કરતો** उत्तमं योगं लभते=**ઉત્તમ યોગને પામે છે. ।।૧૦।।**

**શ્લોકાર્થ :-**

**આગમથી, અનુમાનથી અને ધ્યાનાભ્યાસના રસથી ત્રણ પ્રકારે**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રજ્ઞાનો વ્યાપાર કરતો ઉત્તમ યોગને પામે છે. ।।૧૦।।**

**ટીકા :-**

आगमेनेति-आगमेन=शास्त्रेण, अनुमानेन=लिङ्गाल्लिङ्गिज्ञानरूपेण, ध्यानाभ्यासस्य रसः=श्रुतानुमानप्रज्ञाविलक्षणऋतम्भराख्यो विशेषविषयः, तेन च त्रिधा प्रज्ञां प्रकल्पयन् उत्तमं=सर्वोत्कृष्टं, योगं लभते ।।१०।।

**ટીકાર્થ :-**

आगमेन ..... लभते ।। **આગમથી=શાસ્ત્રથી, લિંગથી લિંગીના જ્ઞાનરૂપ અનુમાનથી, શ્રુતપ્રજ્ઞાથી અને અનુમાનપ્રજ્ઞાથી વિલક્ષણ ઋતંભરા નામના વિશેષવિષયરૂપ ધ્યાનાભ્યાસનો રસ તેનાથી, ત્રણ પ્રકારે પ્રજ્ઞાનો વ્યાપાર કરતો ઉત્તમ યોગને=સર્વોત્કૃષ્ટ યોગને=સામર્થ્યયોગને, પામે છે. ।।૧૦।।**

**ભાવાર્થ :-**

**આગમથી, અનુમાનથી અને ધ્યાનાભ્યાસના રસથી સામર્થ્યયોગની પ્રાપ્તિ :-**

અતીન્દ્રિય પદાર્થો મતિજ્ઞાનનો વિષય નથી, પરંતુ આગમનો વિષય છે. તેથી યોગી અતીન્દ્રિય પદાર્થોને શાસ્ત્રોથી જાણે, શાસ્ત્રોના કહેવાના તાત્પર્યનો અનુમાનથી યથાર્થ નિર્ણય કરે અને નિર્ણય કર્યા પછી તે પદાર્થોને જીવનમાં ઉતારવા માટે ધ્યાનમાં યત્ન કરે.

જેમ કે શાસ્ત્રો રાગાદિના ઉચ્છેદ માટે સર્વ ઉચિત પ્રવૃત્તિ બતાવે છે. તેથી યોગી શાસ્ત્રવચનથી ઉચિત પ્રવૃત્તિનું જ્ઞાન કરે, યુક્તિ દ્વારા તે શાસ્ત્રવચનના તાત્પર્યને યથાર્થ જોડે અને ત્યારપછી તેને જીવનમાં ઉતારવા માટે ધ્યાનમાં સમ્યગ્ યત્ન કરે, ત્યારે શુદ્ધ આત્માને પ્રગટ કરવા માટેનો ધ્યાનનો અભ્યાસ પ્રગટે છે.

ધ્યાનના અભ્યાસનો રસ એટલે શ્રુતપ્રજ્ઞાથી અને અનુમાનપ્રજ્ઞાથી વિલક્ષણ એવી ઋતંભરા પ્રજ્ઞા. તે પ્રજ્ઞા જ્યારે પ્રગટે ત્યારે શુદ્ધ આત્માને આવિર્ભાવ કરવાનો ધ્યાનાભ્યાસનો રસ જીવમાં પ્રગટે છે.

આ રીતે આગમથી, અનુમાનથી અને ધ્યાનાભ્યાસના રસથી ત્રણ રીતે પ્રજ્ઞાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોડતો સાધક યોગી ક્ષયોપશમભાવના ધર્મોનો ત્યાગ કરવાનું કારણ બને એવા સામર્થ્યયોગને પ્રાપ્ત કરે છે.

આ સામર્થ્યયોગ ઉત્કૃષ્ટ યોગ છે; કેમ કે પૂર્વનો શાસ્ત્રવચનાનુસાર સેવાતો યોગ ઔદયિકભાવના ધર્મોનો ત્યાગ કરીને ક્ષાયોપશમિકભાવના ધર્મોને પ્રગટ કરે છે, અને સામર્થ્યયોગ ક્ષયોપશમભાવના ધર્મોનો ત્યાગ કરીને ક્ષાયિકભાવના ધર્મોને પ્રાપ્ત કરાવે છે, માટે ઉત્કૃષ્ટ યોગ છે. **॥૧૦॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૭માં પ્રાતિભજ્ઞાનગમ્ય સામર્થ્યયોગ છે એમ બતાવ્યું અને તે પ્રાતિભજ્ઞાન કેવલજ્ઞાનની પૂર્વે અરુણોદય જેવું છે, તે યુક્તિથી શ્લોક-૮માં બતાવ્યું. આ પ્રાતિભજ્ઞાનને પાતંજલાદિ ઋતંભરા આદિ શબ્દોથી કહે છે, તે શ્લોક-૯માં બતાવ્યું અને આ ઋતંભરા પ્રજ્ઞા સામર્થ્યયોગની ગમક છે, તે વાત વ્યાસ ઋષિના કથનથી શ્લોક-૧૦માં બતાવી. હવે તે સામર્થ્યયોગ બે પ્રકારનો છે. તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

द्विधाऽयं धर्मसंन्यासयोगसंन्याससञ्ज्ञितः ।
क्षायोपशमिका धर्मा योगाः कायादिकर्म तु ।।११।।

**અન્વયાર્થ :-**

धर्मसंन्यासयोगसंन्याससञ्ज्ञितः=**ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ સંજ્ઞાવાળો** अयं=**આ=સામર્થ્યયોગ,** द्विधा=**બે પ્રકારનો છે.**

ધર્મસંન્યાસ નામના પ્રથમ સામર્થ્યયોગમાં ધર્મોનો ત્યાગ થાય છે અને યોગસંન્યાસ નામના બીજા સામર્થ્યયોગમાં યોગોનો ત્યાગ થાય છે. તેથી તે ધર્મોનું અને યોગોનું સ્વરૂપ શ્લોકના ઉત્તરાર્ધથી ગ્રંથકારશ્રી બતાવે છે –

क्षायोपशमिका धर्माः=**ક્ષાયોપશમિક ધર્મો છે,** तु कायादिकर्म योगाः=**વળી કાયાદિકર્મ યોગો છે. ।।૧૧।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ સંજ્ઞાવાળો સામર્થ્યયોગ બે પ્રકારનો છે. ક્ષાયોપશમિક ધર્મો છે, વળી કાયાદિકર્મ યોગો છે. ।।૧૧।।**

**ટીકા :-**

द्विधेति-द्विधा द्विप्रकारोऽयं सामर्थ्ययोगः । धर्मसन्न्यासयोगसन्न्याससञ्ज्ञे जाते यस्य स तथा, सञ्ज्ञा चेह तथा सञ्ज्ञायत इति कृत्वा तत्स्वरूपमेव गृह्यते । क्षायोपशमिकाः=क्षयोपशमनिर्वृत्ताः क्षान्त्यादयो धर्माः, योगास्तु=कायादिकर्म कायोत्सर्गकरणादयः कायादिव्यापाराः ।।११।।

**ટીકાર્થ :-**

द्विधा ..... गृह्यते । **બે પ્રકારે આ=સામર્થ્યયોગ છે. ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ સંજ્ઞા થઈ છે જેને, તે તેવો છે=ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ સંજ્ઞાવાળો છે.**

અહીં સંજ્ઞિતનો અર્થ સંજ્ઞાવાળો છે એમ કહ્યું. તેનું તાત્પર્ય ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

**અને અહીં=ધર્મસંન્યાસ અને યોગસંન્યાસસંજ્ઞિત એ પ્રકારના પ્રયોગમાં, તેના વડે=ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ સંજ્ઞા વડે, જણાય છે. એથી કરીને સંજ્ઞા શબ્દ વડે તેનું સ્વરૂપ જ ગ્રહણ થાય છે=સામર્થ્યયોગનું સ્વરૂપ જ ગ્રહણ થાય છે.**

ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ સંજ્ઞાવાળો બે પ્રકારનો સામર્થ્યયોગ બતાવ્યો. તેમાં પ્રથમ સામર્થ્યયોગમાં ધર્મોનો ત્યાગ છે અને બીજા સામર્થ્યયોગમાં યોગોનો ત્યાગ છે. તેથી સામર્થ્યયોગમાં કયા ધર્મોનો અને કયા યોગોનો ત્યાગ છે, તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

क्षायोपशमिका ..... व्यापाराः ।। **ક્ષાયોપશમિક=ક્ષયોપશમથી જે નિષ્પન્ન થયેલ, ક્ષાંત્યાદિ ધર્મો છે, વળી કાયાદિ કર્મ=કાયોત્સર્ગકરણાદિ કાયાદિ વ્યાપારો, યોગ છે. ।।૧૧।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

જીવના સ્વપરાક્રમથી મોક્ષને અનુકૂળ પ્રગટ થનારો સામર્થ્યયોગ નામનો વ્યાપાર (૧) **ધર્મસંન્યાસ સંજ્ઞાવાળો** અને (૨) **યોગસંન્યાસ સંજ્ઞાવાળો** એમ બે પ્રકારનો છે.

**(૧) ધર્મસંન્યાસસંજ્ઞિત સામર્થ્યયોગનું સ્વરૂપ :-** મોક્ષને અનુકૂળ ક્ષયોપશમભાવના ક્ષમાદિ ધર્મો, તે ધર્મોનો ત્યાગ કરીને તે જીવ પોતાના મૂળ સ્વભાવરૂપ ક્ષાયિકભાવના ક્ષમાદિ ગુણો=ધર્મો જેનાથી પ્રગટ કરે છે, તે ધર્મસંન્યાસ નામનો સામર્થ્યયોગ છે.

**(૨) યોગસંન્યાસસંજ્ઞિત સામર્થ્યયોગનું સ્વરૂપ :-** કાયાદિની ક્રિયાઓ= કાયોત્સર્ગકરણાદિ વ્યાપારો, તે યોગો છે, અને તે કાયાદિ ક્રિયાઓનો ત્યાગ બીજા યોગસંન્યાસ નામના સામર્થ્યયોગમાં થાય છે. આ યોગમાં જીવ કર્મબંધના કારણીભૂત યોગ વગરનો થાય છે, જે જીવની શૈલેશી અવસ્થા છે. આ શૈલેશી અવસ્થાની પ્રાપ્તિરૂપ બીજો સામર્થ્યયોગ છે.

અહીં વિશેષ એ છે કે સામર્થ્યયોગની પ્રાપ્તિ પૂર્વે યોગીઓ શાસ્ત્રવચનાનુસાર ક્ષયોપશમભાવના ક્ષમાદિ ભાવોને પ્રગટ કરવા અર્થે અને પ્રગટ થયેલા ક્ષયોપશમભાવના ક્ષમાદિ ગુણોને=ભાવોને, અતિશય કરવા અર્થે યત્ન કરે છે. તેથી તેઓ રાગાદિના પ્રતિપક્ષનું ભાવન થાય તે રીતે સર્વ ઉચિત ક્રિયાઓ શાસ્ત્રવચનાનુસાર કરે છે માટે તે ક્રિયાઓથી રાગાદિના પ્રતિપક્ષભૂત ક્ષયોપશમભાવના ક્ષમાદિ ગુણો ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે અને યોગીમાં સામર્થ્યયોગની શક્તિ આવે છે.

યોગીઓ જ્યારે સામર્થ્યયોગને પ્રાપ્ત કરે છે ત્યારે આત્માના શુદ્ધ સ્વરૂપને આવિર્ભાવ કરવા માટેનું સામર્થ્ય પ્રગટે છે, જે આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનકમાં પ્રગટ થાય છે, અને પ્રગટ થયેલા ધર્મસંન્યાસરૂપ સામર્થ્યયોગથી પૂર્વમાં પ્રાપ્ત થયેલા ક્ષયોપશમભાવરૂપ ધર્મોનો ત્યાગ કરવાનો પ્રારંભ થાય છે; પરંતુ આઠમા ગુણસ્થાનકમાં ક્ષાયિકભાવના ક્ષમાદિ ગુણો પ્રગંટ થતા નથી. આમ છતાં આઠમા ગુણસ્થાનકથી પ્રગટ થયેલા સામર્થ્યયોગના બળથી નવમા ગુણસ્થાનક આદિમાં ક્રમસર ક્ષયોપશમભાવના ક્ષમાદિ ગુણોનો ત્યાગ થાય છે અને જીવની પ્રકૃતિરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષાયિકભાવના ક્ષમાદિ ગુણો પ્રગટ થાય છે, અને પૂર્ણ ક્ષાયિકભાવના ગુણો દસમા ગુણસ્થાનકના અંતે પ્રગટ થાય છે અને બારમું ગુણસ્થાનક સંપૂર્ણ મોહના ક્ષયથી ક્ષાયિકભાવનું છે અને બાકીના જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય, એ ત્રણ ઘાતિકર્મની અપેક્ષાએ ક્ષયોપશમભાવનું છે અને તેરમું ગુણસ્થાનક સંપૂર્ણ ક્ષાયિકભાવનું છે.

વળી તેરમા ગુણસ્થાનકના અંતે કેવલી યોગનિરોધ કરવાનું શરૂ કરે છે અને ચૌદમા ગુણસ્થાનકમાં કાયાદિ કર્મોનો ત્યાગ થાય છે. ત્યારે બીજા સામર્થ્યયોગનો પ્રારંભ થાય છે, તેથી ચૌદમું ગુણસ્થાનક યોગસંન્યાસ સંજ્ઞાવાળું છે.

ટીકામાં, કાયાદિ ક્રિયારૂપ યોગોનો અર્થ કર્યો કે કાયોત્સર્ગકરણાદિરૂપ કાયાદિ વ્યાપારો. તેથી એ પ્રાપ્ત થાય કે જ્યાં સુધી યોગીએ યોગનિરોધ કર્યો નથી, ત્યાં સુધી છદ્મસ્થાવસ્થામાં કાયોત્સર્ગ કરે છે, તે કાયાનો વ્યાપાર છે, ઉચિત ઉપદેશ આપે છે, તે વાચિક વ્યાપાર છે, અને તત્ત્વચિંતનમાં મનોયોગને પ્રવર્તાવે છે તે મનનો વ્યાપાર છે; અને આ ત્રણે વ્યાપારો કેવલીને પણ ભૂમિકા પ્રમાણેના હોય છે. આથી કેવલી પણ કાયાદિવ્યાપારો કરે છે, ઉપદેશાદિ આપે છે અને મનોદ્રવ્ય દ્વારા અનુત્તરવાસી દેવોને ઉત્તર પણ આપે છે. તે સર્વ વ્યાપારોનો ત્યાગ બીજા યોગસંન્યાસસંજ્ઞિત સામર્થ્યયોગમાં થાય છે. **॥૧૧॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૧માં ધર્મસંન્યાસસંજ્ઞિત અને યોગસંન્યાસસંજ્ઞિત બે પ્રકારનો સામર્થ્યયોગ બતાવ્યો. હવે બે પ્રકારના સામર્થ્યયોગમાંથી પ્રથમ સામર્થ્યયોગ ક્યારે થાય છે અને બીજો સામર્થ્યયોગ ક્યારે થાય છે, તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે -**

**શ્લોક :-**

**द्वितीयापूर्वकरणे प्रथमस्तात्त्विको भवेत् ।**
**आयोज्यकरणादूर्ध्वं द्वितीय इति तद्विदः ।।१२।।**

**અન્વયાર્થ :-**

द्वितीयापूर्वकरणे=**બીજા અપૂર્વકરણમાં** प्रथमः=**પ્રથમ સામર્થ્યયોગ** तात्त्विको

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भवेत्=તાત્ત્વિક થાય છે. आयोज्यकरणादूर्ध्वं=આયોજ્યકરણથી ઊર્ધ્વ द्वितीयः= બીજો સામર્થ્યયોગ થાય છે. इति=એ પ્રમાણે तद्विदः=તેના જાણનારાઓ= યોગના જાણનારાઓ, કહે છે. ॥૧૨॥

**શ્લોકાર્થ :-**

**બીજા અપૂર્વકરણમાં પ્રથમ સામર્થ્યયોગ તાત્ત્વિક થાય છે, આયોજ્યકરણથી ઊર્ધ્વ બીજો સામર્થ્યયોગ થાય છે, એ પ્રમાણે યોગના જાણનારાઓ કહે છે. ॥૧૨॥**

**ટીકા :-**

**द्वितीयेति-द्वितीयापूर्वकरण इति ग्रन्थिभेदनिबन्धनप्रथमापूर्वकरणव्यवच्छेदार्थं द्वितीयग्रहणं, प्रथमेऽधिकृतसामर्थ्ययोगासिद्धेः, अपूर्वकरणस्य तु तत्रासञ्जात-पूर्वग्रन्थिभेदादिफलेनाभिधानात्, यथाप्राधान्यमयमुपन्यासः, चारुश्च (लाभश्च) पश्चानुपूर्व्येति समयविदः ।**

**ततो द्वितीयेऽस्मिंस्तथाविधकर्मस्थितेस्तथाविधसङ्ख्येयसागरोपमातिक्रमभाविनि प्रथमो धर्मसन्न्याससंज्ञितः सामर्थ्ययोगस्तात्त्विकः=पारमार्थिको, भवेत्, क्षपकश्रेणि-योगिनः क्षायोपशमिकक्षान्त्यादिधर्मनिवृत्तेः ।**

**अतात्त्विकस्तु प्रव्रज्याकालेऽपि भवति, प्रवृत्तिलक्षणधर्मसन्न्यासायाः प्रव्रज्याया ज्ञानयोगप्रतिपत्तिरूपत्वात्, अत एवास्या भवविरक्त एवाधिकार्युक्तः । यथोक्तं -**

"अथ प्रव्रज्यार्हः, आर्यदेशोत्पन्नः, विशिष्टजातिकुलान्वितः, क्षीणप्रायःकर्ममलबुद्धिः (क्षीणप्रायःकर्ममलः, तत एव विमलबुद्धिः) "दुर्लभं मानुष्यं, जन्ममरणनिमित्तं, संपदश्चलाः, विषया दुःखहेतवः, संयोगो वियोगान्तः, प्रतिक्षणं मरणं, दारुणो विपाकः", इत्यवगतसंसारनैर्गुण्यः, तत एव तद्विरक्तः, प्रतनुकषायः, अल्पहास्यादिः, कृतज्ञो, विनीतः, प्रागपि राजामात्यपौरजनबहुमतः, अद्रोहकारी, कल्याणाङ्गः, श्राद्धः, (स्थिरः,) समुपसंपन्नश्चेति" न ह्यनीदृशो ज्ञानयोगमाराधयति, न चेदृशो नाराधयतीति भावनीयं, सर्वज्ञवचनमागमस्तन्न्यायमनिरूपितार्थः" । **(योगदृष्टिः/श्लोक-१० टीकायाम्)** इति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

**द्वितीय ..... द्वितीयग्रहणं, દ્વિતીય અપૂર્વકરણમાં પ્રથમ તાત્ત્વિક થાય છે, એ પ્રકારના શ્લોકના કથનમાં, ગ્રંથિભેદનું કારણ પ્રથમ અપૂર્વકરણના વ્યવચ્છેદ માટે દ્વિતીયનું ગ્રહણ છે.**

અહીં પ્રશ્ન થાય કે પ્રથમ અપૂર્વકરણનો વ્યવચ્છેદ કેમ કર્યો ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

**प्रथमे ..... समयविदः । પ્રથમમાં=પ્રથમ અપૂર્વકરણમાં, અધિકૃત સામર્થ્યયોગની અસિદ્ધિ છે=ક્ષયોપશમભાવના ધર્મોના ત્યાગરૂપ અધિકૃત સામર્થ્યયોગની અસિદ્ધિ છે. તેથી પ્રથમ અપૂર્વકરણનો વ્યવચ્છેદ કરવા માટે દ્વિતીય અપૂર્વકરણનું ગ્રહણ છે, એમ અન્વય છે.**

**વળી તેમાં=ગ્રંથિભેદકાલીન થતા પ્રથમ અપૂર્વકરણમાં, અપૂર્વકરણનું પૂર્વે નહિ થયેલા એવા ગ્રંથિભેદાદિ ફળ વડે અભિધાન હોવાથી ત્યાં પણ સામર્થ્યયોગ છે, આમ છતાં અધિકૃત સામર્થ્યયોગ નથી, એમ અન્વય છે; (અને પ્રથમ અપૂર્વકરણ ગ્રંથિભેદાદિ ફળવાળો છે અને તેનાથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, અને તે સમ્યક્ત્વ પ્રશમાદિ લિંગવાળું છે અને તે પ્રશમાદિ લિંગો પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યની અભિવ્યક્તિ સ્વરૂપ તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન છે, એ પ્રકારના તત્ત્વાર્થના વચનથી નક્કી થાય છે;) પ્રાધાન્ય પ્રમાણે આ ઉપન્યાસ છે=શમસંવેગાદિના ક્રમનો ઉપન્યાસ છે અને લાભ પશ્ચાનુપૂર્વીથી છે, એ પ્રમાણે સમયના જાણનારાઓ કહે છે.**

❖ અહીં ટીકામાં तत्रासञ्जातपूर्वग्रन्थिभेदादिफलेनाभिधानात् ત્યારપછી यथाप्राधान्यमयमुपन्यासः પાઠ છે, ત્યાં વચ્ચે અમુક પાઠ છૂટી ગયો લાગે છે, એ પ્રમાણે સંભાવના છે. તેથી સંભવિત પાઠ યોગદૃષ્ટિ શ્લોક-૧૦ના આધારે લઈને ટીકાર્થમાં તેનો અર્થ (  ) માં મૂકેલ છે.

❖ चारुश्च पश्चानुपूर्व्या - અહીં चारुश्च ના સ્થાને लाभश्च પાઠની સંભાવના છે અને તે મુજબ અર્થ કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

ततो ..... धर्मनिवृत्तेः । **તેથી=દ્વિતીય અપૂર્વકરણમાં દ્વિતીયનું ગ્રહણ પ્રથમ અપૂર્વકરણના વ્યવચ્છેદ માટે છે તેથી, તેવા પ્રકારની કર્મસ્થિતિથી= મુનિભાવની નિષ્પત્તિની પ્રાપ્તિમાં કારણ બને તેવા પ્રકારની કર્મસ્થિતિથી, તથાવિધ સંખ્યેય સાગરોપમ અતિક્રમભાવી એવા બીજા આમાં=ક્ષપકશ્રેણિનું કારણ બને તેટલા પ્રમાણમાં સંખ્યાતા સાગરોપમની અલ્પસ્થિતિવાળા એવા બીજા અપૂર્વકરણમાં, પ્રથમ=ધર્મસંન્યાસસંજ્ઞાવાળો સામર્થ્યયોગ, તાત્ત્વિક=પારમાર્થિક, થાય છે; કેમ કે ક્ષપકશ્રેણિવાળા યોગીને ક્ષાયોપશમિક ક્ષમાદિ ધર્મોની નિવૃત્તિ છે.**

अतात्त्विकस्तु ..... उक्तः । **અતાત્ત્વિક વળી પ્રવ્રજ્યાકાળમાં પણ થાય છે; કેમ કે પ્રવૃત્તિલક્ષણધર્મસંન્યાસરૂપ પ્રવ્રજ્યાનું જ્ઞાનયોગની પ્રતિપત્તિરૂપપણું છે. આથી જ=પ્રવ્રજ્યા જ્ઞાનયોગપ્રતિપત્તિરૂપ છે આથી જ, આનો= પ્રવ્રજ્યાનો, ભવવિરક્ત જ અધિકારી કહેવાયો છે.**

यथोक्तम् - **જે પ્રમાણે યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ શ્લોક-૧૦માં કહેવાયું છે -**

"अथ प्रव्रज्यार्हः ..... समुपसम्पन्नश्चेति" પ્રવ્રજ્યાયોગ્ય જીવ આર્યદેશમાં ઉત્પન્ન થયેલો, વિશિષ્ટ જાતિ અને કુળથી યુક્ત, ક્ષીણપ્રાયઃ કર્મમલવાળો, તેથી જ વિમલબુદ્ધિવાળો છે.

વિમલબુદ્ધિ હોવાથી સંસારનું સ્વરૂપ જાણે છે, તેને સ્પષ્ટ કરે છે –

મનુષ્યપણું દુર્લભ છે, જન્મ એ મરણનું નિમિત્ત છે, સંપત્તિઓ ચંચળ છે, વિષયો દુઃખના હેતુઓ છે, સંયોગ વિયોગઅંતવાળો છે, પ્રતિક્ષણ મરણ છે, દારુણ વિપાક છે=કર્મનો દારુણ વિપાક છે, આ પ્રમાણે જાણ્યું છે સંસારનું નિર્ગુણપણું જેણે એવો પ્રવ્રજ્યાયોગ્ય જીવ છે. તેથી જ, તેનાથી=સંસારથી, વિરક્ત છે, પ્રતનુ= અલ્પ, કષાયવાળો છે, અલ્પ હાસ્યાદિવાળો છે, કૃતજ્ઞ છે=કરાયેલ ઉપકારને સ્મૃતિમાં રાખનારો છે, વિનીત છે=ગુરુ આદિ પ્રત્યે વિનયવાળો છે, પૂર્વે પણ=દીક્ષા ગ્રહણ પૂર્વે પણ, રાજા, અમાત્ય, નગરજનને બહુમત=બહુમાન્ય છે, અદ્રોહકારી છે=કોઈનો દ્રોહ ન કરે તેવા સ્વભાવવાળો છે, કલ્યાણ અંગવાળો છે=મોક્ષસાધનાને અનુકૂળ એવાં શરીરનાં સર્વ અંગો પૂર્ણ છે, શ્રદ્ધાવાળો છે=ભગવાનના વચનમાં સ્થિર રુચિવાળો છે, સ્થિર છે=આત્મકલ્યાણના માર્ગમાં સ્થિર પરિણામવાળો છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને સમુપસંપન્ન છે=દીક્ષાગ્રહણ માટે ઉપસ્થિત થયેલો છે.

इति શબ્દ દીક્ષાના અધિકારીના ગુણોની સમાપ્તિ સૂચક છે.

न ह्यनीदृशो ..... भावनीयम्, અને જે આવો નથી=ઉપરમાં બતાવ્યું તેવા ગુણોવાળો નથી, તે દીક્ષા ગ્રહણ કરે તોપણ જ્ઞાનયોગનું આરાધન કરતો નથી. અને આવો= ઉપરમાં બતાવેલા ગુણોવાળો, જ્ઞાનયોગને નથી આરાધતો એમ નહિ અર્થાત્ અવશ્ય આરાધે છે એમ ભાવન કરવું.

પૂર્વમાં પ્રવ્રજ્યાયોગ્યના ગુણો બતાવ્યા અને તેનાથી સ્થાપન કર્યું કે આવો પ્રવ્રજ્યાનો અધિકારી પ્રવ્રજ્યા ગ્રહણ કરીને અવશ્ય જ્ઞાનયોગની આરાધના કરે છે. તેથી એ ફલિત થયું કે પ્રવ્રજ્યા જ્ઞાનયોગપ્રતિપત્તિરૂપ છે માટે પ્રવ્રજ્યા સામર્થ્યયોગરૂપ છે. આમ છતાં પ્રવ્રજ્યાકાળમાં ક્ષયોપશમભાવના ધર્મોનો ત્યાગ નથી, પરંતુ ઔદયિકભાવની પ્રવૃત્તિરૂપ ધર્મોનો ત્યાગ છે, તેથી પ્રવ્રજ્યા અતાત્ત્વિક સામર્થ્યયોગરૂપ છે અર્થાત્ તાત્ત્વિક સામર્થ્યયોગના કારણભૂત એવો સામર્થ્યયોગ પ્રવ્રજ્યાકાળમાં છે, પરંતુ અતાત્ત્વિક સામર્થ્યયોગ એટલે નકલી સામર્થ્યયોગ નહિ.

અહીં પ્રશ્ન થાય કે સામર્થ્યયોગ શાસ્ત્રઅતિક્રાંતવિષયવાળો છે, તેથી શાસ્ત્રના બળથી સામર્થ્યયોગ આવી શકે નહિ, અને પ્રવ્રજ્યા તો શાસ્ત્રવચનાનુસાર પ્રવૃત્તિ કરવાથી આવે છે, તેથી પ્રવ્રજ્યાકાળમાં અતાત્ત્વિક સામર્થ્યયોગ છે, તેમ કેમ કહ્યું ? યોગદૃષ્ટિના ઉદ્ધરણમાં પૂ. આ. હરિભદ્રસૂરિ મહારાજ કહે છે -

सर्वज्ञं ..... अनिरूपितार्थः" **इति ।** સર્વજ્ઞવચન આગમ છે, તે કારણથી આ= જ્ઞાનયોગપ્રતિપત્તિરૂપ સામર્થ્યયોગ, અનિરૂપિતાર્થ નથી=સર્વજ્ઞના વચનરૂપ આગમમાં સામાન્યથી જ્ઞાનયોગપ્રતિપત્તિરૂપ સામર્થ્યયોગનું નિરૂપણ કરેલ છે.

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.**

❖ સાક્ષીપાઠમાં મુદ્રિત પ્રતમાં क्षीणप्रायःकर्ममलबुद्धिः પાઠ છે, ત્યાં યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથ શ્લોક-૧૦ ની ટીકા પ્રમાણે क्षीणप्रायःकर्ममलः, तत एव विमलबुद्धिः એ પ્રમાણે પાઠ જોઈએ અને श्राद्धः પછી 'स्थिरः' એ પાઠ જોઈએ.

પ્રથમ સામર્થ્યયોગ દ્વિતીય અપૂર્વકરણમાં થાય છે, તેનું વર્ણન અત્યાર સુધી કર્યું. હવે શ્લોકના ઉત્તરાર્ધમાં દ્વિતીય સામર્થ્યયોગ ક્યારે થાય છે ? તે બતાવેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. તેનું સ્પષ્ટીકરણ ટીકામાં ગ્રંથકારશ્રી કરે છે –

આયોજ્યકરણથી ઊર્ધ્વ=પછી બીજો સામર્થ્યયોગ થાય છે, એ પ્રમાણે શ્લોકમાં કહ્યું. તેથી પ્રથમ આયોજ્યકરણનો અર્થ કરીને બીજા સામર્થ્યયોગનું સ્વરૂપ ગ્રંથકારશ્રી બતાવે છે –

**ટીકા :-**

**आयोज्यकरणं केवलाभोगेनाचिन्त्यवीर्यतया भवोपग्राहिकर्माणि तथा व्यवस्थाप्य तत्क्षपणव्यापारणं शैलेश्यवस्थाफलं, तत ऊर्ध्वं द्वितीयो=योगसन्न्याससञ्ज्ञितः, इति तद्विदोऽभिदधति शैलेश्यवस्थायां कायादियोगानां सन्न्यासेनायोगाख्यस्य सर्वसन्न्यासलक्षणस्य सर्वोत्तमस्य योगस्य प्राप्तेरिति ।।१२।।**

**ટીકાર્થ :-**

आयोज्यकरणं ..... प्राप्तेरिति ।। **કેવલજ્ઞાનના ઉપયોગથી અચિંત્ય વીર્યપણું હોવાને કારણે ભવોપગ્રાહી કર્મોને તે પ્રકારે વ્યવસ્થાપન કરીને=જે પ્રકારે ક્રમસર ક્ષપણા થાય છે તે પ્રકારે વ્યવસ્થાપન કરીને, તેમના ક્ષપણનું વ્યાપારણ= ભવોપગ્રાહી કર્મોના ક્ષપણનું વ્યાપારણ, આયોજ્યકરણ છે, અને આ આયોજ્યકરણ શૈલેશીઅવસ્થાફળવાળું છે. તેનાથી ઊર્ધ્વ=આયોજ્યકરણથી પછી, દ્વિતીય છે=યોગસંન્યાસ સંજ્ઞાવાળો સામર્થ્યયોગ છે, એ પ્રમાણે તેના જાણનારાઓ કહે છે; કેમ કે શૈલેશીઅવસ્થામાં કાયાદિ યોગોના સંન્યાસને કારણે અયોગ નામના સર્વસંન્યાસરૂપ સર્વોત્તમ એવા યોગની પ્રાપ્તિ છે.**

'इति' **શબ્દ કથનની સમાપ્તિસૂચક છે. ।।૧૨।।**

**ભાવાર્થ :-**

**પ્રથમ અપૂર્વકરણમાં અતાત્ત્વિક સામર્થ્યયોગ અને દ્વિતીય અપૂર્વકરણમાં પ્રથમ સામર્થ્યયોગ :-**

ધર્મસંન્યાસ સંજ્ઞાવાળો અને યોગસંન્યાસ સંજ્ઞાવાળો એમ સામર્થ્યયોગ બે પ્રકારે છે, એમ પૂર્વમાં બતાવ્યું. તેમાં પ્રથમ સામર્થ્યયોગ દ્વિતીય અપૂર્વકરણમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાપ્ત થાય છે અને પ્રસ્તુત શ્લોકની ટીકામાં કહ્યું કે દ્વિતીય અપૂર્વકરણમાં પ્રથમ સામર્થ્યયોગ તાત્ત્વિક થાય છે.

આનાથી અર્થથી એ પ્રાપ્ત થયું કે દ્વિતીય અપૂર્વકરણ પૂર્વે અતાત્ત્વિક સામર્થ્યયોગ પ્રગટ થાય છે, અને તે સ્પષ્ટ કરવા માટે ટીકામાં કહ્યું કે દ્વિતીય અપૂર્વકરણમાં એ પ્રકારના કથનમાં દ્વિતીયનું ગ્રહણ ગ્રંથિભેદના કારણીભૂત એવા પ્રથમ અપૂર્વકરણના વ્યવચ્છેદ માટે છે, અને તેમાં યુક્તિ આપી કે પ્રથમ અપૂર્વકરણમાં અધિકૃત સામર્થ્યયોગની અસિદ્ધિ છે. તેથી અર્થથી એ ફલિત થયું કે પ્રથમ અપૂર્વકરણમાં અધિકૃત એવો સામર્થ્યયોગ નથી અર્થાત્ તાત્ત્વિક સામર્થ્યયોગ નથી, પણ તાત્ત્વિક સામર્થ્યયોગનું કારણ એવો અતાત્ત્વિક સામર્થ્યયોગ છે.

ઈચ્છાયોગ અને શાસ્ત્રયોગ જેમાં ગૌણ છે અને સામર્થ્યયોગ જેમાં પ્રધાન છે, અને જે સામર્થ્યયોગના બળથી ક્ષયોપશમભાવના ધર્મોનો ત્યાગ કરીને જીવની પ્રકૃતિરૂપ તાત્ત્વિક ધર્મોની પ્રાપ્તિ થાય છે તે તાત્ત્વિક સામર્થ્યયોગ છે

વળી તાત્ત્વિક સામર્થ્યયોગની પ્રાપ્તિનું જે કારણ અને ઈચ્છાયોગ અથવા શાસ્ત્રયોગમાંથી કોઈપણ એક જેમાં મુખ્ય છે તે અતાત્ત્વિક સામર્થ્યયોગ છે.

પ્રથમ અપૂર્વકરણ વખતે જીવ જે અપૂર્વ પરાક્રમ ફોરવે છે, તેનાથી ગ્રંથિભેદ, સમ્યક્ત્વ અને પ્રશમાદિ ભાવો પ્રગટે છે. તે સર્વની પ્રાપ્તિમાં અતાત્ત્વિક એવો સામર્થ્યયોગ કારણ છે અને અતાત્ત્વિક એવા સામર્થ્યયોગથી જે અપૂર્વકરણ પ્રગટે છે અને તેના બળથી જે પ્રશમાદિ લિંગો પ્રગટે છે, તેનો ઉપન્યાસ પ્રાધાન્યની અપેક્ષાએ પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યના ક્રમથી કરેલ છે, અને પ્રાપ્તિની દૃષ્ટિએ પશ્ચાનુપૂર્વીથી લાભ છે. આ સર્વ કથન સામર્થ્યયોગના કથન વખતે બતાવવાનું પ્રયોજન પ્રાસંગિક છે; કેમ કે પ્રથમ અપૂર્વકરણ, ગ્રંથિભેદ, સમ્યક્ત્વ અને પશ્ચાનુપૂર્વીથી શમ, સંવેગાદિ ગુણોનો લાભ તે સર્વ અતાત્ત્વિક સામર્થ્યયોગથી થાય છે.

ત્યારપછી તાત્ત્વિક સામર્થ્યયોગ ક્યારે પ્રગટે છે તે સ્પષ્ટ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

ભાવથી સંયમની પ્રાપ્તિકાળમાં જે પ્રકારની કર્મની સ્થિતિ લઘુ થયેલી છે, તે કર્મસ્થિતિથી તેટલા સંખ્યાત સાગરોપમ કર્મની સ્થિતિ સંયમના પાલનથી લઘુ થાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે બીજું અપૂર્વકરણ પ્રગટે છે અને તે વખતે ધર્મસંન્યાસ સંજ્ઞાવાળો પારમાર્થિક સામર્થ્યયોગ પ્રગટ થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સમ્યક્ત્વકાળમાં કર્મની સ્થિતિ ઘણી ઘટેલી હોય છે, તેના કરતાં પણ ઘણી સ્થિતિ ઘટ્યા પછી જીવને ભાવથી દેશવિરતિ પ્રાપ્ત થાય છે. તેમાંથી પણ ઘણી કર્મની સ્થિતિ ઘટે ત્યારે જીવને ભાવથી સર્વવિરતિ પ્રાપ્ત થાય છે અને સર્વવિરતિની પ્રાપ્તિ પછી સંખ્યાતા સાગરોપમ સ્થિતિ ઘટે ત્યારે ઉપશમશ્રેણિ પ્રગટે છે અને ઉપશમશ્રેણિમાં અપેક્ષિત સંખ્યાતા સાગરોપમથી અધિક સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઘટે ત્યારે ક્ષપકશ્રેણિ આવે છે. તેથી ક્ષપકશ્રેણિ માટે અપેક્ષિત સંખ્યાત સાગરોપમની સ્થિતિ અલ્પ બતાવવા માટે તથાવિધ સંખ્યેયસાગરોપમ અતિક્રમભાવી ક્ષપકશ્રેણિવાળું બીજું અપૂર્વકરણ=આઠમું ગુણસ્થાનક છે અને તે બીજા અપૂર્વકરણમાં પ્રથમ ધર્મસંન્યાસ નામનો સામર્થ્યયોગ પારમાર્થિક થાય છે, તેમ કહેલ છે; કેમ કે ક્ષપકશ્રેણિવાળા યોગીઓને સામર્થ્યયોગથી ક્ષયોપશમભાવના ક્ષમાદિ ધર્મોની નિવૃત્તિ થાય છે.

અહીં કહ્યું કે ક્ષપકશ્રેણિમાં તાત્ત્વિક સામર્થ્યયોગ પ્રગટે છે, તેથી તેની પૂર્વે અતાત્ત્વિક સામર્થ્યયોગ હોય છે, તે બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

**પ્રવ્રજ્યાકાળમાં જ્ઞાનયોગપ્રતિપત્તિરૂપ અતાત્ત્વિક સામર્થ્યયોગ :-**

અતાત્ત્વિક સામર્થ્યયોગ પ્રવ્રજ્યાકાળમાં પણ છે; કેમ કે સંસારની પ્રવૃત્તિ સ્વરૂપ ધર્મોના ત્યાગરૂપ પ્રવ્રજ્યા જ્ઞાનયોગના સ્વીકારરૂપ છે.

આનાથી એ ફલિત થાય કે રાગાદિભાવોના ઉચ્છેદને અનુકૂળ જ્ઞાનયોગ છે, અને પ્રવ્રજ્યા એ રાગાદિના ઉચ્છેદને અનુકૂળ ભગવાનના વચનાનુસાર સુદૃઢ યત્નરૂપ છે. તેથી પ્રવ્રજ્યા જ્ઞાનયોગપ્રતિપત્તિરૂપ છે; અને પ્રવ્રજ્યા જ્ઞાનયોગ પ્રતિપત્તિરૂપ છે, માટે સામર્થ્યયોગ છે. આમ છતાં ક્ષયોપશમભાવના ધર્મોનો અહીં ત્યાગ નથી, તેથી ક્ષયોપશમભાવના ધર્મોના ત્યાગરૂપ તાત્ત્વિક સામર્થ્યયોગ કરતાં હીનકક્ષાનો સામર્થ્યયોગ છે, માટે આ સામર્થ્યયોગને અતાત્ત્વિક સામર્થ્યયોગ કહેલ છે.

અહીં પ્રશ્ન થાય કે પ્રવ્રજ્યા જ્ઞાનયોગપ્રતિપત્તિરૂપ છે, તે કેમ નક્કી થાય ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવ્રજ્યાનો અધિકારી ભવવિરક્ત જીવ છે, અને પ્રવ્રજ્યાનો અધિકારી ભવવિરક્ત જીવ કેવો છે, તેનું યથોક્તમ્ થી ટીકામાં યોગદૃષ્ટિનું ઉદ્ધરણ આપીને સ્પષ્ટીકરણ કર્યું. તેવો અધિકારી જીવ પ્રવ્રજ્યા ગ્રહણ કરે તો નક્કી જ્ઞાનયોગની આરાધના કરે છે. તેથી પ્રવ્રજ્યાનો અધિકારી જીવ પ્રવ્રજ્યા ગ્રહણ કરે તો અવશ્ય તેનામાં જ્ઞાનયોગ પ્રગટ થાય છે, માટે પ્રવ્રજ્યાકાળમાં પણ અતાત્ત્વિક સામર્થ્યયોગ છે, એમ ફલિત થાય છે.

અહીં વિશેષ એ છે કે ક્ષપકશ્રેણિમાં તાત્ત્વિક સામર્થ્યયોગ પ્રગટે છે અને પ્રવ્રજ્યાકાળમાં જ્ઞાનયોગ હોવાથી અતાત્ત્વિક સામર્થ્યયોગ પ્રગટે છે, અને ગ્રંથિભેદાદિ કાળમાં તે અતાત્ત્વિક સામર્થ્યયોગ પ્રારંભિક ભૂમિકાનો છે. આથી પ્રથમ અપૂર્વકરણમાં તાત્ત્વિક સામર્થ્યયોગની અસિદ્ધિ છે, એમ પૂર્વમાં કહેલ છે.

અહીં પ્રશ્ન થાય કે સામર્થ્યયોગ તો શાસ્ત્રઅતિક્રાંતગોચર છે. તેથી શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ કરનારા શાસ્ત્રયોગવાળા મુનિઓને કઈ રીતે સંભવે ? તેથી યોગદૃષ્ટિના ઉદ્ધરણમાં પૂ. આ. હરિભદ્રસૂરિ મહારાજ કહે છે –

સર્વજ્ઞનું વચન આગમ છે, તે કારણથી પ્રવ્રજ્યાકાળમાં પ્રગટ થતા સામર્થ્યયોગનું સામાન્યથી નિરૂપણ આગમમાં કરેલ છે.

આશય એ છે કે આગમ સર્વજ્ઞના વચનરૂપ છે, તેથી સર્વજ્ઞ ભગવંતના વચનથી કહી શકાય તે સર્વ યોગમાર્ગ આગમમાં બતાવેલ છે, તેથી સામાન્યથી પ્રવ્રજ્યાકાળમાં થતા સામર્થ્યયોગનું વર્ણન પણ શાસ્ત્રમાં કરાયું છે, અને સાત્ત્વિક જીવો તે શાસ્ત્રવચનના બળથી પ્રવ્રજ્યામાં યત્ન કરીને જ્ઞાનયોગની પ્રતિપત્તિરૂપ સામર્થ્યયોગને સ્વપરાક્રમથી પ્રગટ કરે છે.

**આયોજ્યકરણનું સ્વરૂપ :-**

આયોજ્યકરણ પછી બીજો સામર્થ્યયોગ પ્રગટે છે, તેથી આયોજ્યકરણનો અર્થ કરે છે –

કેવલજ્ઞાનના ઉપયોગ દ્વારા અચિંત્ય વીર્યના પરાક્રમથી ભવોપગ્રાહી કર્મોને તે પ્રકારે વ્યવસ્થાપન કરીને તે કર્મોને ક્ષપણ કરવાનો વ્યાપાર તે આયોજ્યકરણ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે આયોજ્યકરણ કેવલજ્ઞાનના ઉપયોગથી થઈ શકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, અન્ય ઉપયોગથી નહિ. વળી કેવલીમાં ક્ષાયિકભાવનું વીર્ય છે, તેથી પોતાનામાં રહેલ અચિંત્ય ક્ષાયિકભાવના વીર્ય વડે ભવોપગ્રાહી કર્મોને આયોજ્યકરણની ક્રિયા વખતે તે રીતે સ્થાપન કરે છે કે જેથી તે સ્થાપન કર્યા પછી ક્રમસર તેના નાશમાં જીવ વ્યાપાર કરી શકે અને તે નાશનો વ્યાપાર તે આયોજ્યકરણ છે. આયોજ્યકરણનું ફળ શૈલેશી અવસ્થા છે.

વળી આયોજ્યકરણથી ઊર્ધ્વમાં શૈલેશીઅવસ્થાકાળભાવી યોગસંન્યાસ નામનો બીજો સામર્થ્યયોગ પ્રગટે છે, એ પ્રમાણે યોગના જાણનારાઓ કહે છે.

શૈલેશી અવસ્થામાં યોગસંન્યાસ કેમ છે ? તેમાં ગ્રંથકારશ્રી હેતુ કહે છે –

શૈલેશી અવસ્થામાં યોગોનો સંન્યાસ હોવાને કારણે અયોગ નામના=મન, વચન અને કાયાના યોગોના અભાવ નામના, સર્વસંન્યાસરૂપ સર્વોત્તમ યોગની પ્રાપ્તિ થાય છે અર્થાત્ કર્મબંધનાં સર્વ કારણોના સંન્યાસરૂપ સર્વોત્તમ યોગની પ્રાપ્તિ થાય છે. **॥૧૨॥**

**અવતરણિકા :–**

**શ્લોક-૧ની અવતરણિકામાં કહેલ કે યોગના અધ્યાત્માદિ ભેદોને બતાવીને તેના અવાંતર જુદા જુદા ભેદોના પ્રદર્શનથી અધ્યાત્મના વિવેકને ગ્રંથકારશ્રી કહે છે. તેથી એ ફલિત થયેલ કે અધ્યાત્માદિ ભેદોના અવાંતર જુદા જુદા ભેદોનો બોધ કરવામાં આવે તો યોગનો યથાર્થ વિશદ બોધ થાય છે અર્થાત્ યોગનો વિવેક પ્રગટે છે, અને તે વિવેક પ્રગટ કરવા અર્થે અધ્યાત્મના અવાંતર ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગનું સ્વરૂપ અત્યાર સુધી બતાવ્યું. હવે તાત્ત્વિક યોગ મોક્ષયોજનફળવાળો છે અને અતાત્ત્વિક યોગ અનર્થફળવાળો છે, તે બતાવીને શ્રોતાને યોગનો વિવેક કરાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :–**

तात्त्विकोऽतात्त्विकश्चेति सामान्येन द्विधाप्ययम् ।
तात्त्विको वास्तवोऽन्यस्तु तदाभासः प्रकीर्तितः ।।१३।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

सामान्येन=સામાન્યથી तात्त्विकोऽतात्त्विकश्चेति=તાત્ત્વિક અને અતાત્ત્વિક એ પ્રકારે द्विधापि=બે પ્રકારનો પણ अयम्=આ=યોગ છે. तात्त्विको वास्तवः= તાત્ત્વિક યોગ વાસ્તવ છે=મોક્ષયોજન ફળવાળો છે अन्यस्तु तदाभासः=વળી અન્ય=અતાત્ત્વિક યોગ, તેના આભાસવાળો=યોગના આભાસવાળો, प्रकीर्तितः=કહેવાયો છે. ॥૧૩॥

**શ્લોકાર્થ :-**

**સામાન્યથી તાત્ત્વિક અને અતાત્ત્વિક એ પ્રકારે બે પ્રકારનો પણ યોગ છે. તાત્ત્વિક યોગ વાસ્તવ છે, અન્ય વળી યોગના આભાસવાળો કહેવાયો છે. ॥૧૩॥**

**ટીકા :-**

तात्त्विक इति-सामान्येन=विशेषभेदानुपग्रहेण, तात्त्विकोऽतात्त्विकश्चेति द्विधाप्ययं=योग, इष्यते । तात्त्विको वास्तवः केनापि नयेन मोक्षयोजनफल इत्यर्थः, अन्यः=अतात्त्विकः, तु तदाभासः=उक्तलक्षणविरहितोऽपि योगोचित-वेषादिना योगवदाभासमानः, प्रकीर्तितः ॥१३॥

**ટીકાર્થ :-**

सामान्येन ..... प्रकीर्तितः ॥ સામાન્યથી=વિશેષ ભેદના અનુપગ્રહથી તાત્ત્વિક અને અતાત્ત્વિક એ પ્રકારે બે પ્રકારનો પણ આ=યોગ ઈચ્છાય છે. તાત્ત્વિક=તાત્ત્વિક યોગ, વાસ્તવ છે=કોઈપણ નયથી મોક્ષયોજનફળવાળો છે, એ પ્રમાણે અર્થ છે.

વળી અન્ય=અતાત્ત્વિક=અતાત્ત્વિક યોગ, તેનો આભાસ છે=ઉક્ત લક્ષણથી વિરહિત પણ યોગને ઉચિત વેષાદિ દ્વારા યોગના જેવો આભાસમાન કહેવાય છે. ॥૧૩॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

**સામાન્યથી તાત્ત્વિક અને અતાત્ત્વિક બે પ્રકારના યોગનું સ્વરૂપ :-**

સામાન્યથી યોગના બે ભેદ છે :-

**(૧) તાત્ત્વિક યોગ અને (૨) અતાત્ત્વિક યોગ.**

આ બે ભેદોમાં વિશેષ ભેદોનું ગ્રહણ કરેલ નથી, પરંતુ એક વાસ્તવિક યોગ છે અને તેના કોઈપણ ભેદનો વિભાગ કર્યા વગર અવાસ્તવિક યોગથી વાસ્તવિક યોગને જુદો બતાવવા માટે આ બે વિભાગો પાડેલ છે.

(૧) વાસ્તવિક યોગ એટલે કોઈપણ નયથી મોક્ષના યોજનફળવાળો હોય તે યોગ. જેમ - નિશ્ચયનયથી દેશવિરતિગુણસ્થાનક પૂર્વે યોગનો પ્રારંભ થતો નથી, જ્યારે વ્યવહારનયથી તો અપુનર્બંધકને પણ યોગની પ્રાપ્તિ છે. તેથી વ્યવહારનયથી કે નિશ્ચયનયથી કોઈપણ નયથી યોગની પ્રાપ્તિ હોય, જે અવશ્ય દૂર-આસન્નભાવથી મોક્ષનું કારણ છે તે તાત્ત્વિક યોગ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે મોક્ષને અનુકૂળ એવી અપુનર્બંધક દશાની આદ્ય ભૂમિકાથી માંડીને ચૌદમા ગુણસ્થાનક સુધીનો યોગ તાત્ત્વિક યોગ છે.

(૨) અવાસ્તવિક યોગ એટલે તે યોગનું સેવન કોઈપણ નયથી મોક્ષલક્ષણ ફળવાળું નથી. ફક્ત યોગને ઉચિત એવો વેષ અને બાહ્ય આચારોનું પાલન છે, તેથી યોગના જેવો ભાસે છે, પણ તે વાસ્તવિક યોગ નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે યોગને અનુકૂળ વેષ ગ્રહણ કર્યો હોય અને યોગના આચારોનું પાલન હોય, આમ છતાં મોક્ષને અનુકૂળ ભવવૈરાગ્યાદિ ભાવ લેશ પણ ન હોય તો તે અતાત્ત્વિક યોગ છે.

**સારાંશ :-**

❖ મોક્ષને અનુકૂળ આદ્ય ભૂમિકાનો પણ ભવવૈરાગ્યાદિ ભાવ જ્યાં હોય તે તાત્ત્વિક યોગ.

❖ મોક્ષને અનુકૂળ ભવવૈરાગ્યાદિ ભાવ લેશ પણ ન હોય તેવી યોગની આચરણા તે અતાત્ત્વિક યોગ. **॥૧૩॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

શ્લોક-૧૩માં વિશેષ પ્રકારના ભેદ વગર યોગના તાત્ત્વિક, અતાત્ત્વિક બે પ્રકારના ભેદ બતાવ્યા. તેમાં અતાત્ત્વિક યોગ તો પરમાર્થથી યોગ નથી, પરંતુ જે તાત્ત્વિક યોગ છે તે મોક્ષનું કારણ હોવાથી વાસ્તવિક યોગ છે. હવે તે તાત્ત્વિક યોગ વ્યવહારનયથી કોને હોય છે અને નિશ્ચયનયથી કોને હોય છે ? તે બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

अपुनर्बन्धकस्यायं व्यवहारेण तात्त्विकः ।
अध्यात्मभावनारूपो निश्चयेनोत्तरस्य तु ।।१४।।

**અન્વયાર્થ :-**

अपुनर्बन्धकस्य=અપુનર્બંધકને अध्यात्मभावनारूपो=અધ્યાત્મરૂપ અને ભાવનારૂપ આ=યોગ व्यवहारेण=વ્યવહારનયથી तात्त्विकः=તાત્ત્વિક યોગ છે निश्चयेन=વળી નિશ્ચયનયથી उत्तरस्य तु=ઉત્તરને જ=ચારિત્રીને જ तात्त्विकः=તાત્ત્વિક યોગ છે. ।।૧૪।।

**શ્લોકાર્થ :-**

**અપુનર્બંધકને અધ્યાત્મરૂપ અને ભાવનારૂપ યોગ વ્યવહારનયથી તાત્ત્વિક યોગ છે, વળી નિશ્ચયનયથી ચારિત્રીને જ તાત્ત્વિક યોગ છે. ।।૧૪।।**

**ટીકા :-**

अपुनर्बन्धकस्येति-अपुनर्बन्धकस्य उपलक्षणात्सम्यग्दृष्टेश्च, अयं=योगो, व्यवहारेण-कारणस्यापि कार्योपचाररूपेण, तात्त्विकोऽध्यात्मरूपो भावनारूपश्च निश्चयेन=निश्चयनयेन उपचारपरिहाररूपेण, उत्तरस्य तु चारित्रिण एव ।।१४।।

**ટીકાર્થ :-**

अपुनर्बन्धकस्य ..... एव ।। અપુનર્બંધકને અને ઉપલક્ષણથી સમ્યગ્દષ્ટિને, કારણનો પણ કાર્યરૂપે ઉપચાર કરનાર વ્યવહારનયથી આ=યોગ, અધ્યાત્મરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અને ભાવનારૂપ તાત્ત્વિક છે.**

**નિશ્ચયથી=ઉપચારના પરિહારરૂપ નિશ્ચયનયથી, ઉત્તરને જ=ચારિત્રીને જ, આ=યોગ તાત્ત્વિક યોગ હોય છે. ॥૧૪॥**

**ભાવાર્થ :-**

**તાત્ત્વિક યોગના અધિકારી :-**

કારણમાં કાર્યના ઉપચારને યોગ સ્વીકારનાર વ્યવહારનયથી અપુનર્બંધકને અને સમ્યગ્દૃષ્ટિને અધ્યાત્મરૂપ અને ભાવનારૂપ તાત્ત્વિક યોગ છે.

આનાથી એ ફલિત થાય કે અધ્યાત્મરૂપ અને ભાવનારૂપ તાત્ત્વિક યોગ પરમાર્થથી અપુનર્બંધક અને સમ્યગ્દૃષ્ટિને નથી, પરંતુ પરમાર્થથી અધ્યાત્મરૂપ અને ભાવનારૂપ તાત્ત્વિક યોગનું કારણ બને એવો યોગ અપુનર્બંધકને અને સમ્યગ્દૃષ્ટિને છે, અને તેથી કારણને પણ કાર્યરૂપે કહેનાર વ્યવહારનય અપુનર્બંધકને અને સમ્યગ્દૃષ્ટિને અધ્યાત્મરૂપ અને ભાવનારૂપ તાત્ત્વિક યોગ સ્વીકારે છે.

વસ્તુત: આગમને પરતંત્ર થઈને જેઓ સદનુષ્ઠાન કરતા હોય તેમનાં સદનુષ્ઠાનો અધ્યાત્મરૂપ અને ભાવનારૂપ તાત્ત્વિક યોગ બને. અપુનર્બંધકને સૂક્ષ્મ બોધ નહિ હોવાથી આગમ અનુસાર અનુષ્ઠાન કરી શકે તેમ નથી; અને અવિરતસમ્યગ્દૃષ્ટિને સૂક્ષ્મ બોધ હોવા છતાં આગમને પરતંત્ર થઈ શકે તેવું સદ્વીર્ય નહીં હોવાથી આગમને પરતંત્ર થઈને સદનુષ્ઠાન કરી શકે તેમ નથી. આમ છતાં શાસ્ત્રવચન પ્રત્યે સ્થૂલથી રુચિવાળા અપુનર્બંધકનું, અને શાસ્ત્ર પ્રત્યેની પૂર્ણ રુચિવાળા અને શાસ્ત્રાનુસારી કરવાની ઈચ્છાવાળા સમ્યગ્દૃષ્ટિ જીવોનું, જે કાંઈ ત્રુટિત અનુષ્ઠાન છે, તે પણ પરંપરાએ શુદ્ધ અનુષ્ઠાનનું કારણ છે, માટે ઉપચારથી વ્યવહારનય તેને પણ તાત્ત્વિક યોગ કહે છે.

વળી ઉપચારના પરિહારને સ્વીકારનાર નિશ્ચયનયથી ચારિત્રીને જ= દેશવિરતિધર અને સર્વવિરતિધરને જ, અધ્યાત્મરૂપ અને ભાવનારૂપ તાત્ત્વિક યોગ છે; કેમ કે દેશવિરતિધર અને સર્વવિરતિધર પોતપોતાની ભૂમિકાનું અનુષ્ઠાન આગમને પરતંત્ર થઈને કરે છે ત્યારે તેમને પારમાર્થિક અધ્યાત્મયોગ અને ભાવનાયોગ પ્રવર્તે છે. **॥૧૪॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

તાત્ત્વિકયોગ વ્યવહારનયથી કોને હોય છે અને નિશ્ચયનયથી કોને હોય છે તે શ્લોક-૧૪માં બતાવ્યું. હવે અતાત્ત્વિક યોગ કોને હોય છે, તે ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

सकृदावर्तनादीनामतात्त्विक उदाहृतः ।
प्रत्यपायफलप्रायस्तथावेषादिमात्रतः ।।१५।।

**અન્વયાર્થ :-**

सकृदावर्तनादीनाम्=સકૃત્ અર્થાત્ એક આવર્તનાદિવાળા જીવોને तथावेषादिमात्रतः=તેવા પ્રકારના વેષાદિમાત્રને કારણે प्रायः=બહુલતાએ प्रत्यपायफलः= પ્રત્યપાય ફળવાળો अतात्त्विकः=અતાત્ત્વિકયોગ उदाहृतः=કહેવાયેલો છે. ।।૧૫।।

**શ્લોકાર્થ :-**

**સકૃદ્આવર્તનાદિવાળા જીવોને તેવા પ્રકારના વેષાદિમાત્રને કારણે પ્રત્યપાયફળવાળો અતાત્ત્વિકયોગ કહેવાયેલો છે. ।।૧૫।।**

**ટીકા :-**

सकृदिति-सकृदेकवारमावर्तन्त उत्कृष्टस्थितिं बध्नन्तीति सकृदावर्तनाः, आदिशब्दाद् द्विरावर्तनादिग्रहः, तेषामतात्त्विको=व्यवहारतः निश्चयतश्चातत्त्वरूपो, अशुद्धपरिणामत्वादुदाहृतः, अध्यात्मभावनारूपो योगः, प्रत्यपायः=अनर्थः फलं प्रायो बाहुल्येन यस्य स तथा, तथा=तत्प्रकारं, भावमा(सा)राध्यात्मभावनायुक्तयोगि-योग्यं यद्वेषादिमात्रं नेपथ्यचेष्टाभाषालक्षणं श्रद्धानशून्यं वस्तु तस्मात् । तत्र हि वेषादिमात्रमेव स्यात्, न पुनस्तेषां काचिच्छ्रद्धालुतेति ।।१५।।

**ટીકાર્થ :-**

सकृद् ..... श्रद्धालुतेति ।। સકૃદ્ આવર્તનનો વ્યુત્પત્તિ અર્થ બતાવે છે -

**સકૃદ્=એકવાર આવર્તન કરે છે=ઉત્કૃષ્ટ સ્થિતિને બાંધે છે, એ સકૃદ્**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આવર્તનવાળા છે. सकृदावर्तनादीनाम् અહીં 'आदि' શબ્દથી દ્વિઆવર્તનાદિનું ગ્રહણ કરવું=બે-ત્રણ ઈત્યાદિ આવર્તનવાળા ગ્રહણ કરવા. તેઓને= સકૃદ્આવર્તનાદિવાળા જીવોને, વ્યવહારથી અને નિશ્ચયથી અતત્ત્વરૂપ અધ્યાત્મ, ભાવનાસ્વરૂપ યોગ કહેવાયો છે; કેમ કે અશુદ્ધ પરિણામપણું છે=સકૃદ્બંધકાદિ જીવોમાં અશુદ્ધ પરિણામપણું છે.**

સકૃદ્બંધકાદિનો અધ્યાત્મ, ભાવનારૂપ અતાત્ત્વિક યોગ કેવો છે, તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે --

**પ્રત્યપાય=અનર્થફળ પ્રાયઃ અર્થાત્ બહુલતાએ છે જેને તે તેવો છે= અનર્થફળવાળો અધ્યાત્મ, ભાવનારૂપ અતાત્ત્વિક યોગ છે.**

અતાત્ત્વિક અધ્યાત્મ, ભાવનારૂપ યોગ અનર્થફળવાળો કેમ છે ? તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ બતાવે છે --

**तथा=તે પ્રકારે જે વેષાદિમાત્ર=ભાવસાર એવા અધ્યાત્મ-ભાવનાયુક્ત યોગિયોગ્ય એવા જે વેષાદિમાત્ર અર્થાત્ નેપથ્ય=વસ્ત્ર, ચેષ્ટા અને ભાષારૂપ વેષાદિમાત્ર શ્રદ્ધાશૂન્ય વસ્તુ હોવાને કારણે અધ્યાત્મ, ભાવનારૂપ અતાત્ત્વિક યોગ અનર્થફળવાળો છે, એમ અન્વય છે.**

**ત્યાં=સકૃદ્આવર્તનાદિવાળા અતાત્ત્વિક યોગમાં, વેષાદિમાત્ર જ હોય, પરંતુ તેઓને કાંઈ શ્રદ્ધાલુતા નથી.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે. ॥૧૫॥**

✤ भावमाराध्यात्मभावनायुक्तयोगियोग्यं પાઠ છે ત્યાં યોગબિંદુ શ્લોક-૩૭૦માં भावसाराध्यात्मभावनायुक्तयोगियोग्यं પાઠ છે તે સંગત છે, તેથી તે મુજબ અર્થ કરેલ છે.

**ભાવાર્થ :-**

**અતાત્ત્વિકયોગના અધિકારી :-**

અપુનર્બંધક સિવાયના સકૃદ્બંધકાદિ જીવોને અધ્યાત્મ, ભાવનારૂપ યોગ વ્યવહારનયથી કે નિશ્ચયનયથી અતાત્ત્વિક છે, અને તે અતાત્ત્વિકયોગનું સેવન તેઓને માટે હિતનું તો કારણ નથી, પરંતુ પ્રાયઃ કરીને અનર્થફળવાળું છે; કેમ કે અતાત્ત્વિકયોગના સેવનથી જ તેઓ યોગમાર્ગથી અધિક દૂર જાય છે. માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓની યોગસેવનની ક્રિયા અનર્થરૂપ છે.

સકૃદ્આવર્તનાદિવાળા જીવો પણ સાધુવેષ ગ્રહણ કરે, સાધુના આચારો પાળે અને સાધુ જેવી સુંદર ભાષા વગેરે પણ બોલે; આમ છતાં "આ સુંદર ક્રિયાઓ સંસારના અંતનું કારણ છે, માટે તે ક્રિયાઓને સેવીને હું સંસારનો અંત કરું" તેવા સંવેગના પરિણામનું કારણ બને એવી શ્રદ્ધા તેઓમાં હોતી નથી; કેમ કે તેઓમાં સદા અશુદ્ધ પરિણામ વર્તી રહ્યો છે અર્થાત્ સંસાર પ્રત્યે ગાઢ આકર્ષણનો અશુદ્ધ પરિણામ વર્તી રહ્યો છે. તેથી સદુપદેશને સાંભળીને પણ ભગવાનના વચન પ્રત્યેની લેશ પણ શ્રદ્ધા તેમને થતી નથી. માત્ર તુચ્છ, ઐહિક અને પારલૌકિક ફળના અર્થે તેઓ ધર્માનુષ્ઠાન કરે છે અને તેઓનું ધર્માનુષ્ઠાન દૂર-દૂરવર્તી પણ મોક્ષનું કારણ નહિ હોવાથી વ્યવહારનય કે નિશ્ચયનય તેને યોગરૂપે સ્વીકારતો નથી. તેઓના ધર્મના સર્વ આચારો બાહ્યથી સુંદર સેવાતા હોય તોપણ મોક્ષનું કારણ નહિ બનવાથી યોગરૂપ નથી. તે સ્પષ્ટ કરવા માટે ટીકામાં કહ્યું કે તેઓને સાધુનો વેષ, સાધુની ચેષ્ટા આદિ માત્ર જ છે, પરંતુ કાંઈપણ શ્રદ્ધાળુપણું નથી.

આનાથી એ ફલિત થાય છે કે જેમને કાંઈક પણ ભગવાનના વચનમાં શ્રદ્ધા છે, તેવા જીવો યોગ્ય ઉપદેશકને પામીને "આ અનુષ્ઠાનને સેવીને હું સંસારથી નિસ્તાર પામું" એવા અભિલાષરૂપ સંવેગના પરિણામવાળા અવશ્ય થાય છે. **॥૧૫॥**

**અવતરણિકા :-**

**સામાન્યથી તાત્ત્વિક અને અતાત્ત્વિક એમ બે ભેદથી શ્લોક-૧૩માં યોગ બતાવ્યો. ત્યારપછી અધ્યાત્મ અને ભાવનારૂપ તાત્ત્વિકયોગ વ્યવહારથી કોને છે અને નિશ્ચયથી કોને છે ? તે શ્લોક-૧૪માં બતાવ્યું અને અધ્યાત્મ અને ભાવનારૂપ યોગ બંને નયથી અતાત્ત્વિક કોને છે, તે શ્લોક-૧૫માં બતાવ્યું. હવે અધ્યાત્મયોગ અને ભાવનાયોગ સિવાયના તાત્ત્વિક ધ્યાનાદિ યોગ કોને હોય છે ? તે ગ્રંથકારશ્રી બતાવે છે –**

**શ્લોક :-**

**शुद्ध्यपेक्षो यथायोगं चारित्रवत एव च ।**
**हन्त ध्यानादिको योगस्तात्त्विकः प्रविजृम्भते ।।१६।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

चारित्रवत एव च=અને ચારિત્રવાળાને જ यथायोगं=યથાસ્થાન शुद्ध्यपेक्षो= શુદ્ધિની અપેક્ષાવાળો ध्यानादिको तात्त्विकः योगः=ધ્યાનાદિક તાત્ત્વિક યોગ प्रविजृम्भते=ઉલ્લાસ પામે છે. ।।૧૬।।

**શ્લોકાર્થ :-**

**અને ચારિત્રવાળાને જ યથાસ્થાન શુદ્ધિની અપેક્ષાવાળો ધ્યાનાદિક તાત્ત્વિકયોગ ઉલ્લાસ પામે છે. ।।૧૬।।**

**ટીકા :-**

शुद्ध्यपेक्ष इति-यथायोगं=यथास्थानं, शुद्ध्यपेक्षः=उत्तरोत्तरां शुद्धिमपेक्ष्य प्रवर्तमानः, चारित्रवत एव च हन्त तात्त्विकः=पारमार्थिकैकस्वरूपो, ध्यानादिको योगः प्रविजृम्भते=प्रोल्लसति ।।१६।।

**ટીકાર્થ :-**

यथायोगं ..... प्रोल्लसति ।। **અને ચારિત્રવાળાને જ યથાયોગ=યથાસ્થાન, શુદ્ધિની અપેક્ષાવાળો=ઉત્તરોત્તર શુદ્ધિની અપેક્ષા રાખીને પ્રવર્તતો, તાત્ત્વિક= પારમાર્થિક એક સ્વરૂપવાળો, ધ્યાનાદિકયોગ ઉલ્લાસ પામે છે. ।।૧૬।।**

❖ ध्यानादिको योगः અહીં 'आदि' થી સમતાયોગ અને વૃત્તિસંક્ષયયોગનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**તાત્ત્વિક ધ્યાનાદિકયોગના અધિકારી :-**

ચારિત્રવાળા મુનિઓ અપ્રમાદથી ચારિત્રને સેવતા હોય ત્યારે અધ્યાત્મયોગ અને ભાવનાયોગ ઉત્તરોત્તર શુદ્ધિની અપેક્ષાએ પ્રવર્તમાન હોય છે, પરંતુ ધ્યાનાદિકયોગ તેના કરતાં ઉપરની ભૂમિકાવાળો છે. તે બતાવવા માટે કહે છે કે અધ્યાત્મયોગનાં અને ભાવનાયોગનાં સ્થાનોને છોડીને ધ્યાનાદિકયોગનાં જે સ્થાનો છે, તે સ્થાનોને આશ્રયીને ઉત્તરોત્તર શુદ્ધિની અપેક્ષાએ જે પ્રવર્તતો હોય તે ધ્યાનાદિકયોગ છે; પરંતુ અધ્યાત્મયોગ અને ભાવનાયોગનાં સ્થાનોને આશ્રયીને ઉત્તરોત્તર શુદ્ધિની અપેક્ષાએ જે પ્રવર્તતો હોય તે ધ્યાનાદિકયોગ નથી, પરંતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધ્યાત્મયોગ અને ભાવનાયોગ છે.

વળી આ ધ્યાનાદિકયોગ ચારિત્રવાળાને જ હોય છે, પરંતુ અચારિત્રવાળાને હોતો નથી.

વળી આ ધ્યાનાદિકયોગ તાત્ત્વિક અને અતાત્ત્વિક એવા બે ભેદવાળો નથી, પરંતુ તાત્ત્વિક એકસ્વરૂપવાળો છે.

વળી જેમ અધ્યાત્મયોગ અને ભાવનાયોગ વ્યવહારથી તાત્ત્વિક અને નિશ્ચયથી તાત્ત્વિક એમ બે ભેદવાળો છે, તેમ આ ધ્યાનાદિક્યોગ વ્યવહારથી તાત્ત્વિક અને નિશ્ચયથી તાત્ત્વિક એમ બે ભેદવાળો નથી, પરંતુ નિશ્ચયથી જ તાત્ત્વિક એક સ્વરૂપવાળા છે, અને તે બતાવવા માટે પારમાર્થિક એક સ્વરૂપવાળો ધ્યાનાદિકયોગ છે, તેમ કહેલ છે.

આ ધ્યાનાદિકયોગ સાતમી દૃષ્ટિવાળા યોગી આદિને ઉલ્લસિત થાય છે. તેની પૂર્વે પારમાર્થિક ધ્યાનાદિકયોગ નથી, એ બતાવવા માટે 'યથાસ્થાન' કહેલ છે.

આનાથી એ ફલિત થાય કે યોગનાં આઠ અંગોમાંથી છઠ્ઠી દૃષ્ટિ સુધી ધ્યાન નામનું યોગાંગ આવતું નથી, પરંતુ સાતમી દૃષ્ટિમાં આવે છે, અને આ ધ્યાન સમતા સાથે સંલગ્ન છે. તેથી પ્રથમ ધ્યાન અને પછી સમતા પ્રગટે છે, માટે ધ્યાનયોગને ઉત્તરભાવી સમતાયોગ છે, અને પ્રથમના ધ્યાન પછી પ્રગટ થયેલ સમતાનો પરસ્પર ઉત્તર ઉત્તરના ધ્યાનનો અને ઉત્તર ઉત્તરની સમતાનો કાર્ય-કારણભાવ છે.

જેમ કે પ્રથમ ધ્યાનયોગ નામનો ત્રીજો યોગભેદ પ્રગટ્યો ત્યારે સમતાયોગ નામનો ચોથો યોગભેદ ન હતો, પરંતુ તે ધ્યાનયોગથી સમતાયોગ આવે છે, અને પછી તે સમતા ઉત્તરના બળવાન ધ્યાનને પ્રગટ કરે છે, અને તે બળવાન ધ્યાન પૂર્વ કરતાં અધિક બળવત્તર સમતાને પ્રગટ કરે છે. તેથી સાતમી દૃષ્ટિમાં આવેલા જીવો ધ્યાન અને સમતા દ્વારા ઉત્તરોત્તર વૃદ્ધિ પામતા હોય છે, અને જ્યારે કેવલજ્ઞાન પામે છે, ત્યારે મનના વિકલ્પોરૂપ વૃત્તિઓના સંક્ષયરૂપ પ્રથમ વૃત્તિસંક્ષય નામનો યોગ પ્રગટે છે, અને જ્યારે યોગનિરોધ કરે છે ત્યારે સર્વ વૃત્તિઓના સંક્ષયરૂપ બીજો વૃત્તિસંક્ષય નામનો યોગ પ્રગટે છે. **॥૧૯॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોક-૧૩ થી ૧૬નો સારાંશ :-**

**(૧) અધ્યાત્મયોગ**

- તાત્ત્વિક=નિર્વાણફલક
  - વ્યવહારથી તાત્ત્વિક
    - અપુનર્બંધક અને સમ્યગ્દૃષ્ટિને
  - નિશ્ચયથી તાત્ત્વિક
    - દેશવિરતિધર અને સર્વવિરતિધરને
- અતાત્ત્વિક=અનર્થફલક
  - સકૃદ્બંધકાદિને

**(૨) ભાવનાયોગ**

- તાત્ત્વિક=નિર્વાણફલક
  - વ્યવહારથી તાત્ત્વિક
    - અપુનર્બંધક અને સમ્યગ્દૃષ્ટિને
  - નિશ્ચયથી તાત્ત્વિક
    - દેશવિરતિધર અને સર્વવિરતિધરને
- અતાત્ત્વિક=અનર્થફલક
  - સકૃદ્બંધકાદિને

**(૩) ધ્યાનયોગ**

પારમાર્થિક એકસ્વરૂપવાળો તાત્ત્વિક

↓

પરમ ઉપેક્ષાવાળા ચારિત્રીને

**(૪) સમતાયોગ**

પારમાર્થિક એકસ્વરૂપવાળો તાત્ત્વિક

↓

પરમ ઉપેક્ષાવાળા ચારિત્રીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) વૃત્તિસંક્ષયયોગ

↓

પારમાર્થિક એકસ્વરૂપવાળો તાત્ત્વિક

મનના વિકલ્પોરૂપ વૃત્તિઓના સંક્ષયરૂપ ↓ સયોગી કેવલીને

સર્વ વૃત્તિઓના સંક્ષયરૂપ ↓ અયોગી કેવલીને.

**અવતરણિકા :-**

**શ્લોક-૧ની અવતરણિકામાં કહેલ કે અધ્યાત્માદિ યોગના ભેદોને બતાવીને તેના અવાંતર અનેક ભેદો બતાવવા દ્વારા યોગના વિવેકને કહે છે. ત્યારપછી અધ્યાત્માદિ પાંચ યોગના અવાંતર ભેદો ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગનું સ્વરૂપ શ્લોક-૧ થી ૧૨ સુધી બતાવ્યું. ત્યારપછી અધ્યાત્માદિ પાંચ ભેદોનો યથાર્થ બોધ કરાવવા માટે તાત્ત્વિક, અતાત્ત્વિક ભેદને શ્લોક-૧૩ થી ૧૬ સુધી બતાવ્યા. હવે સાધકના સોપક્રમ અને નિરુપક્રમ કર્મોદયની અપેક્ષાએ અધ્યાત્માદિ યોગભેદના અવાંતર સાનુબંધ અને નિરનુબંધ યોગભેદને ગ્રંથકારશ્રી બતાવે છે -**

**શ્લોક :-**

अपायाभावभावाभ्यां सानुबन्धोऽपरश्च सः ।
निरुपक्रमकर्मैवापायो योगस्य बाधकम् ।।१७।।

**અન્વયાર્થ :-**

अपायाभावभावाभ्यां=અપાયના અભાવ અને અપાયના ભાવ દ્વારા सानुबन्धोऽपरश्च=સાનુબંધ અને અપર=નિરનુબંધ सः=તે=યોગ છે. योगस्य बाधकम्=યોગનું બાધક એવું निरूपक्रमकर्मैव=નિરુપક્રમ કર્મ જ अपायः=અપાય છે. ।।૧૭।।

**શ્લોકાર્થ :-**

**અપાયના અભાવ અને અપાયના ભાવ દ્વારા સાનુબંધ અને અપર=**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નિરનુબંધ તે=યોગ છે. યોગનું બાધક એવું નિરુપક્રમ કર્મ જ અપાય છે. ॥૧૭॥**

**ટીકા :-**

अपायेति-अपायस्याभावभावाभ्यां=असद्भावसद्भावाभ्यां, सानुबन्धोऽपरो निरनुबन्धश्च स योगः । अपायरहितः सानुबन्धः, तत्सहितश्च निरनुबन्ध इति । योगस्य बाधकं निरुपक्रमं विशिष्टानुष्ठानचेष्टयाप्यनुच्छेद्यमनाश्यस्वविपाकसामर्थ्यं वा कर्मैव चारित्रमोहनीयाख्यमपायः ।।१७।।

**ટીકાર્થ :-**

अपायस्य ..... अपायः ।। **અપાયના અભાવ અને ભાવ દ્વારા=અપાયના અસદ્ભાવ અને સદ્ભાવ દ્વારા, સાનુબંધ અને અપર=નિરનુબંધ, તે=યોગ છે.**

સાનુબંધ અને નિરનુબંધનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

**અપાયરહિત સાનુબંધ છે અને અપાયસહિત નિરનુબંધ છે.**

**इति શબ્દ સાનુબંધ અને નિરનુબંધ બે યોગભેદના કથનની સમાપ્તિસૂચક છે.**

અપાય શું છે તે બતાવે છે –

**વિશિષ્ટ અનુષ્ઠાનની ચેષ્ટાથી પણ=આચરણાથી પણ, અનુચ્છેદ્ય એવું અથવા અનાશ્ય એવા સ્વવિપાકના સામર્થ્યવાળું એવું યોગનું બાધક ચારિત્રમોહનીય નામનું કર્મ જ અપાય છે. ॥૧૭॥**

**ભાવાર્થ :-**

**સાનુબંધ અને નિરનુબંધ યોગનું સ્વરૂપ :-**

અધ્યાત્માદિ યોગના ભેદો પોતાની ભૂમિકા પ્રમાણે પ્રાપ્ત કરીને જે યોગી અધ્યાત્માદિ યોગનું સેવન કરે છે તે યોગીમાંથી કેટલાક યોગીઓનો અધ્યાત્માદિ યોગ અપાયના અભાવવાળો હોય છે, તેથી સાનુબંધ હોય છે; અને કેટલાક યોગીઓનો અધ્યાત્માદિ યોગ અપાયના સદ્ભાવવાળો હોય છે, તેથી તે અધ્યાત્માદિ યોગ નિરનુબંધ હોય છે.

અહીં પ્રશ્ન થાય કે અપાય શું છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગનું બાધક એવું નિરુપક્રમ ચારિત્રમોહનીય કર્મ એ અપાય છે.

આનાથી એ ફલિત થાય કે, જે યોગી ભાવથી યોગનું સેવન કરી રહ્યા છે, તેવા યોગીનો અધ્યાત્માદિ યોગ પરમાર્થથી મોક્ષફળમાં પર્યવસાન પામનારો છે. આમ છતાં કેટલાક યોગી, જેમને નિરુપક્રમ ચારિત્રમોહનીય કર્મ છે, તે કર્મ યોગમાર્ગનો કિંચિત્ કાળ સુધી બાધ કરશે. તેથી જ્યારે તે કર્મ વિપાકમાં આવશે ત્યારે તે યોગમાર્ગનો ઉત્તરોત્તર વધતો પ્રવાહ અટકી જશે. તેથી તે યોગીના યોગનો પ્રવાહ સાનુબંધ નથી, પરંતુ નિરનુબંધ છે.

અને જે યોગી અધ્યાત્માદિ યોગનું સેવન કરી રહ્યા છે અને તેઓને યોગનું બાધક એવું નિરુપક્રમ ચારિત્રમોહનીય કર્મ નથી, તેઓ ઉત્તર ઉત્તરના યોગને સેવીને યોગમાર્ગથી પાત પામ્યા વગર મોક્ષરૂપ ફળને અવશ્ય પામશે. તેથી તેઓનો અધ્યાત્માદિ યોગ સાનુબંધ છે.

અહીં નિરુપક્રમ કર્મ શું છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

વિશિષ્ટ અનુષ્ઠાનની આચરણાથી પણ જે ચારિત્રમોહનીય કર્મ નાશ ન પામે, તે નિરુપક્રમ કર્મ કહેવાય.

આનાથી એ પ્રાપ્ત થાય કે કોઈએ નિરુપક્રમ કર્મ બાંધ્યાં હોય અને તેનો નાશ કરવા માટે વિશિષ્ટ તપાદિ અનુષ્ઠાનોનું સેવન કરે અથવા કોઈ જ્ઞાની પાસેથી પોતાના પાતના કર્મો છે તેમ જાણ્યું હોય તેથી પાતની સામગ્રીથી દૂર રહેવા માટે જે કાંઈ ઉપાય સેવે એ રૂપ વિશિષ્ટ અનુષ્ઠાનનું સેવન કરે, તેનાથી પણ તે કર્મ નાશ ન પામે, તો તે કર્મ વિશિષ્ટ અનુષ્ઠાનથી અનુચ્છેદ્ય છે, માટે નિરુપક્રમ કર્મ છે.

અથવા તો અનાશ્ય સ્વવિપાકના સામર્થ્યવાળું કર્મ નિરુપક્રમ કર્મ છે. કોઈ પણ સામગ્રીને પામીને નાશ ન પામી શકે એવા સ્વવિપાકનું સામર્થ્ય=કર્મના પોતાના વિપાકનું સામર્થ્ય છે જેમાં, તે અનાશ્ય સ્વવિપાકના સામર્થ્યવાળું નિરુપક્રમ કર્મ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જે યોગીનું ચારિત્રમોહનીય કર્મ કોઈ અનુષ્ઠાનના સેવનથી નાશ ન પામે, પરંતુ પોતાના વિપાકને અવશ્ય બતાવે, તે યોગી અધ્યાત્માદિ યોગને પ્રાપ્ત કર્યા પછી પણ તે નિરુપક્રમ કર્મને કારણે પાત પામે છે. માટે તેઓનો અધ્યાત્માદિ યોગ સાનુબંધ નથી. **||૧૭||**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

અપાયના ભાવની અને અભાવની અપેક્ષાએ અધ્યાત્માદિ યોગના અવાંતર સાશ્રવયોગ અને અનાશ્રવયોગ એમ બે પ્રકારના અન્ય ભેદો ગ્રંથકારશ્રી બતાવે છે –

**શ્લોક :-**

बहुजन्मान्तरकरः सापायस्यैव साश्रवः ।
अनाश्रवस्त्वेकजन्मा तत्त्वाङ्गव्यवहारतः ।।१८।।

**અન્વયાર્થ :-**

सापायस्यैव=અપાયવાળાને જ बहुजन्मान्तरकरः=બહુજન્માંતરને કરનારો= ઘણા જન્મનો હેતુ साश्रवः=સાશ્રવયોગ છે तत्त्वाङ्गव्यवहारतः तु=વળી તત્ત્વાંગ વ્યવહારથી=નિશ્ચયપ્રાપક વ્યવહારનયથી एकजन्मा=એક જન્મવાળો अनाश्रवः=અનાશ્રવયોગ છે. ।।૧૮।।

**શ્લોકાર્થ :-**

**અપાયવાળાને જ બહુજન્માંતરને કરનારો સાશ્રવયોગ છે, વળી નિશ્ચયપ્રાપક વ્યવહારનયથી એક જન્મવાળો અનાશ્રવયોગ છે. ।।૧૮।।**

**ટીકા :-**

बह्विति-बहुजन्मान्तरकरो=देवमनुष्याद्यनेकजन्मविशेषहेतुः, निरुपक्रमकर्मणोऽवश्यवेदनीयत्वात् सापायस्यैवापायवत एव साश्रवो योगः । एकमेव वर्तमानं जन्म यत्र स त्वनाश्रवः । ननु कथमेतदयोगिकेवलिगुणस्थानादर्वाक् सर्वसंवराभावेनानाश्रवत्वासम्भवादित्यत आह –

तत्त्वाङ्ग=निश्चयप्रापको, यो व्यवहारस्ततः, तेन साम्परायिककर्मबन्धलक्षणस्यैवाश्रवस्याभ्युपगमात्तदभावे इत्वराश्रवभावेऽपि नानाश्रवयोगक्षतिरिति भावः । तदुक्तम् –

"आश्रवो बन्धहेतुत्वाद् बन्ध एवेह यन्मतः ।
स सांपरायिको मुख्यस्तदेषोऽर्थोऽस्य सङ्गतः" ।। (यो. बिं./श्लो. ३७६)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"एवं चरमदेहस्य सम्परायवियोगतः ।
इत्वराश्रवभावेऽपि स तथानाश्रवो मतः" ।। **(यो. बिं./श्लो. ३७७)**

"निश्चयेनात्र शब्दार्थः सर्वत्र व्यवहारतः ।
निश्चयव्यवहारौ यद् (च) द्वावप्यभिमतार्थदौ" ।। **(यो. बिं./श्लो. ३७८)**

**निश्चयेनेत्युपलक्षणे तृतीया, ततो निश्चयेनोपलक्षितात्तत्प्रापकव्यवहारत इत्यन्वयः ।।१८।।**

❖ યોગબિંદુ-૩૭૮ શ્લોકમાં यद् ને સ્થાને च શબ્દ છે તે શુદ્ધ ભાસે છે.

**ટીકાર્થ :-**

**बहुजन्मान्तरकरो ..... अनाश्रवः । બહુજન્માંતરને કરનારો=દેવમનુષ્યાદિ અનેક જન્મનો હેતુ એવો, સાશ્રવયોગ સાપાયવાળા એવા યોગીને જ= અપાયવાળા એવા યોગીને જ, છે.**

**વળી એક જ વર્તમાન જન્મ છે જેમાં, તે અનાશ્રવ છે=અનાશ્રવ યોગ છે.**

**ननु ..... इति भावः । 'ननु' થી શંકા કરે છે કે આ કેમ છે ? અર્થાત્ એક જન્મવાળો અનાશ્રવયોગ કેમ છે ? અર્થાત્ એક જન્મવાળો અનાશ્રવયોગ સંભવે નહિ; કેમ કે અયોગીકેવલી ગુણસ્થાનકથી પૂર્વે સર્વસંવરનો અભાવ હોવાને કારણે અનાશ્રવપણાનો અસંભવ છે. એથી શ્લોકમાં ગ્રંથકારશ્રી કહે છે –**

**તત્ત્વનું અંગ એવો જે વ્યવહાર=તત્ત્વનું કારણ એવો જે વ્યવહાર= નિશ્ચયપ્રાપક એવો જે વ્યવહારનય, તેનાથી એક જન્મવાળો અનાશ્રવયોગ છે, એમ અન્વય છે.**

**તેના વડે=નિશ્ચયપ્રાપક વ્યવહારનય વડે, સાંપરાયિક કર્મબંધસ્વરૂપ જ આશ્રવનો અભ્યુપગમ હોવાને કારણે, તેના અભાવમાં=સાંપરાયિક કર્મબંધરૂપ આશ્રવના અભાવમાં, ઈત્વર આશ્રવના ભાવમાં પણ= અલ્પકાળવાળા એવા દ્વિસામયિક આશ્રવના સદ્ભાવમાં પણ, અનાશ્રવ- યોગની ક્ષતિ નથી, એ પ્રકારનો ભાવ છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तदुक्तम् - તે કહેવાયું છે=પ્રસ્તુત શ્લોકમાં જે કહ્યું તે યોગબિંદુ શ્લોક-૩૭૬/૩૭૭/૩૭૮માં કહેવાયું છે –**

'आश्रवो ..... सङ्गतः" ।। જે કારણથી અહીં=પ્રક્રમમાં=આશ્રવયોગ અને અનાશ્રવયોગના પ્રક્રમમાં, બંધનો હેતુ હોવાથી, તે સાંપરાયિક એવો મુખ્ય બંધ જ આશ્રવ કહેવાયો છે. તે કારણથી આનો=આશ્રવનો, આ અર્થ=સાંપરાયિકબંધલક્ષણ અર્થ, સંગત છે.

"एवं ..... मतः" ।।એ રીતે=સકષાયવાળાને સાશ્રવયોગ છે એ રીતે, ચરમદેહવાળાને સંપરાયવિયોગથી=ક્રોધાદિ કષાયના વિયોગથી, ઈત્વર આશ્રવના ભાવમાં પણ=બે સામાયિક બળવાળા વેદનીય કર્મના સદ્ભાવમાં પણ, તે પ્રકારે=કષાયકૃત કર્મબંધનો અભાવ છે તે પ્રકારે, અનાશ્રવ નામનો બીજો તે=યોગભેદ મનાયો છે.

"निश्चयेन ..... अभिमतार्थदौ" ।। અહીં=યોગના અધિકારમાં નિશ્ચય ઉપલક્ષિત વ્યવહારનયથી, સર્વત્ર=સર્વ પદોમાં, શબ્દાર્થ=અનાશ્રવાદિ શબ્દગત અર્થ છે; (અને આમ હોતે છતે) નિશ્ચય-વ્યવહાર બંને પણ અભિમત અર્થને આપનારા છે= ઈષ્ટફળને આપનારા છે.

**निश्चयेन ..... अन्वयः ।। યોગબિંદુ શ્લોક-૩૭૮માં 'निश्चयेन' એ તૃતીયા વિભક્તિ ઉપલક્ષણ અર્થમાં છે. તેથી નિશ્ચય વડે ઉપલક્ષિત એવા તેના પ્રાપક વ્યવહારથી=નિશ્ચયના પ્રાપક વ્યવહારનયથી, સાશ્રવ અને અનાશ્રવ બે પ્રકારનો યોગભેદ છે, એમ અન્વય છે. ।।૧૮।।**

**ભાવાર્થ :-**

**સાશ્રવ અને અનાશ્રવયોગનું સ્વરૂપ :-**

અધ્યાત્માદિ પાંચ પ્રકારના યોગને અન્ય રીતે સાશ્રવ અને અનાશ્રવરૂપ બે ભેદોથી પ્રસ્તુત શ્લોકમાં બતાવેલ છે –

**(૧) સાશ્રવયોગ અને (૨) અનાશ્રવયોગ.**

કર્મબંધનું કારણ હોય તેને આશ્રવ કહેવાય છે. આમ છતાં કારણમાં કાર્યનો ઉપચાર કરીને બંધને અહીં આશ્રવ શબ્દથી ગ્રહણ કરેલ છે. તેથી જે યોગમાં કર્મનો બંધ હોય તેને સાશ્રવયોગ કહેવાય અને જે યોગમાં કર્મનો બંધ ન હોય તેને અનાશ્રવયોગ કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં પ્રશ્ન થાય કે જે યોગમાં કર્મબંધ ન હોય તેવો યોગ અનાશ્રવયોગ કહીએ તો અયોગીકેવલી ગુણસ્થાનકવાળાનો યોગ કર્મબંધ વગરનો છે, તેથી અયોગીકેવલીના યોગને અનાશ્રવયોગ કહી શકાય, પરંતુ અયોગીકેવલીની પૂર્વના બારમા-તેરમા ગુણસ્થાનકવર્તી યોગીના યોગને અનાશ્રવયોગ કહી શકાય નહિ. તેથી ગ્રંથકારશ્રીએ ખુલાસો કર્યો કે તત્ત્વાંગ પ્રાપક એવા વ્યવહારનયથી તેમના યોગને પણ અહીં અનાશ્રવયોગ ગ્રહણ કરેલ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે તત્ત્વને સ્વીકારનાર નિશ્ચયનય છે, અને તે નયથી વિચારીએ તો જે યોગમાં કર્મબંધ ન હોય તે યોગને અનાશ્રવયોગ કહી શકાય; અને અયોગીકેવલી ગુણસ્થાનકમાં મોક્ષનું કારણ એવો યોગ વર્તે છે, અને અયોગીકેવલીમાં કર્મબંધ નથી, તેથી અયોગીકેવલીનો યોગ નિશ્ચયનયથી અનાશ્રવયોગ તરીકે પ્રાપ્ત થાય; અને તે અનાશ્રવયોગની પ્રાપ્તિનું કારણ જે હોય તેને પણ અનાશ્રવયોગ તરીકે સ્વીકારનાર જે વ્યવહારનય છે, તે નિશ્ચયપ્રાપક વ્યવહારનયથી વિચારીએ તો, બારમા ગુણસ્થાનકથી અનાશ્રવયોગ છે; કેમ કે બારમા ગુણસ્થાનકની પ્રાપ્તિ પછી અવશ્ય ચૌદમું ગુણસ્થાનક તે જ ભવમાં આવશે. તેથી નિશ્ચયને પ્રાપ્ત કરાવનારો જે વ્યવહારનય છે, તે નયથી બે સમયના થતા કર્મબંધવાળા ૧૨મા, ૧૩મા ગુણસ્થાનકમાં વર્તતા એવા યોગને પણ અનાશ્રવયોગ કહેવાય છે. વળી નિશ્ચયપ્રાપક વ્યવહારનયને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે કે અનાશ્રવયોગ એક જન્મવાળો હોય છે; કેમ કે ૧૨મા ગુણસ્થાનકને પ્રાપ્ત કર્યા પછી યોગી અન્ય જન્મને પ્રાપ્ત કરતા નથી.

વળી ૧૦મા ગુણસ્થાનક સુધીના અધ્યાત્માદિ યોગોને સેવનારા જે યોગી છે, તે યોગીનો યોગ સાશ્રવ છે; કેમ કે ૧૦મા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી યોગમાર્ગમાં પ્રવર્તતા યોગીઓ અવશ્ય કર્મબંધ કરે છે; અને જે સાપાયયોગી છે તે સાપાયયોગીને તો ઘણા જન્મને કરનારો સાશ્રવયોગ છે.

આનાથી એ ફલિત થાય કે ચરમશરીરીને ૧૦મા ગુણસ્થાનક સુધી સાશ્રવયોગ છે તોપણ તે સાશ્રવ યોગ ઘણા જન્મને કરનારો નથી, અને જે સાપાયયોગી છે તે યોગીને ઘણા જન્મને કરનારો સાશ્રવયોગ છે.

અહીં વિશેષ એ છે કે સાશ્રવયોગવાળા જે યોગીઓ અધ્યાત્માદિ યોગને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પામેલા છે અને તેઓને જો નિરુપક્રમ કર્મ ન હોય તો ઉત્તર ઉત્તરના યોગને પ્રાપ્ત કરીને તે જ ભવમાં અનાશ્રવ યોગને પ્રાપ્ત કરીને ક્ષપકશ્રેણિ પ્રાપ્ત કરે છે, તે ભવમાં મોક્ષમાં જાય છે.

જે યોગીને અવશ્ય વેદનીય એવું નિરુપક્રમ કર્મ વિદ્યમાન છે, તેથી ઉત્તર-ઉત્તરના યોગની વૃદ્ધિ કરીને તે ભવમાં મોક્ષમાં જતા નથી, તેઓ સાપાયયોગી છે, અને તેવા યોગીનો સાશ્રવયોગ તે ભવમાં અનાશ્રવયોગનું કારણ બનતો નથી. તેથી તેઓ આ ભવમાં ચારિત્રને પાળીને અવશ્ય દેવભવાદિને પામે છે, અને જ્યાં સુધી નિરુપક્રમ કર્મ ભોગવાઈને પૂરું ન થાય ત્યાં સુધી દેવ-મનુષ્યાદિ ઘણા ભવોને કરનારો સાશ્રવયોગ તે યોગીમાં વર્તે છે, તેથી જ્યારે તે સાશ્રવયોગી તે કર્મોને ભોગવીને અનાશ્રવયોગ પ્રાપ્ત કરશે ત્યારે ક્ષપકશ્રેણિને પ્રાપ્ત કરીને તે ભવમાં મોક્ષે જશે.

જે યોગીને નિરુપક્રમ કર્મ નથી અને દેશવિરતિ ગુણસ્થાનકને પામેલા છે, તેથી અધ્યાત્માદિ યોગો તેમનામાં પ્રગટેલ છે, તેવા યોગી દેશવિરતિના પાલન દ્વારા શક્તિનો સંચય થશે ત્યારે તે ભવમાં અવશ્ય ચારિત્ર ગ્રહણ કરશે, અને ચારિત્રની પ્રાપ્તિ પછી પણ નિરુપક્રમ કર્મ નહિ હોવાને કારણે તે યોગી ઉત્તર-ઉત્તરના સંયમસ્થાનના પ્રતિબંધક સોપક્રમ કર્મને અવશ્ય તોડીને અનાશ્રવ યોગને પ્રાપ્ત કરીને ક્ષપકશ્રેણિ માંડશે, અને મોક્ષની પ્રાપ્તિ કરશે.

વળી જે યોગીને પાંચમું આદિ ગુણસ્થાનક ભાવથી પ્રાપ્ત થયું છે, છતાં સોપક્રમ ચારિત્રમોહનીય કર્મ નથી, પરંતુ નિરુપક્રમ ચારિત્રમોહનીય કર્મ છે, તે યોગીનો સાશ્રવયોગ ઘણા જન્મને કરનારો છે, અને તેવા યોગીઓ જો યોગમાર્ગથી પાત ન પામે તો દેવ-મનુષ્યાદિ કેટલાક ભવો કરીને મોક્ષમાં જાય, અને માર્ગથી ભ્રષ્ટ થાય તો ઘણા કાળ પછી પણ ફરી માર્ગ પ્રાપ્ત કરીને મોક્ષમાં જાય.

એક જન્મવાળો અનાશ્રવયોગ છે તે યોગીની પાછળની ભૂમિકામાં છે, છતાં તે યોગી જ્યારે આદ્યભૂમિકામાં છે, ત્યારે તો તેને પણ સાશ્રવયોગ છે અને તે યોગી અનાશ્રવયોગને પામીને તે જ જન્મમાં મોક્ષમાં જાય છે અને તેવા યોગીનો પૂર્વનો સાંશ્રવયોગ ગ્રહણ કરીને બહુજન્મવાળો સાશ્રવયોગ છે, તેવો અર્થ શ્લોકનો કરવાનો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તુત શ્લોકમાં યોગબિંદુ ગ્રંથ શ્લોક-૩૭૬-૩૭૭-૩૭૮ની સાક્ષી આપી તેનો ભાવ આ પ્રમાણે છે –

**યોગબિંદુ શ્લોક-૩૭૬નો ભાવ :-**

સાશ્રવ અને નિરાશ્રવયોગના પ્રક્રમમાં બંધને જ આશ્રવ શબ્દથી ગ્રહણ કરેલ છે; કેમ કે આશ્રવ બંધનો હેતુ છે, તેથી ઉપચારથી બંધને જ આશ્રવ કહેલ છે, અને બંધ જ્ઞાનાવરણીયાદિ કર્મરૂપ છે અને તે કષાયથી થનારો છે. તેથી ૧૦મા ગુણસ્થાનક સુધી સાંપરાયિક કર્મબંધ છે અને સાંપરાયિક કર્મબંધને અહીં આશ્રવથી ગ્રહણ કરેલ છે. તેથી સાંપરાયિક કર્મબંધવાળો યોગ ૧૦મા ગુણસ્થાનક સુધી પ્રાપ્ત થાય છે.

**યોગબિંદુ શ્લોક-૩૭૭નો ભાવ :-**

ચરમશરીરી જીવોને પણ ૧૦મા ગુણસ્થાનક સુધી કષાયો છે અને ૧૦મા ગુણસ્થાનક પછી કષાયનો વિયોગ થાય છે, તેથી સંપરાયનો પણ વિયોગ પ્રાપ્ત થાય છે, ત્યારપછી ૧૨મા ગુણસ્થાનકમાં યોગપ્રત્યયિક બે સમયનો કર્મબંધ થાય છે, તોપણ તેની આશ્રવ તરીકે વિવક્ષા કરેલ નથી. તેથી ૧૨મા ગુણસ્થાનકથી અનાશ્રવ યોગ મનાયેલ છે.

૧૨મા ગુણસ્થાનકમાં બે સમયનો કર્મબંધ છે, તેથી ત્યાં સાશ્રવયોગ કહેવો જોઈએ. અનાશ્રવયોગ કેમ કહ્યો ? તેથી યોગબિંદુ શ્લોક-૩૭૮માં કહે છે -

**યોગબિંદુ શ્લોક-૩૭૮નો ભાવ :-**

યોગના અધિકારમાં નિશ્ચયનયથી ઉપલક્ષિત એવા વ્યવહારનયથી આશ્રવ, અનાશ્રવ આદિ શબ્દનો અર્થ કરવાનો છે. તેથી નિશ્ચયનયથી વિચારીએ તો અનાશ્રવયોગ ૧૪મા ગુણસ્થાનમાં પ્રાપ્ત થાય, પરંતુ નિશ્ચયપ્રાપક વ્યવહારનયથી વિચારીએ તો ૧૨મા ગુણસ્થાનકનો યોગ પણ અનાશ્રવયોગ કહી શકાય; કેમ કે ૧૨મા ગુણસ્થાનક પછી અવશ્ય તે ભવમાં ૧૪મું ગુણસ્થાનક આવશે. તેથી ૧૪મા ગુણસ્થાનકે પ્રાપ્ત થતા અનાશ્રવયોગનું કારણ ૧૨મા, ૧૩મા ગુણસ્થાનકનો યોગ છે. માટે તે યોગને પણ નિશ્ચયપ્રાપક વ્યવહારનય અનાશ્રવયોગરૂપે સ્વીકારે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ સ્વીકારવાથી શું પ્રાપ્ત થાય ? તે યોગબિંદુ શ્લોક-૩૭૮ના ઉત્તરાર્ધમાં કહે છે –

આમ સ્વીકારવાથી નિશ્ચય અને વ્યવહાર એ બંને નયો ઈષ્ટફળને આપનારા છે, એ પ્રકારે સિદ્ધ થાય છે અર્થાત્ જેમ નિશ્ચયનયને માન્ય અનાશ્રવયોગ તે ભવમાં મોક્ષરૂપ ફળને આપનાર છે, તેમ નિશ્ચયપ્રાપક વ્યવહારનયને માન્ય એવો પણ અનાશ્રવયોગ તે ભવમાં ઈષ્ટ એવા મોક્ષફળને આપનારો છે, તેમ સિદ્ધ થાય છે. **॥૧૮॥**

**શ્લોક-૧૮નો સારાંશ :-**

**અધ્યાત્માદિ પાંચ યોગ**

- પ્રથમના ચાર સાશ્રવયોગ
  - નિરપાય યોગીને – ૧૦મા ગુણસ્થાનક સુધી
  - સાપાય યોગીને – અનેક જન્મને કરનારો
- પાંચમો અનાશ્રવયોગ
  - નિશ્ચયનયથી ૧૪મા ગુણસ્થાનકે
  - નિશ્ચયપ્રાપક વ્યવહારનયથી ૧૨, ૧૩ અને ૧૪મા ગુણસ્થાનકે

❖ નિરુપક્રમ કર્મવાળા સાપાયયોગીનો સાશ્રવયોગ તે ભવમાં અનાશ્રવનું કારણ ન બને માટે બહુજન્મને કરનારો છે.

❖ નિરુપક્રમ કર્મ વગરના સોપક્રમ કર્મવાળા નિરપાય યોગીનો સાશ્રવયોગ તે ભવમાં અનાશ્રવયોગનું કારણ બને છે, અને તે અનાશ્રવયોગ એક જન્મને કરનારો છે.

**અવતરણિકા :-**

**इत्थं साश्रवानाश्रवत्वाभ्यां योगद्वैविध्यमुक्त्वा शास्त्रसापेक्षस्वाधिकारिकत्वतद्विपर्ययाभ्यां तद्द्वैविध्याभिधानाभिप्रायवानाह –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=શ્લોક-૧૮માં બતાવ્યું એ રીતે, સાશ્રવ અને અનાશ્રવ દ્વારા યોગના બે પ્રકારને કહીને શાસ્ત્રસાપેક્ષસ્વઅધિકારિકત્વ દ્વારા અને તદ્વિપર્યય દ્વારા=શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારીપણા દ્વારા અને શાસ્ત્રસાપેક્ષ યોગના અનધિકારીપણા દ્વારા તેના દ્વૈવિધ્યને=યોગના બે પ્રકારને, કહેવાના અભિપ્રાયવાળા ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૮માં સાશ્રવ અને અનાશ્રવરૂપે બે પ્રકારનો યોગ છે, એમ કહ્યું. હવે જેમનામાં શાસ્ત્રથી યોગનું આધાન થાય છે, તેવા જીવો શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી છે, અને જેમનામાં શાસ્ત્રથી યોગનું આધાન થતું નથી, તેવા જીવો શાસ્ત્રસાપેક્ષ યોગના અનધિકારી છે, તે પ્રકારની વિવક્ષાથી યોગના બે ભેદોને ગ્રંથકારશ્રી કહે છે. તેમાં પ્રસ્તુત શ્લોકમાં જેમનામાં શાસ્ત્રથી યોગનું આધાન થતું નથી, તેવા બે પ્રકારના યોગીઓને બતાવે છે –

**શ્લોક :-**

**शास्त्रेणाधीयते चायं नासिद्धेर्गोत्रयोगिनाम् ।**
**सिद्धेर्निष्पन्नयोगस्य नोद्देशः पश्यकस्य यत् ।।१९।।**

**અન્વયાર્થ :-**

असिद्धेः=**અસિદ્ધિ હોવાને કારણે** गोत्रयोगिनाम्=**ગોત્રયોગીઓને,** च=**અને** सिद्धेः=**સિદ્ધિ હોવાને કારણે** निष्पन्नयोगस्य=**નિષ્પન્નયોગવાળાને** अयं=**આ=યોગ** शास्त्रेण=**શાસ્ત્ર દ્વારા,** न आधीयते=**આધાન કરાતો નથી.**

સિદ્ધિ હોવાને કારણે નિષ્પન્ન યોગીને શાસ્ત્ર દ્વારા યોગ કેમ આધાન કરાતો નથી ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

यत्=**જે કારણથી** पश्यकस्य=**પશ્યકને=નિષ્પન્નયોગવાળા એવા પશ્યકને** उद्देशः न=**ઉદ્દેશ નથી. ।।૧૯।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**અસિદ્ધિ હોવાને કારણે ગોત્રયોગીઓને અને સિદ્ધિ હોવાને કારણે નિષ્પન્ન યોગવાળાને આ=યોગ શાસ્ત્ર દ્વારા આધાન કરાતો નથી.**

સિદ્ધિ હોવાને કારણે નિષ્પન્ન યોગીને શાસ્ત્ર દ્વારા યોગ કેમ આધાન કરાતો નથી ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

**જે કારણથી પશ્યકને=નિષ્પન્નયોગવાળા પશ્યકને, ઉદ્દેશ નથી. ।।૧૯।।**

**ટીકા :-**

**शास्त्रेणेति-अयं च=योगो, गोत्रयोगिनां=गोत्रमात्रेण योगिनाम् असिद्धेः= मलिनान्तरात्मतया योगसाध्यफलाभावात्, शास्त्रेण योगतन्त्रेण, नाधीयते । तथा सिद्धेः=सामर्थ्ययोगत एव कार्यनिष्पत्तेः, निष्पन्नयोगस्यासङ्गानुष्ठानप्रवाहप्रदर्शनेन सिद्धयोगस्यायं शास्त्रेण नाधीयते, यत्=यस्मात्, पश्यकस्य=स्वत एव विदितवेद्यस्य, उद्दिश्यत इत्युद्देशः सदसत्कर्तव्याकर्तव्यादेशो नास्ति ।**

**यतोऽभिहितमाचारे** - "उद्देसो पासगस्स नत्थि" **त्ति ।।१९।।**

**ટીકાર્થ :-**

अयं च ..... नाधीयते । **અને અસિદ્ધિ હોવાને કારણે=મલિન અંતરાત્મપણું હોવાથી યોગસાધ્યફળનો અભાવ હોવાને કારણે=ગોત્રયોગીઓનું મલિન મન હોવાથી યોગના ઉપદેશ દ્વારા આત્મામાં યોગને અભિમુખભાવ થાય તેવા પ્રકારના ફળનો અભાવ હોવાને કારણે, ગોત્રયોગીઓને=ગોત્રમાત્રથી યોગીઓને, આ=યોગ, શાસ્ત્ર દ્વારા=યોગશાસ્ત્ર દ્વારા, આધાન કરાતો નથી.**

**અને સિદ્ધિ હોવાને કારણે=સામર્થ્યયોગથી કાર્યની નિષ્પત્તિ હોવાને કારણે, નિષ્પન્નયોગવાળાને=અસંગઅનુષ્ઠાનના પ્રવાહના પ્રદર્શન વડે અર્થાત્ સેવન વડે સિદ્ધયોગવાળાને, આ=યોગ, શાસ્ત્ર દ્વારા આધાન કરાતો નથી.**

નિષ્પન્નયોગીને શાસ્ત્ર દ્વારા યોગનું આધાન કેમ કરાતું નથી ? તેમાં હેતુ કહે છે –

यत् ..... नास्ति । **જે કારણથી પશ્યકને=સ્વતઃ વિદિતવેદ્યને=શાસ્ત્રની**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અપેક્ષા વગર પોતાની મેળે જ વેદ્ય એવા તત્ત્વને જેમણે જાણ્યું છે એવા પશ્યકને, ઉદ્દેશ નથી=સત્-અસત્ કર્તવ્યતાનો આદેશ નથી.**

ઉદ્દેશનો અર્થ સત્-અસત્ કર્તવ્યતાનો આદેશ કેમ કર્યો ? તે સ્પષ્ટ કરવા માટે ઉદ્દેશની વ્યુત્પત્તિ બતાવે છે –

'उद्दिश्यते इति उद्देशः' **આ વ્યુત્પત્તિ પ્રમાણે ઉદ્દેશની ક્રિયા પ્રાપ્ત થાય, અને શાસ્ત્રકારોએ યોગ્ય જીવોને ઉદ્દેશીને સત્-અસત્ કર્તવ્યતાનો આદેશ કર્યો છે, તે ઉદ્દેશ ક્રિયા છે, અને તેવો આદેશ પશ્યકને નથી માટે પશ્યક એવા નિષ્પન્નયોગવાળાને શાસ્ત્રથી યોગનું આધાન નથી, એમ અન્વય છે.**

પશ્યકને ઉદ્દેશ નથી, તેમાં સાક્ષી આપવા માટે કહે છે –

**यतोऽभिहितमाचारे** - 'उद्देसो पासगस्स नत्थि त्ति' ।। **જે કારણથી આચારમાં= આચારાંગ સૂત્રમાં** "પશ્યકને ઉદ્દેશ નથી" **એ પ્રમાણે કહેવાયું છે. ।।૧૯।।**

**ભાવાર્થ :-**

**શાસ્ત્રસાપેક્ષયોગના અનધિકારી ગોત્રયોગીનુ અને નિષ્પન્નયોગીનું સ્વરૂપ :-**

**ગોત્રયોગી :-** સંસારમાં કેટલાક જીવોને શાસ્ત્ર દ્વારા કોઈ ઉપકાર થઈ શકતો નથી. આમ છતાં તેવા જીવો આર્યભૂમિમાં જન્મેલા છે તેટલા માત્રથી તેઓને ગોત્રયોગી કહેવામાં આવે છે. આવા ગોત્રયોગીઓનું ચિત્ત ભોગ તરફના અત્યંત વલણવાળું હોય છે. તેથી તેઓ શાસ્ત્રના ઉપદેશ માટે અયોગ્ય છે. શાસ્ત્ર દ્વારા આવા ગોત્રયોગીઓમાં યોગનું આધાન કરાતું નથી. આથી ઉપદેશકો પણ આવા જીવોની અયોગ્યતા જોઈને શાસ્ત્રવચન દ્વારા યોગમાર્ગ બતાવવા માટે પ્રયત્ન કરતા નથી.

**નિષ્પન્નયોગી :-** વળી નિષ્પન્નયોગવાળા જીવોને પણ શાસ્ત્ર દ્વારા યોગનું આધાન કરાતું નથી.

નિષ્પન્નયોગવાળા એટલે સામર્થ્યયોગની પ્રાપ્તિથી જેઓનું કાર્ય નિષ્પન્ન થયું છે, તે નિષ્પન્નયોગવાળા છે. આવા નિષ્પન્નયોગવાળા જીવો પોતાના બોધના બળથી અસંગઅનુષ્ઠાનના પ્રવાહના સેવનથી સિદ્ધયોગવાળા છે. તેથી આવા જીવોમાં શાસ્ત્ર દ્વારા યોગનું આધાન કરાતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં પ્રશ્ન થાય કે નિષ્પન્નયોગવાળા પણ યોગીઓ વીતરાગ સર્વજ્ઞ થયા નથી, માટે તેઓને વીતરાગ સર્વજ્ઞ થવા યોગમાર્ગ સેવવાનો બાકી છે. તેથી તે સેવવાની દિશાને બતાવવા શાસ્ત્ર ઉપકારી થશે. માટે નિષ્પન્નયોગવાળાને શાસ્ત્ર દ્વારા યોગનું આધાન કરાતું નથી, તેમ કેમ કહી શકાય ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

"પશ્યકને ઉદ્દેશ નથી."

આશય એ છે કે સામર્થ્યયોગવાળા યોગીઓને પોતાને કઈ દિશામાં યત્ન કરવો જોઈએ, તેવો બોધ થઈ ચૂક્યો છે. તેવા જીવોને ઉદ્દેશીને શાસ્ત્ર આ કર્તવ્ય છે અને આ અકર્તવ્ય છે, તેવો આદેશ કરતું નથી; કેમ કે જે જીવોને સ્વભૂમિકા અનુસાર શું કર્તવ્ય છે અને શું અકર્તવ્ય છે, તેવો બોધ નથી તેવા જીવોને તેવો બોધ કરાવવા માટે શાસ્ત્ર ઉપયોગી છે, અને સામર્થ્યયોગવાળાને તેવો બોધ સ્વયં વર્તે છે. તેથી સ્વબોધના બળથી જ તેઓ મોહનો નાશ કરવા માટે ઉદ્યમ કરી રહ્યા છે. માટે શાસ્ત્ર દ્વારા તેઓમાં યોગનું આધાન કરાતું નથી.

આનાથી એ ફલિત થયું કે યોગદૃષ્ટિ ગ્રંથમાં ગોત્રયોગીને 'ભૂમિભવ્ય' કહેલ છે તેવા ગોત્રયોગી અને નિષ્પન્નયોગી બંને શાસ્ત્રસાપેક્ષ યોગના અનધિકારી છે. **॥૧૯॥**

**શ્લોક-૧૯નો સારાંશ :-**

**-: શાસ્ત્રસાપેક્ષયોગના અનધિકારી :-**

| **ગોત્રયોગી** | **નિષ્પન્નયોગી** |
|---|---|
| મલિન અંતઃકરણ હોવાને કારણે શાસ્ત્રસાપેક્ષ યોગના અનધિકારી | સ્વયં તત્ત્વને જાણેલ હોવાથી શાસ્ત્રસાપેક્ષ યોગના અનધિકારી |

❖ ગોત્રયોગીઓ યોગમાર્ગ માટે યોગ્યતારૂપ કોઈ વિશેષતા વગર સામાન્યથી આર્યદેશમાં જન્મરૂપ ભૂમિની અપેક્ષાએ યોગ્ય છે.

**અવતરણિકા :-**

**શ્લોક-૧૯ની અવતરણિકામાં કહેલ કે શાસ્ત્રસાપેક્ષ યોગનું અધિકારીપણું અને શાસ્ત્રસાપેક્ષ યોગનું અનધિકારીપણું : આ બંનેને આશ્રયીને યોગના**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બે ભેદ કહેવાના અભિપ્રાયથી ગ્રંથકારશ્રી કહે છે, ત્યાં શાસ્ત્રસાપેક્ષ યોગના અનધિકારી ભેદનું વર્ણન શ્લોક-૧૯માં કર્યું. હવે શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી ભેદનું વર્ણન બતાવે છે –

**શ્લોક :-**

कुलप्रवृत्तचक्राणां शास्त्रात्तत्तदुपक्रिया ।
योगाचार्यैर्विनिर्दिष्टं तल्लक्षणमिदं पुनः ।।२०।।

**અન્વયાર્થ :-**

कुलप्रवृत्तचक्राणां=કુલયોગીઓને અને પ્રવૃત્તચક્રયોગીઓને शास्त्रात्=શાસ્ત્રથી तत्तदुपक्रिया=તે તે ઉપક્રિયા=તે તે યોગની સિદ્ધિરૂપ ઉપકાર, થાય છે. पुनः=વળી योगाचार्यैः=યોગાચાર્ય વડે तल्लक्षणम्=તેનું લક્ષણ=કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીનું इदं=આ=વક્ષ્યમાણ विनिर्दिष्टम्=કહેવાયું છે. ।।૨૦।।

**શ્લોકાર્થ :-**

**કુલયોગીઓને અને પ્રવૃત્તચક્રયોગીઓને શાસ્ત્રથી તે તે યોગની સિદ્ધિરૂપ ઉપકાર થાય છે. વળી યોગાચાર્ય વડે કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીનું લક્ષણ આ=વક્ષ્યમાણ કહેવાયું છે. ।।૨૦।।**

**ટીકા :-**

कुलेति-कुलयोगिनां प्रवृत्तचक्रयोगिनां च शास्त्रात्=योगतन्त्रात्, सा विचित्रत्वेन प्रसिद्धा उपक्रिया योगसिद्धिरूपा भवति । तदुक्तं योगदृष्टिसमुच्चये –

"कुलप्रवृत्तचक्रा ये त एवास्याधिकारिणः ।
योगिनो न तु सर्वेऽपि तथासिद्ध्यादिभावतः" ।।१।। (यो. दृ. स./श्लो. २०९)

तेषां कुलप्रवृत्तचक्रयोगिनां लक्षणं पुनरिदं वक्ष्यमाणं योगाचार्यैः=योगप्रतिपादकैः सूरिभिः, विनिर्दिष्टम् ।।२०।।

**ટીકાર્થ :-**

कुलयोगिनां ..... भवति । કુલયોગીને અને પ્રવૃત્તચક્રયોગીને શાસ્ત્રથી= યોગતંત્રથી=યોગને કહેનારા શાસ્ત્રથી, વિચિત્રપણારૂપે પ્રસિદ્ધ=ભિન્ન ભિન્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રકારે પ્રસિદ્ધ, યોગસિદ્ધિરૂપ ઉપક્રિયા=ઉપકાર, થાય છે.**

**तदुक्तं योगदृष्टिसमुच्चये - તે=કુલયોગીને અને પ્રવૃત્તચક્રયોગીને યોગને કહેનારા શાસ્ત્રથી ઉપકાર થાય છે તે, યોગદૃષ્ટિસમુચ્ચય શ્લોક-૨૦૯માં કહેવાયું છે –**

"कुलप्रवृत्त ..... भावतः" ।। "જે કુલ-પ્રવૃત્તચક્રયોગીઓ છે, તે જ આના= યોગશાસ્ત્રના, અધિકારી છે. પરંતુ સર્વ પણ નહિ; કેમ કે તે પ્રકારે અસિદ્ધિ આદિનો ભાવ છે."

**तेषां ..... विर्निर्दिष्टम् ।। તેઓનું=કુલ-પ્રવૃત્તચક્રયોગીઓનું, વળી આ= વક્ષ્યમાણ લક્ષણ યોગાચાર્ય વડે=યોગપ્રતિપાદક એવા સૂરિ વડે, કહેવાયું છે. ।।૨૦।।**

**ભાવાર્થ :-**

**શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીનું સ્વરૂપ :-**

શાસ્ત્રસાપેક્ષ યોગગ્રંથના અધિકારી કોણ છે ? તે બતાવવાનું પ્રસ્તુત શ્લોકમાં પ્રારંભ કરેલ છે. તેથી જે જીવોને શાસ્ત્રને અવલંબીને યોગમાર્ગનો ઉપકાર થાય તેવા યોગીઓને અહીં ગ્રહણ કરેલ છે અને તેવા યોગીઓ એટલે કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી.

કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીને યોગશાસ્ત્રથી યોગની સિદ્ધિરૂપ ઉપકાર થાય છે, પરંતુ તે ઉપકાર બધાને સમાન થતો નથી, જે જે પ્રકારની યોગ્યતા કુલયોગી કે પ્રવૃત્તચક્રયોગીમાં છે, તે તે પ્રકારે ઉપકાર થાય છે. તેથી ટીકામાં કહ્યું કે વિચિત્રપણારૂપે પ્રસિદ્ધ એવો યોગસિદ્ધિરૂપ ઉપકાર થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે યોગમાર્ગનો ઉપકાર અનેક પ્રકારનો છે. કેટલાક જીવોને યોગશાસ્ત્રના શ્રવણથી રુચિમાત્રમાં અતિશયતા થાય છે, તો કેટલાક જીવોને રુચિ અનુસાર યત્ન કરવા માટે વીર્ય ઉલ્લસિત થાય છે, તેમ કેટલાક જીવોને યોગશાસ્ત્રના શ્રવણથી સામાન્ય વીર્ય ઉલ્લસિત થાય છે, તો કેટલાક યોગીને મહાવીર્ય પણ ઉલ્લસિત થાય છે. તેથી જીવની ભૂમિકા પ્રમાણે ઉપકાર થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીનું લક્ષણ યોગાચાર્ય વડે આ પ્રમાણે બતાવાયું છે, જે સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવે છે. **॥૨૦॥**

**અવતરણિકા :-**

**શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી છે, એમ શ્લોક-૨૦માં બતાવ્યું. હવે કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીનું લક્ષણ ગ્રંથકારશ્રી બતાવે છે –**

**શ્લોક :-**

**ये योगिनां कुले जातास्तद्धर्मानुगताश्च ये ।**
**कुलयोगिन उच्यन्ते गोत्रवन्तोऽपि नापरे ।।२१।।**

**અન્વયાર્થ :-**

ये=જેઓ योगिनां कुले=યોગીઓના કુળમાં जाताः=જન્મેલા છે ये तद्धर्मानुगताश्च=અને જેઓ તેમના=યોગીઓના ધર્મને અનુસરનારા છે, कुलयोगिन उच्यन्ते=તેઓ કુલયોગી કહેવાય છે. गोत्रवन्तोऽपि अपरे न=ગોત્રવાળા પણ બીજા નથી=કુલયોગી નથી. ।।૨૧।।

**શ્લોકાર્થ :-**

**જેઓ યોગીઓના કુળમાં જન્મેલા છે અને જેઓ યોગીઓના ધર્મને અનુસરનારા છે, તેઓ કુળયોગી કહેવાય છે. ગોત્રવાળા પણ બીજા નથી=કુલયોગી નથી. ।।૨૧।।**

**ટીકા :-**

य इति - ये योगिनां कुले जाता=लब्धजन्मानः, तद्धर्मानुगताश्च=योगिधर्मानुसरणवन्तश्च, ये प्रकृत्याऽन्येऽपि, कुलयोगिन उच्यन्ते द्रव्यतो भावतश्च, गोत्रवन्तोऽपि=सामान्येन कर्मभूमिभव्या अपि, नापरे कुलयोगिन इति ।।२१।।

**ટીકાર્થ :-**

ये योगिनां ..... इति ।। જેઓ યોગીના કુળમાં જન્મેલા છે=પ્રાપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જન્મવાળા છે અને જેઓ પ્રકૃતિથી અન્ય પણ તેમના ધર્મને અનુસરનારા છે=યોગીઓના ધર્મને અનુસરનારા છે, તેઓ દ્રવ્યથી અને ભાવથી કુળયોગી કહેવાય છે=યોગીકુળમાં જન્મેલા દ્રવ્યથી કુલયોગી કહેવાય છે અને અન્ય પણ અર્થાત્ યોગીકુળમાં નહીં જન્મેલો પણ પ્રકૃતિથી યોગીધર્મને અનુસરનારા ભાવથી કુલયોગી કહેવાય છે. ગોત્રવાળા પણ બીજા=સામાન્યથી કર્મભૂમિભવ્ય પણ બીજા=યોગમાર્ગને અનુકૂળ એવી આર્યદેશની ભૂમિમાં જન્મેલા પણ બીજા અર્થાત્ જેઓ યોગીના કુળમાં જન્મ્યા નથી અને યોગીના ધર્મને અનુસરનારા નથી એવા બીજા કુલયોગી નથી.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે. ॥૨૧॥**

❖ प्रकृत्याऽन्येऽपि - અહીં 'अपि' થી એ સમુચ્ચય થાય છે કે યોગીકુળમાં જન્મેલા તો યોગીના ધર્મને અનુસરનારા હોય તો ભાવથી કુલયોગી છે, પરંતુ અન્ય પણ= યોગીકુળમાં નહીં જન્મેલા પણ પ્રકૃતિથી યોગીના ધર્મને અનુસરનારા હોય તો ભાવથી કુલયોગી છે.

**ભાવાર્થ :-**

શાસ્ત્રસાપેક્ષ યોગ જેમનામાં ઉત્પન્ન થઈ શકે તેવા જીવો શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી છે, અને શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી છે, તેમ શ્લોક-૨૦માં બતાવ્યું. હવે તેમાં પ્રથમ કુલયોગીનું સ્વરૂપ બતાવે છે -

**કુલયોગીનું સ્વરૂપ :-**

જે જીવો યોગીના કુલમાં જન્મેલા છે, તેઓ દ્રવ્યથી કુલયોગી છે. તેવા જીવોને શાસ્ત્રથી ઉપકાર થવાની સંભાવના છે, તેથી તેઓને યોગના અધિકારી તરીકે સ્વીકાર્યા છે.

વળી જેઓ યોગીના કુળમાં જન્મેલા નથી, એવા અન્ય પણ પ્રકૃતિથી યોગીના ધર્મને અનુસરનારા છે, તેઓ ભાવથી કુલયોગી છે, અને તેઓને પણ શાસ્ત્રથી ઉપકાર થઈ શકે છે; કેમ કે યોગમાર્ગને અનુસરનારા જીવોને શાસ્ત્ર સાંભળવા મળે તો વિશેષ પ્રકારના યોગમાર્ગની પ્રાપ્તિ થાય છે. તેથી ભાવથી કુલયોગી પણ શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી છે.

**ગોત્રયોગી :-** વળી જેઓ યોગીના કુળમાં જન્મેલા નથી અને યોગીધર્મને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુસરતા નથી, પરંતુ આર્યભૂમિમાં જન્મેલા છે, તેથી કર્મભૂમિની અપેક્ષાએ સામાન્યથી તેઓ યોગ્ય છે, તેવા જીવો પણ કુલયોગી નથી, પરંતુ ગોત્રયોગી છે. તેઓ કુલયોગી નહિ હોવાથી શાસ્ત્રથી થતા ઉપકાર માટે યોગ્ય નથી. **॥૨૧॥**

**અવતરણિકા :-**

**ભાવથી કુલયોગીઓનું વિશેષ સ્વરૂપ ગ્રંથકારશ્રી બતાવે છે –**

**શ્લોક :-**

**सर्वत्राद्वेषिणश्चैते गुरुदेवद्विजप्रियाः ।**
**दयालवो विनीताश्च बोधवन्तो जितेन्द्रियाः ।।२२।।**

**અન્વયાર્થ :-**

च=અને सर्वत्राद्वेषिणः=સર્વત્ર અદ્વેષવાળા=સર્વ દર્શનના યોગમાર્ગમાં અદ્વેષવાળા गुरुदेवद्विजप्रियाः=ગુરુ, દેવ અને દ્વિજ છે પ્રિય જેમને એવા दयालवो=દયાળુ विनीताश्च=વિનીત बोधवन्तो=બોધવાળા जितेन्द्रियाः= જિતેન્દ્રિય એવા एते=આ=ભાવથી કુલયોગીઓ છે. ।।૨૨।।

**શ્લોકાર્થ :-**

**અને સર્વત્ર અદ્વેષવાળા, ગુરુ, દેવ અને દ્વિજ જેમને પ્રિય છે એવા, દયાળુ, વિનીત, બોધવાળા અને જિતેન્દ્રિય એવા ભાવથી કુલયોગીઓ છે. ।।૨૨।।**

✤ सर्वत्राद्वेषिणश्च અહીં च કાર છે તે પૂર્વશ્લોકના કથન સાથે સમુચ્ચયાર્થે છે.

**ટીકા :-**

सर्वत्रेति-एते च तथाविधाग्रहाभावेन सर्वत्राद्वेषिणः, तथा धर्मप्रभावाद्यथास्वाचारं गुर्वादिप्रियाः, तथा प्रकृत्या क्लिष्टपापाभावेन दयालवः, विनीताश्च कुशलानुबन्धि-भव्यतया, बोधवन्तो ग्रन्थिभेदेन, जितेन्द्रियाश्चारित्रभावेन ।।२२।।

**ટીકાર્થ :-**

एते च ..... चारित्रभावेन ।। અને આ=ભાવથી કુલયોગી, તેવા પ્રકારના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આગ્રહના અભાવવાળા હોવાને કારણે=કોઈપણ દર્શનમાં રહેલા હોય તોપણ યોગમાર્ગને સ્પર્શનારી યુક્તિયુક્ત એવી વાતો અન્યદર્શનની છે એટલા માત્રથી તેના પ્રત્યે દ્વેષ ઉત્પન્ન કરાવે તેવા આગ્રહનો અભાવ હોવાને કારણે, સર્વત્ર=યોગમાર્ગને સ્પર્શનારા સર્વ કથનમાં, અદ્વેષવાળા; અને ધર્મના પ્રભાવને કારણે=ધર્મ સેવવાની વૃત્તિ હોવાને કારણે, પોતાના આચાર પ્રમાણે ગુરુ આદિ પ્રિય છે જેમને તેવા છે; અને ક્લિષ્ટ પાપનો અભાવ હોવાને કારણે પ્રકૃતિથી દયાળુ છે; અને કુશલાનુબંધી ભવ્યપણું હોવાને કારણે=કુશલની પરંપરા પ્રાપ્ત કરે એવી યોગ્યતા હોવાને કારણે, વિનયવાળા છે; અને ગ્રંથિભેદ થયેલો હોવાને કારણે બોધવાળા, અને ચારિત્રનો ભાવ હોવાને કારણે જિતેન્દ્રિય છે. ॥૨૨॥**

**ભાવાર્થ :-**

**ભાવથી કુલયોગીનું સ્વરૂપ :-**

**(૧) સર્વત્ર અદ્વેષયુક્ત :-** ભાવથી કુલયોગીને કોઈપણ દર્શનની યોગમાર્ગને સ્પર્શનારી યુક્તિયુક્ત વાત સાંભળવા મળે તો તે સાંભળવા પ્રત્યે અભિમુખ થવામાં પ્રતિબંધક એવો સ્વદર્શનનો આગ્રહ હોતો નથી. તેથી ભાવથી કુલયોગી સર્વ દર્શનની યોગમાર્ગની યુક્તિયુક્ત વાત સાંભળવા પ્રત્યે અદ્વેષવાળા હોય છે.

**(૨) ગુરુ-દેવ-દ્વિજપ્રિય :-** ભાવથી કુલયોગી યોગીકુળના ધર્મને આચરનારા હોવાથી તેઓના ચિત્તમાં વર્તતા ધર્મભાવના પ્રભાવને કારણે પોતાના આચાર પ્રમાણે ગુરુ, દેવ અને વિદ્યાના વ્યાસંગવાળા બ્રાહ્મણો તેમને પ્રિય હોય છે.

**(૩) દયાળુ :-** ક્લિષ્ટ પાપનો અભાવ હોવાને કારણે ભાવથી કુલયોગી પ્રકૃતિથી દયાળુ હોય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સંસારની પ્રવૃત્તિ કરાવે અને સંસારમાં પ્રતિકૂળતા વગેરે પ્રાપ્ત થાય તેવી પાપપ્રકૃતિ તેઓને હોઈ શકે, પરંતુ ક્રૂરતા આદિ ભાવો ઉત્પન્ન કરાવે તેવી પાપપ્રકૃતિનો તેઓને અભાવ છે, તેથી તેઓ દયાળુ હોય છે.

**(૪) વિનીત :-** કુશળની પરંપરા પ્રાપ્ત થાય તેવી યોગ્યતા હોવાને કારણે ભાવથી કુલયોગી સર્વત્ર ઉચિત વિનય કરનારા હોય છે. આથી તેઓના ઉચિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિનયને કારણે યોગીઓ પાસેથી વિશિષ્ટ યોગમાર્ગની પ્રાપ્તિ તેઓને થાય છે, તેનાથી કુશળની પરંપરા પ્રગટે છે.

**(૫) બોધયુક્ત :-** ભાવથી કુલયોગી તત્ત્વના તીવ્ર અર્થી હોય છે, અને અત્યંત મધ્યસ્થતાપૂર્વક તત્ત્વાતત્ત્વનો વિભાગ કરીને તત્ત્વને પામેલા હોય છે. તેથી આવા જીવોને ગ્રંથિભેદ થયેલો હોવાથી સૂક્ષ્મ તત્ત્વમાર્ગનો બોધ હોય છે.

**(૬) જિતેન્દ્રિય :-** ભાવથી કુલયોગી યોગીધર્મને અનુસરનારા હોય છે, તેથી ઈન્દ્રિયો ઉપર અતિ સંયમવાળા હોય છે; કેમ કે તેમનું ચારિત્રમોહનીય કર્મ અત્યંત શિથિલ થયેલું છે અથવા ક્ષયોપશમભાવને પામ્યું છે. તેથી ભાવથી કુલયોગી જિતેન્દ્રિય હોય છે.

આવા પ્રકારના કુલયોગીઓને શાસ્ત્રથી ઉપકાર થાય છે, એમ શ્લોક-૧૯ સાથે સંબંધ છે. **॥૨૨॥**

**અવતરણિકા :-**

**શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી છે, એમ શ્લોક-૨૦માં બતાવ્યું. ત્યારપછી કુલયોગીનું સ્વરૂપ શ્લોક-૨૧ અને ૨૨માં બતાવ્યું. હવે પ્રવૃત્તચક્રયોગીનું સ્વરૂપ ગ્રંથકારશ્રી બતાવે છે –**

**શ્લોક :-**

**प्रवृत्तचक्रास्तु पुनर्यमद्वयसमाश्रयाः ।**
**शेषद्वयार्थिनोऽत्यन्तं शुश्रूषादिगुणान्विताः ।।२३।।**

**અન્વયાર્થ :-**

**पुनर्यमद्वयसमाश्रयाः=વળી યમદ્વયના આશ્રયવાળા=ઈચ્છાયમ અને પ્રવૃત્તિયમના આશ્રયવાળા अत्यन्तं शेषद्वयार्थिनो=શેષ યમદ્વયના અત્યંત અર્થી=સ્થિરયમ અને સિદ્ધિયમના અત્યંત અર્થી शुश्रूषादिगुणान्विताः=શુશ્રૂષાદિ ગુણથી યુક્ત એવા प्रवृत्तचक्राः=પ્રવૃત્તચક્રયોગીઓ છે. ॥૨૩॥**

**શ્લોકાર્થ :-**

**વળી ઈચ્છાયમ અને પ્રવૃત્તિયમના આશ્રયવાળા, સ્થિરયમ અને**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સિદ્ધિયમના અત્યંત અર્થી અને શુશ્રૂષાદિ ગુણથી યુક્ત એવા પ્રવૃત્તચક્રયોગી છે. ।।૨૩।।**

❖ શ્લોકમાં કહેલ 'तु' શબ્દ પાદપૂર્તિ માટે છે.

**ટીકા :-**

प्रवृत्तचक्रास्त्विति-प्रवृत्तचक्रास्तु पुनः यमद्वयस्य=इच्छायमप्रवृत्तियमलक्षणस्य, समाश्रया=आधारीभूताः, शेषद्वयार्थिनः=स्थिरयमसिद्धियमद्वयार्थिनः अत्यन्तं सदुपायप्रवृत्त्या, शुश्रूषादयो गुणाः शुश्रूषाश्रवणग्रहणधारणविज्ञानोहापोह (तत्त्वाभिनिवेश) लक्षणास्तैरन्विताः युक्ताः ।।२३।।

**ટીકાર્થ :-**

प्रवृत्तचक्राः ..... युक्ताः ।। **વળી પ્રવૃત્તચક્રયોગી યમદ્વયના=ઈચ્છાયમ અને પ્રવૃત્તિયમસ્વરૂપ યમદ્વયના આશ્રયવાળા છે=આધારીભૂત છે, અને સાચા ઉપાયમાં પ્રવૃત્તિ હોવાને કારણે શેષદ્વયના અત્યંત અર્થી છે=સ્થિરયમ અને સિદ્ધિયમ એ બેના અત્યંત અર્થી છે. વળી શુશ્રૂષાદિ આઠ ગુણો=શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, વિજ્ઞાન, ઊહ, અપોહ અને તત્ત્વાભિનિવેશરૂપ બુદ્ધિના આઠ ગુણોથી અન્વિત=યુક્ત છે. ।।૨૩।।**

❖ ટીકામાં शुश्रूषाश्रवणग्रहणधारणविज्ञानोहापोह ..... પછી तत्त्वाभिनिवेश શબ્દ યોગદૃષ્ટિ શ્લોક-૨૧૨ની ટીકામાં છે, તે મુજબ હોવું જોઈએ.

**ભાવાર્થ :-**

**શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી પ્રવૃત્તચક્રયોગીનું સ્વરૂપ :-**

**(૧) ઈચ્છાયમ અને પ્રવૃત્તિયમને સેવનારા, સ્થિરયમ અને સિદ્ધિયમના અત્યંત અર્થી :-**

ઈચ્છાયમ, પ્રવૃત્તિયમ, સ્થિરયમ અને સિદ્ધિયમ એ ચાર પ્રકારના યમમાંથી પ્રવૃત્તચક્રયોગી ઈચ્છાયમને સેવી ચૂકેલા છે અને પ્રવૃત્તિયમને સેવનારા હોય છે.

જ્યાં સુધી પરિપૂર્ણ યમની પ્રવૃત્તિ ન થઈ શકે ત્યાં સુધી પાંચ પ્રકારના અહિંસાદિ યમોમાં જેઓ યત્ન કરતા હોય તે ઈચ્છાયમવાળા છે, અને તેઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસ્ત્રાનુસારી પાંચ પ્રકારના યમોનું સમ્યક્ પાલન કરનારા બને છે ત્યારે પ્રવૃત્તિયમવાળા થાય છે અને પ્રવૃત્તિયમવાળા યોગીઓ પ્રવૃત્તચક્રયોગી કહેવાય છે.

આવા પ્રકારના પ્રવૃત્તચક્રયોગીઓ સ્થિરયમ અને સિદ્ધિયમના અત્યંત અર્થી હોય છે. આથી પોતે જે યમ સેવી રહ્યા છે, તેને સમ્યગ્ સ્થિર કરવા માટે જે ઉચિત ઉપાયો છે, તેમાં પ્રવૃત્તિ કરે છે, તેથી નક્કી થાય છે કે પ્રવૃત્તચક્રયોગીઓ ઈચ્છાયમ કે પ્રવૃત્તિયમને સેવનારા હોય છે અને સ્થિરયમ અને સિદ્ધિયમના અત્યંત અર્થી હોય છે.

**(૨) શુશ્રૂષાદિ ગુણોથી યુક્ત :-**

પ્રવૃત્તચક્રયોગીઓ સદુપાયમાં પ્રવૃત્તિ કરી રહ્યા છે. આથી તેઓ સદુપાયની સમ્યક્ પ્રાપ્તિના અનન્ય ઉપાયભૂત એવા શુશ્રૂષાદિ આઠ ગુણોને ધારણ કરનારા હોય છે. તેથી ઉચિત સ્થાનેથી તત્ત્વને સાંભળીને સમ્યગ્બોધ કરીને તત્ત્વનો અભિનિવેશ કરે છે, તત્ત્વના અત્યંત અભિનિવેશથી તત્ત્વની પ્રાપ્તિના સદુપાયમાં પ્રવૃત્તિ કરે છે અને તે પ્રવૃત્તિ દ્વારા ક્રમે કરીને અવશ્ય સ્થિરયમ અને સિદ્ધિયમને પ્રાપ્ત કરશે. આવા પ્રકારના પ્રવૃત્તચક્રયોગીઓને શાસ્ત્રથી તે તે પ્રકારનો બોધ થવા દ્વારા ઉપકાર થાય છે, તેથી પ્રવૃત્તચક્રયોગી શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી છે. **॥૨૩॥**

**અવતરણિકા :-**

**શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી છે, એમ શ્લોક-૨૦માં કહ્યું અને કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીનું સ્વરૂપ શ્લોક-૨૧ થી ૨૩ સુધી બતાવ્યું. હવે શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી એવા પણ જીવોનો કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીમાં સમુચ્ચય ન થયો હોય, તેવા કેટલાક જીવો આદ્ય અવંચકયોગની પ્રાપ્તિથી શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી છે, તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

आद्यावञ्चकयोगाप्त्या तदन्यद्वयलाभिनः ।
एतेऽधिकारिणो योगप्रयोगस्येति तद्विदः ।।२४।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :–**

आद्यावञ्चकयोगाप्त्या=આદ્ય અવંચકયોગની પ્રાપ્તિથી तदन्यद्वयलाभिनः= તેનાથી અન્યદ્વયના લાભવાળા=આદ્ય અવંચકથી અન્ય એવા ક્રિયાવંચક અને ફલાવંચકનો જેમને લાભ થવાનો છે તેવા, एते=આ=યોગાવંચક જીવો योगप्रयोगस्य=યોગપ્રયોગના=અધિકૃત યોગવ્યાપારના अधिकारिणो= અધિકારીઓ છે, इति तद्विदः=એ પ્રમાણે તેના જાણનારાઓ=યોગના જાણનારાઓ કહે છે. ।।૨૪।।

**શ્લોકાર્થ :–**

**આદ્યઅવંચકયોગની પ્રાપ્તિથી આદ્ય અવંચકથી અન્ય એવા ક્રિયાવંચક અને ફલાવંચકનો જેમને લાભ થવાનો છે તેવા યોગાવંચક જીવો યોગપ્રયોગના અધિકારીઓ છે, એ પ્રમાણે યોગના જાણનારાઓ કહે છે. ।।૨૪।।**

**ટીકા :–**

आद्येति-आद्यावञ्चकयोगस्य=योगावञ्चकयोगस्य, आप्त्या=प्राप्त्या हेतुभूतया, तदन्यद्वयलाभिनः क्रियावञ्चकफलावञ्चकयोगलाभवन्तः, तदवन्ध्यभव्यतया तत्त्वतस्तेषां तल्लाभवत्त्वात्, एतेऽधिकारिणः, योगप्रयोगस्य=अधिकृतयोग-व्यापारस्य, इत्येवं तद्विदो=योगविदः, अभिदधति ।।२४।।

**ટીકાર્થ :–**

आद्यावञ्चक ..... अभिदधति ।। તદન્યદ્વયના લાભવાળા=ક્રિયાવંચક અને ફલાવંચકયોગના લાભવાળા, આ=યોગાવંચક જીવો, હેતુભૂત એવી= કારણભૂત એવી=યોગના અધિકારી થવામાં કારણભૂત એવી, આદ્ય અવંચકયોગની પ્રાપ્તિથી યોગપ્રયોગના=અધિકૃત યોગવ્યાપારના, અધિકારી છે=ઉપદેશ આપવા યોગ્ય છે, એ પ્રમાણે તેના જાણનારાઓ=યોગના જાણનારાઓ, કહે છે.

અહીં ટીકામાં કહ્યું કે ક્રિયાવંચક અને ફલાવંચકયોગના લાભવાળા યોગાવંચક જીવો યોગપ્રયોગના અધિકારી છે. ત્યાં પ્રશ્ન થાય કે જેમને હજુ આદ્ય અવંચકયોગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાપ્ત થયો છે અને ક્રિયાવંચક અને ફલાવંચક્યોગ પ્રાપ્ત થયા નથી, છતાં તે અન્ય અવંચકયોગના લાભવાળા છે=ક્રિયાવંચક અને ફલાવંચકયોગના લાભવાળા છે, તેમ કેમ કહ્યું ? તેમાં ગ્રંથકારશ્રી હેતુ કહે છે –

**तदवन्ध्य ..... तल्लाभवत्त्वात् । તેનું અવંધ્યભવ્યપણું હોવાથી=ક્રિયાવંચક અને ફલાવંચકનું અવંધ્યયોગ્યપણું હોવાથી, તત્ત્વથી તેઓને=આદ્ય અવંચક-યોગવાળાને, તેના લાભવાળાપણું=ક્રિયાવંચકયોગના અને ફલાવંચકયોગના લાભવાળાપણું છે. ॥૨૪॥**

**ભાવાર્થ :-**

**શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી એવા યોગાવંચક યોગવાળા યોગીનું સ્વરૂપ :-**

કેટલાક જીવો યોગીના કુળમાં જન્મ્યા નથી અને યોગીઓના આચાર પણ પાળતા નથી, તેથી દ્રવ્યથી કે ભાવથી કુલયોગીનું લક્ષણ તેમનામાં નથી. વળી પ્રવૃત્તચક્રયોગીની જેમ તેઓ યોગમાર્ગમાં પ્રવૃત્ત પણ નથી. તેથી શાસ્ત્રથી ઉપકાર યોગ્ય અધિકારી જીવો કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીને સ્વીકારીએ તો તેવા જીવોનો શાસ્ત્રથી ઉપકારયોગ્ય જીવોમાં સંગ્રહ થાય નહિ. આમ છતાં તેવા જીવોમાંથી કેટલાક જીવોને આદ્ય અવંચકયોગની પ્રાપ્તિ થયેલી હોય છે, અને અન્ય બે અવંચકયોગના લાભને પ્રાપ્ત કરવાની અવંધ્યયોગ્યતાને પણ તેઓ ધારણ કરનારા હોય છે. તેથી આવા જીવોને શાસ્ત્રથી ઉપકાર થઈ શકે તેમ છે. માટે તેમનો સંગ્રહ કરવા માટે અહીં કહ્યું કે આદ્ય અવંચકયોગની પ્રાપ્તિને કારણે=યોગાવંચકયોગની પ્રાપ્તિને કારણે, તેનાથી અન્યદ્વયના લાભવાળા= ક્રિયાવંચકયોગના અને ફલાવંચકયોગના લાભવાળા અવંચકયોગીઓ યોગપ્રયોગના અધિકારી છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી તો આદ્ય અવંચકયોગવાળા છે અને અન્ય બે અવંચકયોગ=ક્રિયાવંચકયોગ અને ફલાવંચકયોગને પ્રાપ્ત કરે તેવા પણ છે; કેટલાક અન્ય વળી ક્રિયાવંચકયોગ અને ફલાવંચકયોગને પણ પામેલા છે; પરંતુ તે બંનેથી અન્ય એવા ચિલાતીપુત્ર આદિ જેવા કેટલાક જીવો યોગીકુળમાં જન્મ્યા પણ નથી અને યોગીના આચારો પાળતા પણ નથી; આમ છતાં ગુણવાન યોગીને જોઈને કર્મની લઘુતાને કારણે ગુણવાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યે બહુમાન ધરાવે તેવા છે. તેવા જીવોમાં યોગાવંચકરૂપ આદ્ય અવંચકયોગની પ્રાપ્તિ છે, તેથી આવા જીવોને યોગીને જોઈને તેમના પ્રત્યે બહુમાનભાવ થાય છે, અને યોગીના સંપર્કથી તેઓને ક્રિયાવંચકયોગની અને ફલાવંચકયોગની પ્રાપ્તિ થાય તેમ છે. તેવા જીવો પણ યોગમાર્ગના ઉપદેશના અધિકારી છે, માટે શાસ્ત્રસાપેક્ષ યોગના અધિકારી છે, એ પ્રમાણે યોગના જાણનારાઓ કહે છે. **॥૨૪॥**

**શ્લોક-૨૪નો સારાંશ :-**

**-: શાસ્ત્રસાપેક્ષયોગના અધિકારી :-**

- કુલયોગી
  - દ્રવ્યથી → યોગીના કુળમાં જન્મેલા
  - ભાવથી → યોગીકુળમાં જન્મેલા કે નહિ જન્મેલા પરંતુ યોગીના આચારને અનુસરનારા.
- પ્રવૃત્તચક્રયોગી → ઈચ્છાયમને સેવી ચૂકેલા, પ્રવૃત્તિયમને સેવનારા અને સ્થિરયમ અને સિદ્ધિયમના અર્થી.
- આદ્ય અવંચકયોગી → કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીનું લક્ષણ જેમાં ન ઘટતું હોય તેવા, યોગાવંચકયોગની પ્રાપ્તિવાળા.

**અવતરણિકા :-**

**શ્લોક-૨૩માં પ્રવૃત્તચક્રયોગીનું સ્વરૂપ બતાવતાં કહ્યું કે પ્રવૃત્તચક્રયોગી ઈચ્છાયમને સેવી ચૂકેલા છે અને પ્રવૃત્તિયમને સેવનારા હોય છે અને સ્થિરયમ અને સિદ્ધિયમસ્વરૂપ શેષ બે યમના અર્થી હોય છે; અને શ્લોક-૨૪માં યોગપ્રયોગના અધિકારીનું સ્વરૂપ બતાવતાં કહ્યું કે આદ્ય અવંચકયોગની પ્રાપ્તિવાળા અને ક્રિયાવંચકયોગ અને ફલાવંચકયોગના લાભવાળા યોગપ્રયોગના અધિકારી છે. તેથી ચાર પ્રકારના યમો અને તેનું સ્વરૂપ તથા અવંચકત્રયનું સ્વરૂપ બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોક :-**

यमाश्चतुर्विधा इच्छाप्रवृत्तिस्थैर्यसिद्ध्यः ।
योगक्रियाफलाख्यं च स्मर्यतेऽवञ्चकत्रयम् ।।२५।।

**અન્વયાર્થ :-**

इच्छाप्रवृत्तिस्थैर्यसिद्धयः=ઈચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિદ્ધિરૂપ यमाश्चतुर्विधा=યમો ચાર પ્રકારના છે; योगक्रियाफलाख्यं च=અને યોગ, ક્રિયા અને ફલ નામના अवञ्चकत्रयम् स्मर्यते=અવંચકત્રય સંભળાય છે. ।।૨૫।।

**શ્લોકાર્થ :-**

**ઈચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિદ્ધિરૂપ યમો ચાર પ્રકારના છે; અને યોગ, ક્રિયા અને ફળ નામના અવંચક ત્રણ સંભળાય છે. ।।૨૫।।**

**ટીકા :-**

यमा इति-यमाश्चतुर्विधा इच्छायमाः, प्रवृत्तियमाः, स्थिरयमाः, सिद्धियमाश्च । अवञ्चकत्रयं च योगक्रियाफलाख्यं श्रूयते योगावञ्चकः क्रियावञ्चकः फलावञ्चकश्चेति ।।२५।।

**ટીકાર્થ :-**

यमाः ..... इति ।। યમ ચાર પ્રકારના છે –

(૧) ઈચ્છાયમો=અહિંસાદિ પાંચ યમો ઈચ્છારૂપ, (૨) પ્રવૃત્તિયમો=અહિંસાદિ પાંચ યમો પ્રવૃત્તિરૂપ, (૩) સ્થિરયમો=અહિંસાદિ પાંચ યમો સ્થિરતારૂપ, (૪) સિદ્ધિયમો=અહિંસાદિ પાંચ યમો સિદ્ધિરૂપ.

યોગ, ક્રિયા અને ફળ નામના અવંચકત્રય સંભળાય છે, અને તે ત્રણ નામો સ્પષ્ટ કરે છે :

(૧) યોગાવંચક, (૨) ક્રિયાવંચક અને (૩) ફલાવંચકરૂપ ત્રણ અવંચક યોગો છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિસૂચક છે. ।।૨૫।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

**ઈચ્છાદિ ચાર યમોનો અધ્યાત્માદિયોગ સાથે સંબંધ :-**

અધ્યાત્માદિ પાંચ યોગોમાંથી પ્રથમ અધ્યાત્મયોગ પ્રગટે છે, ત્યારપછી ભાવનાયોગ પ્રગટે છે, ત્યારપછી ધ્યાનયોગ પ્રગટે છે અને ધ્યાનયોગથી સમતાયોગ આવે છે. તે સર્વ ભૂમિકાઓમાં ક્રમસર ઈચ્છાદિ ચાર યમો હોય છે અને જ્યારે વૃત્તિસંક્ષય નામનો પાંચમો યોગ આવે છે ત્યારે યોગીને કેવલજ્ઞાન થાય છે, તે વખતે પાંચ મહાવ્રતોરૂપ યમો ક્ષાયિકભાવના પ્રાપ્ત થાય છે અને ૧૦મા ગુણસ્થાનક સુધી તે પાંચ મહાવ્રતો ક્ષયોપશમભાવવાળા હોય છે અને પાંચ મહાવ્રતો તરતમતાની ભૂમિકાથી ઈચ્છાદિ ચાર યમોમાં વિભક્ત છે. **॥૨૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૫માં ચાર પ્રકારના યમો અને ત્રણ પ્રકારના અવંચકયોગો ઉદ્દેશમાત્રથી બતાવ્યા. હવે તેમના સ્વરૂપનો નિર્દેશ ક્રમસર શ્લોક-૨૬ થી ૩૧માં ગ્રંથકારશ્રી બતાવે છે –**

**શ્લોક :-**

**इच्छायमो यमेष्विच्छा युता तद्वत्कथामुदा ।**
**स प्रवृत्तियमो यत्तत्पालनं शमसंयुतम् ।।२६।।**

**અન્વયાર્થ :-**

तद्वत्कथामुदा=તદ્વાનની=યમવાળાની, કથાથી થયેલી પ્રીતિથી युता=યુક્ત એવી यमेष्विच्छा=યમોમાં ઈચ્છા इच्छायमो=ઈચ્છાયમ છે. यत्=જે शमसंयुतम्=શમસંયુત तत्पालनं=તેઓનું પાલન=યમોનું પાલન, सः=તે प्रवृत्तियमः=પ્રવૃત્તિયમ છે. ॥૨૬॥

**શ્લોકાર્થ :-**

**તદ્વાનની=યમવાળાની, કથાથી થયેલી પ્રીતિથી યુક્ત એવી યમોમાં ઈચ્છા તે ઈચ્છાયમ છે. જે શમસંયુત તેઓનું=યમોનું પાલન, તે પ્રવૃત્તિયમ છે. ॥૨૬॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

**इच्छेति-तद्वतां=यमवतां, कथातो या मुत्=प्रीतिस्तया युता=सहिता, यमेष्विच्छा इच्छायम उच्यते । यत्तेषां=यमानां, पालनं शमसंयुतम्=उपशमान्वितं, स प्रवृत्तियमः, तत्पालनं चात्राविकलमभिप्रेतं, तेन न कालादिविकलतत्पालनक्षणे इच्छायमेऽतिव्याप्तिः, न च सोऽपि प्रवृत्तियम एव, केवलं तथाविधसाधुचेष्टया प्रधान इच्छायम एव, तात्त्विकपक्षपातस्यापि द्रव्यक्रियातिशायित्वात् । तदुक्तम् –**

"तात्त्विकः पक्षपातश्च भावशून्या च या क्रिया ।
अनयोरन्तरं ज्ञेयं भानुखद्योतयोरिव" ।। **(यो. दृ. स./श्लो. २२३)**

**संविग्नपाक्षिकस्य प्रवृत्तचक्रत्वानुरोधे तु प्रवृत्तियम एवायं तस्य शास्त्रयोगानियतत्वादिति नयभेदेन भावनीयम् ।।२६।।**

**ટીકાર્થ :-**

तद्वतां ..... प्रवृत्तियमः, **તદ્વાનની=યમવાળાની, કથાથી થયેલી જે મુત્=પ્રીતિ, તેનાથી* યુક્ત=સહિત, યમોમાં ઈચ્છા, ઈચ્છાયમ કહેવાય છે. શમસંયુત=ઉપશમથી અન્વિત જે તેમનું=યમોનું, પાલન તે પ્રવૃત્તિયમ છે.**

પૂર્વમાં પ્રવૃત્તિયમનું લક્ષણ કર્યું. તે લક્ષણ વિશિષ્ટ ઈચ્છાયમમાં અતિવ્યાપ્ત થાય છે. તેના નિવારણ માટે લક્ષણમાં પરિષ્કાર બતાવીને તે લક્ષણ પ્રવૃત્તિયમમાં છે અને વિશિષ્ટ ઈચ્છાયમમાં અતિવ્યાપ્ત નથી, તે ગ્રંથકારશ્રી બતાવે છે –

तत्पालनं ..... अतिव्याप्तिः, **અને અહીં=પ્રવૃત્તિયમમાં, તેમનું પાલન=યમોનું પાલન, અવિકલ અભિપ્રેત છે=શાસ્ત્રવિધિની ત્રુટિ વગરનું અભિપ્રેત છે. તે કારણથી=પ્રવૃત્તિયમમાં યમોનું પાલન અવિકલ અભિપ્રેત છે તે કારણથી, કાલાદિથી વિકલ એવા તેના=યમોના, પાલનક્ષણવાળા ઈચ્છાયમમાં અતિવ્યાપ્તિ નથી=ઈચ્છાયમમાં પ્રવૃત્તિયમના લક્ષણની અતિવ્યાપ્તિ નથી.**

અહીં કોઈ કહે કે પૂર્વમાં પ્રવૃત્તિયમના લક્ષણનો પરિષ્કાર કર્યો તે કરવાની જરૂર નથી; કેમ કે કાલાદિથી વિકલ પણ યમોનું સેવન પ્રવૃત્તિયમ જ છે, તો તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

न च ..... इच्छायम एव, **અને તે પણ=કાલાદિથી વિકલ એવું યમોનું**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પાલન પણ, પ્રવૃત્તિયમ જ છે એમ ન કહેવું. કેવલ તથાવિધસુંદર ચેષ્ટાના કારણે=શમસંયુત એવા યમના પાલનની સુંદર ચેષ્ટાને કારણે, પ્રધાન ઈચ્છાયમ જ છે.**

અહીં પ્રશ્ન થાય કે શમસંયુત કાલાદિવિકલ યમના પાલનને પ્રધાન ઈચ્છાયમ કેમ કહ્યો ? તેમાં ગ્રંથકારશ્રી હેતુ કહે છે –

तात्त्विक ..... अतिशायित्वात् । **તાત્ત્વિક પક્ષપાતનું પણ દ્રવ્યક્રિયાઓથી અતિશાયીપણું છે.**

તાત્ત્વિક પક્ષપાતનું દ્રવ્યક્રિયાઓથી અતિશાયીપણું છે, તેમાં સાક્ષી આપે છે -

तदुक्तम् - **તે=તાત્ત્વિક પક્ષપાતનું દ્રવ્યક્રિયાથી અતિશાયીપણું છે તે, કહેલું છે=યોગદૃષ્ટિ ગ્રંથ શ્લોક-૨૨૩માં કહેલું છે.**

"तात्त्विकः ..... खद्योतयोरिव" ।। "તાત્ત્વિક પક્ષપાત અને ભાવશૂન્ય જે ક્રિયા, આ બેનું સૂર્ય અને ખજુઆની જેમ અંતર જાણવું."

પૂર્વમાં કહ્યું કે પ્રવૃત્તિયમમાં શાસ્ત્રાનુસારી અવિકલ યમોનું પાલન અભિપ્રેત છે, માટે ઈચ્છાયમમાં અતિવ્યાપ્તિ આવશે નહિ. ત્યાં પ્રશ્ન થાય કે શાસ્ત્રમાં સંવિગ્નપાક્ષિકને પ્રવૃત્તચક્રયોગી કહેલા છે અને પ્રવૃત્તચક્રયોગીને પ્રવૃત્તિયમ જ હોય છે. વળી સંવિગ્નપાક્ષિકનું ચારિત્રનું પાલન અવિકલ નથી. તેથી શાસ્ત્રના વિકલ પાલનમાં પણ પ્રવૃત્તિમય સ્વીકારવો જોઈએ, અને તેમ સ્વીકારીએ તો પ્રવૃત્તિયમમાં અવિકલ પાલન અભિપ્રેત છે તે કથનનો વિરોધ આવે. તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

संविग्न ..... भावनीयम् ।। **વળી સંવિગ્નપાક્ષિકના પ્રવૃત્તચક્રપણાના અનુરોધમાં=પ્રવૃત્તચક્રત્વરૂપે સ્વીકારમાં, આ=કાલાદિથી વિકલ એવું યમનું પાલન, પ્રવૃત્તિયમ જ છે; કેમ કે તેનું=પ્રવૃત્તિયમનું, શાસ્ત્રયોગ સાથે અનિયતપણું છે, એ પ્રમાણે નયભેદથી ભાવન કરવું. ।।૨૬।।**

**ભાવાર્થ :-**

**(૧) ઈચ્છાયમનું સ્વરૂપ :-** જે જીવોને ઈચ્છાયમવાળા યોગીઓની કથામાં પ્રીતિ થાય છે અને તે પ્રીતિથી સહિત યમના પાલનની ઈચ્છા વર્તે છે અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વશક્તિ અનુસાર ઈચ્છાયમમાં યત્ન કરે છે, આમ છતાં શાસ્ત્રવિધિ મુજબ અવિકલ પાલન થતું નથી, તેવા યોગીઓના યમનું સેવન ઈચ્છાયમ છે.

**(૨) પ્રવૃત્તિયમનું સ્વરૂપ :-** જે યોગીઓ શમપરિણામથી યુક્ત છે અને શમપરિણામથી યુક્ત હોવાને કારણે અનુષ્ઠાનના પ્રારંભથી માંડીને અંત સુધી શાસ્ત્રાનુસારી સમ્યક્ પાલન કરી શકે છે, તેવા યોગીઓનું યમનું પાલન પ્રવૃત્તિયમ છે.

જે પ્રવૃત્તિચક્રયોગી પ્રવૃત્તિયમવાળા થયા, તેની પૂર્વે કાલાદિથી વિકલ યમનું પાલન ઉપશમ અન્વિત કરતા હતા. આમ છતાં કાલાદિથી વિકલ યમના પાલનની ક્ષણમાં તે યોગી ઈચ્છાયમવાળા હતા, પરંતુ પ્રવૃત્તિયમવાળા ન હતા. અને પ્રવૃત્તિયમના લક્ષણમાં શાસ્ત્રવિધિથી અવિકલ શમસાર યમનું પાલન પ્રવૃત્તિયમ છે એમ કહ્યું, તેથી તેમના ઈચ્છાયમના પાલનમાં પ્રવૃત્તિયમના લક્ષણની અતિવ્યાપ્તિ થશે નહિ.

અહીં કોઈ કહે કે પ્રવૃત્તચક્રયોગી પ્રવૃત્તચક્ર બન્યા તે પૂર્વેના તેમના કાલાદિથી વિકલ છતાં ઉપશમ અન્વિત યમના પાલનક્ષણવાળા યમને ઈચ્છાયમ ન માનીએ, અને પ્રવૃત્તિયમ માનીએ તો શું વાંધો છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે --

કાલાદિથી વિકલ યમોના પાલનક્ષણવાળો ઉપશમ અન્વિત યમ પ્રવૃત્તિયમ જ નથી, કેવલ પ્રવૃત્તિયમનું કારણ બને તેવી સુંદર ચેષ્ટા હોવાને કારણે પ્રધાન ઈચ્છાયમ જ છે.

અહીં પ્રશ્ન થાય કે કાલાદિથી વિકલ ઉપશમ અન્વિત યમના પાલનને પ્રધાન ઈચ્છાયમ છે, એમ કેમ કહ્યું ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

તાત્ત્વિક પક્ષપાતનું પણ દ્રવ્યક્રિયાથી અતિશયપણું છે. તેથી જેઓ માત્ર દ્રવ્યક્રિયા કરે છે, તેઓમાં જે શુભભાવ છે, તેના કરતાં દ્રવ્યક્રિયા નહિ કરનારા છતાં તાત્ત્વિક ક્રિયાના પક્ષપાતી જીવોમાં વર્તતો તાત્ત્વિક પક્ષપાત શ્રેષ્ઠ છે; અને જે જીવો પરિપૂર્ણ વિધિશુદ્ધ ક્રિયા કરવાના પક્ષપાતરૂપ તાત્ત્વિક ક્રિયાના પક્ષપાતવાળા છે, અને કાંઈક ત્રુટિત પણ ઈચ્છાયમને સેવી રહ્યા છે, તેઓનું ઈચ્છાયમનું સેવન તાત્ત્વિક પક્ષપાતરહિત યમના સેવનવાળા કરતાં પ્રધાન ઈચ્છાયમના સેવનરૂપ છે; અને વિધિશુદ્ધ કરવાના પક્ષપાત વગરના જીવો જે યમોનું સેવન કરે છે, તે યમોનું સેવન દ્રવ્યક્રિયામાત્રરૂપ છે, તેથી કાલાદિથી વિકલ પરંતુ તાત્ત્વિક પક્ષપાતયુક્ત એવા યમોનું પાલન પ્રવૃત્તિયમ નથી, પરંતુ પ્રધાન ઈચ્છાયમ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં પ્રશ્ન થાય કે શાસ્ત્રમાં સંવિગ્નપાક્ષિકને કેટલાક આચાર્યો પ્રવૃત્તચક્રયોગી કહે છે. તેથી સંવિગ્નપાક્ષિકને પ્રવૃત્તચક્રયોગી સ્વીકારીએ તો તેના યમોના સેવનને પ્રવૃત્તિયમ જ કહેવો પડે; કેમ કે પ્રવૃત્તચક્રયોગી ઈચ્છાયમને સેવી ચૂકેલા છે અને પ્રવૃત્તિયમને સેવનારા છે. તેથી સંવિગ્નપાક્ષિકને પ્રવૃત્તચક્ર સ્વીકારનારના મત પ્રમાણે સંવિગ્નપાક્ષિકની યમના સેવનની આચરણાને પ્રવૃત્તિયમરૂપે માનવી પડે; અને સંવિગ્નપાક્ષિકની યમની આચરણા શાસ્ત્રના સર્વ અંગોથી અવિકલ નથી. તેથી તેમના પ્રવૃત્તિયમને શાસ્ત્રના અવિકલ પાલનરૂપે સ્વીકારી શકાય નહિ. તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રી કહે છે –

જે આચાર્યો સંવિગ્નપાક્ષિકને પ્રવૃત્તચક્રયોગી કહે છે, તેમના મતાનુસાર કાલાદિથી વિકલ યમનું પાલન પણ પ્રવૃત્તિયમ જ છે, અને તે મત પ્રમાણે પ્રવૃત્તિયમનું શાસ્ત્રયોગ સાથે નિયત નથી, પરંતુ અનિયત છે, એ પ્રમાણે અર્થ પ્રાપ્ત થાય છે; અર્થાત્ પ્રવૃત્તિયમવાળા કેટલાક યોગીઓ શાસ્ત્રયોગ પ્રમાણે પ્રવૃત્તિયમનું પાલન કરનારા હોય છે, અને કેટલાક યોગીઓ શાસ્ત્રાનુસારી પાલન કરવાની બલવાન ઈચ્છાવાળા હોવા છતાં કાંઈક ત્રુટિત શાસ્ત્રાનુસારી પાલન કરે છે, તેઓને પણ પ્રવૃત્તિયમ છે.

વળી પૂર્વમાં કાલાદિ વિકલ પણ શમસાર યમના પાલનને પ્રધાન ઈચ્છાયમ કહ્યો અને અન્ય આચાર્યો સંવિગ્નપાક્ષિકના શમસાર યમના પાલનને પ્રવૃત્તિયમ સ્વીકારે છે, એમ જે ગ્રંથકારશ્રીએ કહ્યું તે કથનનું નયભેદથી ભાવન કરવું.

આનાથી એ ફલિત થાય છે કે એક નય પ્રમાણે શાસ્ત્રયોગની સાથે નિયત યોગ હોય તે પ્રવૃત્તિયમ છે. તેથી શાસ્ત્રાનુસારી શમસાર અવિકલ યમના પાલનને પ્રવૃત્તિયમ કહી શકાય, અન્યને નહિ; અને બીજા નયથી શાસ્ત્રાનુસારી શમસાર અવિકલ યમોનું પાલન હોય તો તે પ્રવૃત્તિયમ જ છે, પરંતુ શાસ્ત્રાનુસારી પાલનની બલવાન ઈચ્છાવાળા છતાં કાંઈક ત્રુટિથી શાસ્ત્રાનુસારી યમની પ્રવૃત્તિ કરે છે, તેવા યોગીઓનું ત્રુટિત પણ શમસાર યમનું પાલન પ્રવૃત્તિયમ જ છે. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૬માં ઈચ્છાયમ અને પ્રવૃત્તિયમનું સ્વરૂપ બતાવ્યું. હવે સ્થિરયમનું સ્વરૂપ ગ્રંથકારશ્રી બતાવે છે –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્લોક :-

सत्क्षयोपशमोत्कर्षादतिचारादिचिन्तया ।
रहिता यमसेवा तु तृतीयो यम उच्यते ।।२७।।

અન્વયાર્થ :-

सत्क्षयोपशमोत्कर्षात्=સત્ ક્ષયોપશમના ઉત્કર્ષથી=વિશિષ્ટ ક્ષયોપશમના ઉત્કર્ષથી अतिचारादिचिन्तया रहिता=અતિચારાદિ ચિંતાથી રહિત यमसेवा= યમની સેવા=યમનું સેવન, तु=વળી तृतीयो यम उच्यते=ત્રીજો યમ=સ્થિરયમ કહેવાય છે. ।।૨૭।।

શ્લોકાર્થ :-

**સત્ ક્ષયોપશમના ઉત્કર્ષથી અતિચારાદિ ચિંતાથી રહિત યમનું સેવન, વળી સ્થિરયમ કહેવાય છે. ।।૨૭।।**

ટીકા :-

सदिति-सतो=विशिष्टस्य क्षयोपशमस्योत्कर्षाद्=उद्रेकाद्, अतिचारादीनां चिन्तया रहिता, तदभावस्यैव विनिश्चयात्, यमसेवा तु तृतीयो यमः=स्थिरयमः, उच्यते ।।२७।।

ટીકાર્થ :-

सतो ..... उच्यते ।। સત્ ક્ષયોપશમના=વિશિષ્ટ ક્ષયોપશમના ઉત્કર્ષથી= ઉદ્રેકથી, અતિચારાદિની ચિંતાથી રહિત યમનું સેવન, ત્રીજો યમ=સ્થિર યમ, કહેવાય છે.

અહીં પ્રશ્ન થાય કે ત્રીજા યમમાં અતિચારાદિની ચિંતા કેમ નથી ? તેથી કહે છે –

અતિચારના અભાવનો જ વિનિશ્ચય છે. ।।૨૭।।

ભાવાર્થ :-

(૩) **સ્થિરયમનું સ્વરૂપ :-** જે સાધક અત્યંત ઉપશમ પરિણામથી યુક્ત છે અને તેના કારણે ક્રિયાના પ્રારંભથી નિષ્ઠા સુધી ચિત્ત ઉપશાંત હોવાને કારણે પૂર્ણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસ્ત્રવિધિ અનુસાર યમનું પાલન કરે છે, તેવા પણ યોગીને અનાભોગથી સૂક્ષ્મ અતિચાર લાગવાનો સંભવ રહે છે, કે બાધક સામગ્રીથી સ્ખલના થવાનો સંભવ રહે છે; તેથી તેઓ યમના પાલનમાં ક્યાંય અતિચાર ન લાગે એ પ્રકારના ઉપયોગથી યમના પાલનમાં યત્ન કરતા હોય છે. તેવા યોગીઓ શાસ્ત્રાનુસારી યમનું પાલન કરી કરીને યમવિષયક વિશિષ્ટ ક્ષયોપશમભાવને પ્રાપ્ત કરે છે ત્યારે, યમના પાલનમાં પ્રતિબંધક કર્મોનો વિશિષ્ટ ક્ષયોપશમભાવ થયેલો હોવાને કારણે, યમના સેવનમાં અતિચારની સંભાવના રહેતી નથી. તેથી તેઓ અતિચારની ચિંતાથી રહિત યમનું સેવન કરે છે, તે સ્થિરયમ છે.

વસ્તુતઃ અનુષ્ઠાન સેવનાર યોગી અનુષ્ઠાનમાં અતિચાર ન લાગે તેવી ચિંતા કરે નહિ તો તેમનું અનુષ્ઠાન અતિચારથી નિરપેક્ષ પરિણામવાળું હોવાને કારણે અસાર બને છે. તેથી યોગીએ અનુષ્ઠાનમાં અતિચાર ન લાગે તેની ચિંતા કરવી જોઈએ. અતિચારની ચિંતા એ જીવમાં પ્રગટેલો ગુણવિશેષ છે, જે અનુષ્ઠાનની સમ્યગ્ નિષ્પત્તિનું કારણ છે. અતિચારની ચિંતાવાળા યોગીઓ અનુષ્ઠાનમાં અતિચાર ન લાગે તેવો યત્ન કરે છે, અને ક્વચિત્ અતિચાર લાગી જાય તોપણ શુદ્ધિ માટે યત્ન કરે છે; પરંતુ સ્થિરયમવાળા યોગીઓને તો અતિચારનો જ સંભવ નથી. માટે અતિચારની ચિંતા નથી. તેથી સ્થિરયમવાળાને અતિચારની ચિંતાનો અભાવ દોષરૂપ નથી, પરંતુ ગુણરૂપ છે; અને જેઓ સ્થિરયમવાળા નથી, તેઓ અતિચારની ચિંતા ન કરે તે દોષરૂપ છે. **॥૨૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૬માં ઈચ્છાયમ અને પ્રવૃત્તિયમનું સ્વરૂપ બતાવ્યું. ત્યારપછી શ્લોક-૨૭માં સ્થિરયમનું સ્વરૂપ બતાવ્યું, હવે સિદ્ધિયમનું સ્વરૂપ ગ્રંથકારશ્રી બતાવે છે -**

**શ્લોક :-**

**परार्थसाधिका त्वेषा सिद्धिः शुद्धान्तरात्मनः ।**
**अचिन्त्यशक्तियोगेन चतुर्थो यम उच्यते ।।२८।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

अचिन्त्यशक्तियोगेन=અચિંત્ય શક્તિના યોગને કારણે शुद्धान्तरात्मनः=શુદ્ધ અંતરાત્માવાળા યોગીઓને परार्थसाधिका=પરાર્થને સાધનારી तु=વળી एषा= આ=યમની સેવા=યમનું સેવન, सिद्धिः चतुर्थो यम उच्यते=સિદ્ધિરૂપ ચોથો યમ કહેવાય છે. ॥૨૮॥

**શ્લોકાર્થ :-**

**અચિંત્ય શક્તિના યોગને કારણે શુદ્ધ અંતરાત્માવાળા યોગીઓને પરાર્થને સાધનારી વળી આ=યમની સેવા, સિદ્ધિરૂપ ચોથો યમ કહેવાય છે. ॥૨૮॥**

**ટીકા :-**

परार्थेति-परार्थसाधिका स्वसन्निधौ परस्य वैरत्यागादिकारिणी तु एषा=यमसेवा, सिद्धिः, शुद्धः=क्षीणमलतया निर्मलोऽन्तरात्मा यस्य, अचिन्त्यायाः=अनिर्वचनीयायाः शक्तेः=स्ववीर्योल्लासरूपाया योगेन चतुर्थो यम उच्यते ॥२८॥

**ટીકાર્થ :-**

परार्थसाधिका ..... उच्यते ॥ **સ્વસંનિધિમાં પરના વૈરત્યાગાદિને કરનારી એવી પરાર્થસાધિકા યમની સેવા=યમનું સેવન, સિદ્ધિ છે.**

આવા પ્રકારની યમની સેવા=યમનું સેવન, કોને હોય છે ? તે બતાવવા કહે છે -

**શુદ્ધ=ક્ષીણમલપણું હોવાને કારણે નિર્મળ અંતરાત્માવાળા યોગીને આવા પ્રકારની યમની સેવા=યમનું સેવન, હોય છે, એમ અન્વય છે.**

• શાના કારણે આવી યમની સેવા=આવું યમનું સેવન, થાય છે ? તેથી કહે છે -

**અચિંત્ય=અનિર્વચનીય, સ્વવીર્યોલ્લાસરૂપ શક્તિના યોગને કારણે આવી યમની સેવા=યમનું સેવન, યોગીને થાય છે, અને એ ચોથો યમ= સિદ્ધિયમ કહેવાય છે. ॥૨૮॥**

**ભાવાર્થ :-**

(૪) **સિદ્ધિયમનું સ્વરૂપ :-** સ્થિરયમને સેવીને યોગીમાં સ્વવીર્યોલ્લાસરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અચિંત્ય શક્તિ પ્રગટે છે ત્યારે તેમના યમનું સેવન સિદ્ધિયમરૂપ બને છે, અને તે વખતે ક્ષીણમલપણાને કારણે નિર્મળ ચિત્તવાળા એવા તે યોગીને તેમના સાંનિધ્યમાં આવનાર બીજાને વૈરત્યાગાદિ કરાવે તેવા યમનું સેવન પ્રાપ્ત થાય છે, તે સિદ્ધિયમસ્વરૂપ છે.

અહીં વૈરત્યાગાદિમાં 'આદિ' પદથી અહિંસાયમ સિદ્ધ થયેલા યોગીના સાંનિધ્યમાં હિંસાશીલ જીવોમાં વૈરત્યાગ થાય છે, તેમ સિદ્ધ સત્યયમવાળા યોગીના સાંનિધ્યમાં અસત્યપ્રિય સ્વભાવવાળા જીવો પણ અસત્ય બોલવા સમર્થ નથી, તેનું ગ્રહણ કરવું. **॥૨૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૫ના ઉત્તરાર્ધમાં કહેલ કે યોગ, ક્રિયા અને ફળ નામના અવંચકત્રય સંભળાય છે. તેથી તે અવંચકત્રયને બતાવવા અર્થે પ્રથમ યોગાવંચકનું સ્વરૂપ ગ્રંથકારશ્રી બતાવે છે –**

**શ્લોક :-**

सद्भिः कल्याणसम्पन्नैर्दर्शनादपि पावनैः ।
तथादर्शनतो योग आद्यावञ्चक उच्यते ।।२९।।

**અન્વયાર્થ :-**

दर्शनादपि पावनैः=**દર્શનથી પણ પવિત્ર** कल्याणसम्पन्नैः=**કલ્યાણસંપન્ન એવા** सद्भिः=**ઉત્તમ પુરુષોની સાથે** तथादर्शनतो=**તે પ્રકારના દર્શનથી=ગુણવાનપણારૂપે દર્શનથી,** योगः=**સંબંધ** आद्यावञ्चकः=**આદ્ય અવંચક=યોગાવંચક** उच्यते=**કહેવાય છે. ॥૨૯॥**

**શ્લોકાર્થ :-**

**દર્શનથી પણ પવિત્ર, કલ્યાણસંપન્ન એવા ઉત્તમ પુરુષોની સાથે ગુણવાનપણારૂપે દર્શનથી સંબંધ, આદ્ય અવંચક=યોગાવંચક, કહેવાય છે. ॥૨૯॥**

**ટીકા :-**

सद्भिरिति-सद्भिः=उत्तमैः, कल्याणसम्पन्नैः=विशिष्टपुण्यवद्भिः, दर्शनादपि=

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अवलोकनादपि, पावनैः=पवित्रैः, तथा तेन प्रकारेण गुणवत्तयेत्यर्थः दर्शनतो योगः= सम्बन्धः, आद्यावञ्चकः=सद्योगावञ्चकः, (उच्यते=) इष्यते ।।२९।।

**ટીકાર્થ :-**

सद्भिः ..... (उच्यते) इष्यते ।। **દર્શનથી પણ=અવલોકનથી પણ, પાવન= પવિત્ર, કલ્યાણથી સંપન્ન પુરુષો સાથે=વિશિષ્ટ પુણ્યવાળા ઉત્તમ પુરુષો સાથે, તે પ્રકારે=ગુણવાનપણારૂપે, દર્શનથી યોગ=સંબંધ, આદ્ય અવંચક= સદ્યોગાવંચક, ઈચ્છાય છે=સત્પુરુષોનો યોગ અવંચક ઈચ્છાય છે. ।।૨૯।।**

**ભાવાર્થ :-**

**(૧) યોગાવંચકયોગનું સ્વરૂપ :-** જે જીવો વિશિષ્ટ પ્રકારના પુણ્યવાળા છે, તે જીવોને ભવથી વિરક્તભાવ થાય છે, તેથી ભવના ઉચ્છેદ અર્થે સંયમ ગ્રહણ કરે છે, ત્યારે નિર્લેપતાનું પરમસુખ અનુભવે છે અને તે વખતે તેઓનું વિશિષ્ટ પુણ્ય પરિપાકમાં વર્તતું હોય છે એવા જીવો કલ્યાણની પરંપરાને પામેલા છે. આવા પ્રકારના ઉત્તમ જીવો આચારથી તો પવિત્ર છે, પરંતુ અવલોકનમાત્રથી પણ પવિત્ર છે અને આવા પવિત્ર જીવોની સાથે ગુણવાનરૂપે દર્શનથી સંબંધ થાય તે આદ્ય યોગાવંચકયોગ છે.

આશય એ છે કે જીવને સંસારમાં અનંતી વખત તીર્થંકરાદિનો યોગ થયો, પરંતુ તેવા ઉત્તમ પુરુષોનો યોગ પણ ગુણને અભિમુખ થવાનું કારણ બન્યો નહિ, તેનું કારણ જીવમાં તેવા પ્રકારની ભાવમલની અધિકતા હતી, જેના કારણે ઉત્તમ પુરુષોમાં વર્તતા ગુણોને ગુણરૂપે જોવાની નિર્મળ પ્રજ્ઞા જીવમાં પ્રગટી ન હતી; પરંતુ જ્યારે જીવમાં ભાવમલ અલ્પ થાય છે ત્યારે જીવ ગુણવાન પુરુષને ગુણવાનરૂપે જુએ છે, અને ગુણવાન પુરુષોના દર્શનથી ગુણવાનના ગુણોને અભિમુખ ભાવવાળો થાય છે. આ પ્રકારે જીવમાં ગુણવાનને જોઈ તેમને અભિમુખ ભાવ થાય છે ત્યારે તે સત્પુરુષોનો યોગ જીવને અવંચક થયો કહેવાય. **॥૨૯॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૯માં યોગાવંચકયોગનું સ્વરૂપ બતાવ્યું. હવે ક્રમપ્રાપ્ત ક્રિયાવંચક- યોગનું સ્વરૂપ બતાવે છે –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોક :-**

तेषामेव प्रणामादिक्रियानियम इत्यलम् ।
क्रियावञ्चकयोगः स्यान्महापापक्षयोदयः ।।३०।।

**અન્વયાર્થ :-**

तेषामेव=તેઓને જ=સંતોને જ अलम्=અત્યંત प्रणामादिक्रियानियमः= પ્રણામાદિ ક્રિયાનો નિયમ इति=એ महापापक्षयोदयः=મહાપાપના ક્ષયના ઉદયવાળો=ઉત્પત્તિવાળો, क्रियावञ्चकयोगः=ક્રિયાવંચકયોગ છે. ।।૩૦।।

**શ્લોકાર્થ :-**

**સંતોને જ અત્યંત પ્રણામાદિ ક્રિયાનો નિયમ એ મહાપાપના ક્ષયની ઉત્પત્તિવાળો ક્રિયાવંચકયોગ છે. ।।૩૦।।**

**ટીકા :-**

तेषामेवेति-तेषामेव=सतामेव, प्रणामादिक्रियानियम इत्यलं क्रियावञ्चकयोग स्यात्, महापापक्षयस्य=नीचैर्गोत्रकर्मक्षयस्य, उदयः=उत्पत्तिः, यस्मात स तथा ।।३०।।

**ટીકાર્થ :-**

तेषामेव ..... तथा ।। તેઓને જ=સંતોને જ, અત્યંત પ્રણામાદિ કરવાના નિયમ, મહાપાપના ક્ષયનો=નીચગોત્રકર્મના ક્ષયનો, ઉદય=ઉત્પત્તિ, છે જેનાથી તેવો અર્થાત્ મહાપાપના ક્ષયની ઉત્પત્તિવાળો, इति=એ ક્રિયાવંચકયોગ છે. ।।૩૦।।

❖ 'प्रणामादिक्रियानियमः' અહીં 'प्रणामादि' માં 'आदि' શબ્દથી પૂજન, સત્કારાદિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**(૨) ક્રિયાવંચકયોગનું સ્વરૂપ :-** ગુણવાનને ગુણવાનરૂપે જોયા પછી તેઓના ગુણ પ્રત્યેના અત્યંત બહુમાનને કારણે તેમના પ્રત્યેના અત્યંત બહુમાનથી ઉપયુક્ત થઈને કરાતી પ્રણામાદિ ક્રિયાઓ નીચગોત્રકર્મરૂપ મહાપાપના ક્ષયને કરનારી હોય છે, અને આવી પ્રણામાદિ ક્રિયાઓ કલ્યાણની પરંપરાનું કારણ બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી આ પ્રણામાદિની ક્રિયા જીવ માટે ક્રિયાવંચકયોગરૂપ બને છે.

અહીં 'પ્રણામાદિ ક્રિયાનો નિયમ' એમ કહ્યું, તેનાથી એ પ્રાપ્ત થાય કે ઉત્તમ પુરુષોને અત્યંત નિયંત્રણપૂર્વક પ્રણામાદિ કરવા તે ક્રિયાવંચકયોગ છે, પરંતુ પ્રણામાદિની પ્રતિજ્ઞા માત્ર કરીને પ્રણામાદિ ક્રિયા કરે તે ક્રિયાવંચકયોગ નથી. પોતાના આત્મા ઉપર અત્યંત નિયંત્રણપૂર્વક ગુણવાનના ગુણો તરફ જવા માટે અભિમુખ એવી પ્રણામાદિની ક્રિયા નીચગોત્રાદિ કર્મોનો ક્ષય કરે છે. તેથી યોગીને ઉત્તમ કુળ, ઉત્તમ જાતિ આદિની પ્રાપ્તિ થાય છે. તેથી તે યોગી ઉત્તમ કુળ, ઉત્તમ જાતિ આદિના બળથી યોગમાર્ગમાં સમ્યક્ પ્રવૃત્તિ કરવા માટે સમર્થ બને છે. ઋષભદેવ ભગવાનની પરંપરામાં આવનારા યોગીઓ પ્રાયઃ કરીને આવા ગુણોથી જ ચરમશરીરી હતા. **॥૩૦॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૯માં યોગાવંચકયોગનું સ્વરૂપ બતાવ્યું. ત્યારપછી શ્લોક-૩૦માં ક્રિયાવંચકયોગનું સ્વરૂપ બતાવ્યું. હવે ક્રમપ્રાપ્ત ફલાવંચકયોગનું સ્વરૂપ ગ્રંથકારશ્રી બતાવે છે –**

**શ્લોક :-**

फलावञ्चकयोगस्तु सद्भ्य एव नियोगतः ।
सानुबन्धफलावाप्तिर्धर्मसिद्धौ सतां मता ।।३१।।

**અન્વયાર્થ :-**

**तु=વળી सद्भ्य एव=ઉત્તમ પુરુષો પાસેથી જ=પૂર્વમાં વર્ણન કરાયેલા ઉત્તમ પુરુષો પાસેથી જ, धर्मसिद्धौ=ધર્મની સિદ્ધિના વિષયમાં नियोगतः=નિયોગથી=અવશ્યપણાથી, सानुबन्धफलावाप्तिः=સાનુબંધ ફળની પ્રાપ્તિ** फलावञ्चकयोगः=ફલાવંચકયોગ सतांमता=સંતોને માન્ય છે. ॥૩૧॥

**શ્લોકાર્થ :-**

**ઉત્તમ પુરુષો પાસેથી જ ધર્મની સિદ્ધિના વિષયમાં અવશ્યપણાથી સાનુબંધ ફળની પ્રાપ્તિ ફલાવંચકયોગ સંતોને માન્ય છે. ॥૩૧॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

फलेति-फलावञ्चकयोगस्तु सद्भ्य एवानन्तरोदितेभ्यो नियोगतः=अवश्यभावेन, सानुबन्धस्य=उत्तरोत्तरवृद्धिमतः फलस्य, अवाप्तिः तथा सदुपदेशादिना धर्मसिद्धौ विषये सतां मता ।।३१।।

**ટીકાર્થ :-**

फलावञ्चकयोगस्तु ..... मता ।। **વળી અનંતર કહેવાયેલા=શ્લોક-૨૯માં કહેવાયેલા, સત્પુરુષો પાસેથી જ નિયોગથી=અવશ્યંભાવથી, તે પ્રકારના સદુપદેશાદિ દ્વારા=શ્રોતાની ભૂમિકાને અનુરૂપ સદુપદેશાદિ દ્વારા, ધર્મસિદ્ધિના વિષયમાં સાનુબંધ ફળની અવાપ્તિ=ઉત્તરોત્તર વૃદ્ધિવાળી એવી સાનુબંધ ફળની પ્રાપ્તિ, સંતોને ફલાવંચકયોગ માન્ય છે. ।।૩૧।।**

**ભાવાર્થ :-**

(૩) **ફલાવંચકયોગનું સ્વરૂપ :-** ઉત્તમ પુરુષોનો યોગ થયા પછી ઉત્તમ પુરુષો પ્રત્યેની અત્યંત ભક્તિથી અને શક્તિના પ્રકર્ષથી યોગી ઉત્તમ પુરુષોને પ્રણામાદિ ક્રિયા કરતા હોય ત્યારે ક્રિયાવંચકયોગ પ્રાપ્ત થાય છે અને તે યોગી જ્યારે ઉત્તમ પુરુષો પાસેથી તત્ત્વપ્રાપ્તિ અર્થે અત્યંત અભિમુખ ભાવપૂર્વક તત્ત્વ સાંભળવા બેસે ત્યારે તે યોગીમાં ફલાવંચકયોગને અનુકૂળ નિર્મળતા વર્તતી હોય તો, શક્તિના પ્રકર્ષથી તત્ત્વ સાંભળવા પ્રયત્ન કરે છે; અને ઉત્તમ પુરુષના સદુપદેશાદિ દ્વારા આવા યોગીને ઉત્તરોત્તર વૃદ્ધિ થાય તેવા તત્ત્વના પરિણમનરૂપ ફળની પ્રાપ્તિ થાય છે. તે તત્ત્વના પરિણમનરૂપ ફળની પ્રાપ્તિ ફલાવંચકયોગ છે=ઉત્તમ પુરુષોના યોગથી પ્રાપ્ત થયેલ ઉપદેશના પરિણમનરૂપ ફળ અવંચકપણું પ્રાપ્ત થાય છે. **॥૩૧॥**

**અવતરણિકા :-**

**યોગવિવેકબત્રીશીનું નિગમન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**इत्थं योगविवेकस्य विज्ञानाद् वान्तकल्मषः ।**
**यतमाना यथाशक्ति परमानन्दमश्नुते ।।३२।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

इत्थं=આ પ્રકારના=પૂર્વ બત્રીશીમાં અધ્યાત્માદિ યોગોના જ અન્ય અન્ય પ્રકારના વિભાગો પ્રસ્તુત બત્રીશીમાં બતાવ્યા એ પ્રકારના, योगविवेकस्य= યોગના ભેદના विज्ञानाद्=વિજ્ઞાનથી वान्तकल्मषः=વમન કરાયેલ પાપવાળા, यथाशक्ति=શક્તિ અનુસાર यतमाना=યત્ન કરતા परमानन्दम्=પરમાનંદને अश्नुते=પામે છે. ।।૩૨।।

**શ્લોકાર્થ :-**

**અધ્યાત્માદિ યોગના પાંચ ભેદોના અન્ય અન્ય પ્રકારના વિભાગો પ્રસ્તુત બત્રીશીમાં બતાવ્યા, એ પ્રકારના યોગના ભેદના વિજ્ઞાનથી વમન કરાયેલ પાપવાળા, શક્તિ અનુસાર યત્ન કરતા પરમાનંદને પામે છે. ।।૩૨।।**

**ટીકા :-**

इत्थमिति - स्पष्टः ।।३२।।

**શ્લોકાર્થ સ્પષ્ટ હોવાથી ગ્રંથકારશ્રીએ તેની ટીકા કરેલ નથી. ।।૩૨।।**

**ભાવાર્થ :-**

૧૮મી યોગભેદબત્રીશીમાં અધ્યાત્માદિ પાંચ યોગના ભેદો બતાવ્યા. તે યોગભેદોનો વિવેક કરવા અર્થે જુદા જુદા પ્રકારે યોગના ભેદોને પ્રસ્તુત બત્રીશીમાં બતાવીને ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી વિવેચન કર્યું, તેથી યોગના અર્થી જીવને પ્રસ્તુત બત્રીશીથી યોગના વિવેકનું વિજ્ઞાન થાય તો યોગમાર્ગનો પક્ષપાત વધે, જેથી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવામાં પ્રતિબંધક એવાં ક્લિષ્ટકર્મોનું વમન થાય, અને એવાં કર્મોનું વમન થવાથી જીવ સ્વશક્તિ અનુસાર યોગમાર્ગમાં યત્ન કરે તો તેવા યતમાન યોગી ઉત્તરોત્તર અધિક અધિક યોગમાર્ગને પામીને પરમાનંદને= મોક્ષને, પ્રાપ્ત કરે છે. **।।૩૨।।**

इति योगविवेकद्वात्रिंशिका ।।१९।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"इत्थं योगविवेकस्य,
विज्ञानाद्वान्तकल्मषः ।
यतमाना यथाशक्ति;
परमानन्दमश्नुते ॥"

"અધ્યાત્માદિ યોગના પાંચ ભેદો તેમ જ
અન્ય અન્ય યોગના વિભાગો બતાવ્યા,
એ પ્રકારના યોગના વિજ્ઞાનથી
વમન કરાયેલ પાપવાળા,
શક્તિ અનુસાર યત્ન કરતા સાધક
યોગી પરમાનંદને પામે છે."

: પ્રકાશક :

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧
E-mail : gitarthganga@yahoo.co.in

: મુદ્રક :
સૂર્યા ઓફસેટ
આંબલીગામ, સેટેલાઇટ-બોપલ રોડ, અમદાવાદ-૩૮૦૦૫૮.
ફોન : (૦૨૭૧૭) ૨૩૦૩૬૬, ૨૩૦૧૧૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org